# શ્રી દેવીમા પ્રેરિત
# શ્રી ઉપાસના










વર્ષ-૭ અંક (૩) ૩૯ સપ્ટેમ્બર-ઓક્ટોબર :



# "શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના"


આનંદધામ, ૨૪, આનંદપાર્ક, કડી-૩૮૨ ૭૧૫
ફોન : (કોડ નં.૦૨૭૬૪) ૪૨૦૬૭, ૬૩૨૩૫

આદ્યસ્થાપક :
શ્રીદેવીબા -
શ્રી શિવગુરુજી

તંત્રી : શ્રી જીવણભાઈ એમ. પટેલ
સહતંત્રી : શ્રી રમેશભાઈ ત્રિવેદી
સહતંત્રી : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

વર્ષ : ૭ અંક : ૩ સળંગ અંક : ૩૯ સપ્ટેમ્બર-ઓક્ટોબર: ૧૯૯૯



: સંપાદક મંડળ :

સંપાદક : ડૉ.શ્રી અશોકભાઈ પી. નાયક
શ્રી મણિલાલ આ. નાયક

સહસંપાદક : શ્રી રસિકભાઈ મ. નાયક
શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી
શાસ્ત્રી શ્રી ચંદ્રશંકર પંડ્યા
શ્રી કિરીટભાઈ વ્હોરા
ડૉ. શ્રી પંકજ પટેલ

સંપાદન સલાહકાર :
શ્રી ડૉ. અરૂણોદયભાઈ જાની
શ્રી પ્રો. રતિલાલ સાં. નાયક
શ્રી યશવંત કડીકર
ડૉ. પ્રજ્ઞાબેન શાહ

આવરણ : શ્રી બાબુભાઈ પટેલ



લવાજમ : (ભારત)

રૂા. ૧૦૦/- (વાર્ષિક)
રૂા. ૧૦૦૦/- (આજીવન)

| | | |
|---|---|---|
| વાર્ષિક | પાઉન્ડ | ૧૦ |
| | ડોલર | ૧૫ |
| પાંચ વર્ષ | પાઉન્ડ | ૪૦ |
| | ડોલર | ૬૦ |
| આજીવન | પાઉન્ડ | ૧૦૦ |
| | ડોલર | ૧૫૦ |

છૂટક નકલ રૂા. ૨૦/-
લવાજમ રોકડા / ચેક-ડ્રાફ્ટ તથા
એમ.ઓ.થી. સ્વીકારાય છે.

: માલિક અને પ્રકાશક :
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રીવિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,
આનંદધામ, ૨૪-આનંદપાર્ક સોસાયટી, કડી.

મુદ્રક : શ્રી ભદ્રેશ આર. પટેલ
સાબર પ્રિન્ટર્સ
અમદાવાદ ફોન : ૫૬૨૨૫૯૬


## મંગલાચરણ...

✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

### "ષટ્શક્તિ"

મહેશ્વર કેવળ પરાશક્તિ દ્વારા જ પ્રકાશિત-દશ્યમાન-થાય છે. શક્તિ વગરના શિવ શબ સમાન-અચેત જ છે. મોટામોટા તપસ્વી ઋષિઓ પણ આ મહાવિદ્યારૂપ શક્તિના અવલંબન વગર મહેશ્વરનું દર્શન કરી શકતા નથી કે તેમને મેળવી શકતા નથી. પરાશક્તિ જ મહેશ્વરનું દિવ્ય જ્યોતિસ્વરૂપ છે. આદ્ય શંકરાચાર્યજીએ સૌંદર્ય-લહરીમાં **'त्वया हृत्वा वामं वपुरपरितृप्तेन मनसा..... शरीरार्द्ध शम्भोः ।'** (સૌં.લ.૨૩) અર્થાત્ (તેનું સમશ્લોકી ભાષાંતર) -

**હરી લૈ ને ડાબું તન શિવતણું તૃપ્તિ ન થતાં,**
**હરી લીધું તેંતો અવર પણ ! શંકા દૃઢ થતી;**
**દિસે તેથી તારું સ્વરૂપ અરુણાભ ત્રિનયની,**
**કુચોથી લ્હેકંતુ શશિ-શકલ-શોભેલ મુકુટી. (૨૩)**

મહામહોપાધ્યાય શ્રી ભવાનીશંકરજી કહે છે, આ જ શક્તિને ગાયત્રી કહે છે. અર્થાત **'गायन्तं त्रायते इति गायत्री'** જે ગાયન કરે છે તેનો (આ શક્તિ) મોક્ષ કરે છે. ગાયત્રીને ત્રિપદા કહેવાય છે. અને તેનો પ્રત્યેક ચરણ (પદ)માં આઠ અક્ષર છે. આ આઠનો $૨^૩$ (૨×૨×૨-cube) ઘન છે. ૨(બે) નો ભાવ : (૧) જ્યોતિ (રૂપ), અને (૨) નામ સાથે છે. આ **'ज्योतिषां ज्योति'** પરમાવિદ્યા જીવાત્મા અને ચિત્શક્તિનું મૂળ છે અને તેની અંદર નામ અર્થાત્ શબ્દબ્રહ્મ છે. જે અનાદિ અને અવ્યય છે. તેનું વ્યક્ત સ્વરૂપ પ્રણવ (ॐ) છે. ઘન અર્થાત્ Cube - વ્યક્ત થવાથી તે ચતુષ્કોણ - Square બને છે. આ કારણથી બેના ત્રણ ઘન $૨^૩$ વ્યક્ત થવાથી છ ચતુષ્કોણ બન્યા. એટલે કે ત્રિપાદમાંથી ચતુષ્પાદ બન્યા. દરેક પદમાં ૪ અક્ષર હોવાથી ગાયત્રીના ૬×૪ = ૨૪ અક્ષર થયા. આ છ ચતુષ્કોણ એ છ શક્તિઓ છે જેના નામ : (૧) પરાશક્તિ, (૨) જ્ઞાનશક્તિ, (૩) ઈચ્છાશક્તિ, (૪) ક્રિયાશક્તિ, (૫) કુંડલિની શક્તિ, અને (૬) માતૃકાશક્તિ છે.

આ શક્તિઓના સંયોજનવાળી શ્રીવિદ્યાની ઉપાસના શ્રી રાજરાજેશ્વરી પીઠમ, કડીમાં પૂજ્ય ગુરુદેવ શ્રીદેવીબા તથા શિવગુરુ દીક્ષિત ઉપાસકોને વિનાસંકોચે શીખવી રહ્યા છે. ★★★

## અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧ |
| ૨. | સત્સંગ સુધા | શ્રી રસિકલાલ મ. નાયક | ૩ |
| ૩. | તારકાસુર વધ અને શ્રી કાર્તિકેયની શિવારાધના | શ્રી ચન્દ્રશંકર પંડયા | ૪ |
| ૪. | શ્રીલલિતામ્બા ત્રિશતીનામ | શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી | ૬ |
| ૫. | કદી નહી ભૂલાય એ સજા | શ્રી યશવંત કડીકર | ૭ |
| ૬. | જીવનની સાર્થકતા | શ્રી બાબુભાઈ નાયક | ૮ |
| ૭. | શ્રી લલિતાસહસ્રનામ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧૨ |
| ૮. | આપણે કરવાના કામો | સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ | ૧૪ |
| ૯. | સ્નેહ-તાંતણે | શ્રી ભગવત સુથાર | ૧૫ |
| ૧૦. | ભક્તની શરણાગતિ | સુ. શ્રી કિરણબેન એન. શાહ | ૧૭ |
| ૧૧. | પરામ્બા વિલાસ | શ્રી ચૂનીભાઈ ભટ્ટ | ૧૮ |
| ૧૨. | ઉપનિષદનું તત્ત્વજ્ઞાન | શ્રી રતિલાલ સાં. નાયક | ૨૪ |
| ૧૩. | શ્રેષ્ઠ તીર્થધામ-ઘરનો ઉંબરો | શ્રી રજનીકાંત મ. ભટ્ટ | ૨૫ |
| ૧૪. | તંત્રમાં ઉપચાર પદ્ધતિ | સુશ્રી ડૉ. પ્રજ્ઞા શાહ<br>અનુવાદ : શ્રી પુરુષોત્તમભાઈ જોષી | ૨૬ |
| ૧૫. | યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત) | શ્રી ભાનુશંકર દલપતરામ જાની | ૩૦ |
| ૧૬. | વિચાર | શ્રી મયંક શુકલ | ૩૨ |
| ૧૭. | પિતૃ-સૂકત | શ્રી ચંદ્ર આગત્સ્યાયન્ | ૩૩ |
| ૧૮. | પિતૃઓની ઈચ્છા | સુશ્રી રમાબેન ત્રિવેદી | ૩૫ |
| ૧૯. | સાધન સમર અર્થાત્ દેવી માહાત્મ્ય | પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય | ૩૬ |
| ૨૦. | શ્રીમા રમામ્બા | શ્રી પ્રહ્‌લાદભાઈ એમ. નાયક | ૩૮ |
| ૨૧. | કામાખ્યા તન્ત્રમ્ | 'દુર્ગાબાળ' સુ.શ્રી દમયંતી જાની | ૪૦ |
| ૨૨. | PIMAGE | લેફ. કર્નલ શ્રી સી. સી. બક્ષી | ૪૪ |
| ૨૩. | • **બાળ વિભાગ :** | | |
| | • ખોટો રૂપિયો | શ્રી રમેશભાઈ ખમાર | ૪૫ |
| ૨૪. | • **કાવ્ય વિભાગ :** | | |
| | • પિતાશ્રી હો તો આવા હો | શ્રી મણિભાઈ આ. નાયક | ૪૬ |
| | • દર્પણ | શ્રી નંદિની ઠાકર | ૪૬ |
| | • શોધ | શ્રી રતિલાલ મ. નાયક | ૪૬ |
| | • ચાચરમાં સમારંભ | કુ. કનીનિકા જાની | ૪૭ |
| ૨૫. | સંસ્થા સમાચાર | શ્રી ખોડીદાસ શીવલાલ નાયક | ૪૮ |
| ૨૬. | ગોરખબાની | ચંદ્ર આગત્સ્યાયન (ત્રીજું કવર પેજ) | |

# સત્સંગ સુધા...

....✍ : શ્રી રસિકલાલ મ. નાયક

આપણે શ્રી યોગત્રયાનન્દજીનો વક્તાશ્રોતા સ્વરૂપે થયેલો મહાસરસ્વતીતત્ત્વનો સત્સંગ માણી રહ્યા છીએ. હવે આગળ.....(દ્વિતીય અંશ)....

**જિજ્ઞાસુ**-હવે સરસ્વતી હૃદયોપનીષદ્‌ની વ્યાખ્યા સમજાવવા પ્રાર્થના કરુંછું. અને આમ સરસ્વતી દશશ્લોકી તત્વની સંક્ષિત વ્યાખ્યા સાંભળીને પણ હું મને પોતાને કૃતાર્થ થયેલો માનીશ.

**વક્તા** - આ (બાબત) ઋગ્વેદના ઉપનિષદ્‌માં આવેછે. આ(વિષય બાબતે)સાંભળતાં પહેલાં ઋગ્વેદમાં (વર્ણવેલ) શાંતિપાઠના અર્થ સંબંધિત કેટલીક વાતો કરીએ.

અંધકારમાંથી પ્રકાશ તરફ જવા બાબતે પ્રયત્ન કરવો અને (તે અંગે) પ્રાર્થના કરવી તે જીવાત્માને માટે સ્વાભાવિક (બાબત) છે. **પ્રકાશસ્વરૂપ પરમાત્માની ઝાંખી કરવી એ જ જીવાત્મા માટે ઈચ્છવા યોગ્ય બાબત છે.** યજ્ઞ (સાત્વિક ક્રિયાઓ) દ્વારા જ પવિત્રતા ધારણ કરાય છે અને મળોનું વિસર્જન તથા પરમાત્માનું અનુમોદન (પ્રકાશને પ્રાપ્ત કરવો) થાય છે. વેદ દ્વારા જણાવાયેલ ક્રિયાકાંડ તથા છન્દક્રિયા (લયબદ્ધ નામ-સ્મરણ) (જપયજ્ઞ) એ પણ યજ્ઞનું સ્વરૂપ છે.

વેદમાં વર્ણવ્યું છે કે, - 'वाङ्मे मनसि प्रतिष्ठिता मानो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि । वेदस्य म आणीस्थः श्रुतं मे मा प्रहासीरनेनाधीतेनाहोरात्रा त्संदधाम्यृतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु तद्वक्तारमवतु अवतु माम् अवतु वक्तारमवतु वक्तारम् ॥ ॐ शांतिः शांतिः शांतिः ॥

અર્થાત્ હે આવિ ! પ્રકાશસ્વરૂપ પરમાત્મા ! હે બ્રહ્મવિદ્યા ! તમે પ્રગટ થાઓ (आवीः). જ્યારે મારી વાણી મનમાં (મન સાથે) સંકળાયેલી હોય અને મન વાણી સાથે સંયોજિત થયેલું હોય ત્યારે તમે મારા હૃદયમાં પ્રગટ થયેલા હશો. જ્યાં સુધી મારામાં કુટિલતા (અજ્ઞાન) હશે ત્યાં સુધી તમે પ્રગટ (પ્રકાશિત) થશો નહિ (હું તમને ધારણ કરી શકીશ નહિ.). તમે મને પ્રાપ્ત થાઓ-મારા નજદીક આવો (म एधि). વેદને (વેદના જ્ઞાનને) મારી સમક્ષ આવવા દો (वेदस्य म आणीस्थः), આમ થવાથી સાચું જ્ઞાન મારામાં પ્રગટ થશે. ગુરુદેવના મુખેથી હું જે શ્રવણ કરું તેને અપરિચ્છિન્ન રૂપે (अक्षरसः) (સમજીને) મારા હૃદયમાં ધારણ કરી શકું. તેને ભૂલી ન જાઉં (श्रुतं मे मा प्रहासीः). આ માટે હું શું કરું ? શ્રી ગુરુ-મુખથી જે (વાણી) સાંભળતો રહું તેનું રાત-દિવસ (સતત) ચિંતન કરતો રહું - તેનું ધ્યાન કરતો રહું (अनेनाधीतेना होरात्रा त्संदधामि). બીજું શું કરું ? વેદ ભગવાનની કૃપાથી જે જે સત્ય બાબતો છે તેને જ સાંભળું, તે જ જાણું, અને એ જ અન્યને પણ દર્શાવું. સત્ય વાણી એ જ કહે છે કે એ (સત્ય)ને ભૂલીને અન્ય બીજું કશું જ ન કહો. (ऋतं वदिष्यामि सत्यं वदिष्यामि) ऋतं = Lawfull. નિયતિ = ઈશ્વર દ્વારા નિર્માણ કરાયેલ. પરમાણુના અલ્પ સ્પન્દનથી આરંભીને જગતમાં જે કંઈ (દૃશ્ય-અદૃશ્ય) ક્રિયા થઈ રહી છે તે બધી સત્યને માટે જ થઈ રહી છે. સત્યની પ્રેરણાથી (અવલંબન કરીને) હે માતા ! આ (વાત) કહું તો છું, પરંતુ આપની કૃપા ન હોય તો એ (વાત) હું કેવી રીતે કરી શકું ? એટલા માટે જ કહું છે કે સત્યવાણીથી તમે સર્વદા મારી રક્ષા કરો (मामवतु). હે માતા ! કેવળ મારી રક્ષાથી જ કામ નહિ ચાલે, મારા ગુરુદેવની પણ રક્ષા કરો. (वक्तारमवतु) એટલે મારા ગુરુદેવને પણ સાચું (સત્ય) જ્ઞાન પ્રાપ્ત થાઓ જેથી હું તેમના દ્વારા સાચી બાબતોને સમજી શકું. હે માતા ! મારી વિદ્યાપ્રાપ્તિમાં આવતા આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણે પ્રકારના અવરોધો શાન્ત થાઓ, શાન્ત થાઓ, શાન્ત થાઓ.

મન અને વાક્ય (વાણી) દ્વારા જ આવા બધા યજ્ઞો થાય છે. આ મન અને વાણીની ક્રિયાઓમાં જો પરસ્પર અનુકૂલન (સામંજસ્ય) હોય તો બધું યજ્ઞનું કામ સુપેરે (સારી રીતે) પાર પડે છે તથા પરમાત્માનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. એટલે બ્રહ્મવિદ્યાના લાભરૂપે સ્વાધ્યાય યજ્ઞ (સત્સંગ)માં જોડાતાં પહેલાં ઉપર મુજબ પ્રાર્થના કરવી જોઈએ.

(-ક્રમશઃ)

★★★

## તારકાસુરવધ અને શ્રી કાર્તિકેયની શિવારાધના

....✍ : શ્રી ચન્દ્રશંકર પંડ્યા

તારક્ષસુરે ઉગ્ર તપ કર્યું અને બ્રહ્માજીને પ્રસન્ન કરીને વરદાન માગી લીધું. પછી તો પૂછવું જ શું ? દેવોની અને દેવપત્નીઓની પણ દુર્દશા બેઠી. તારકાસુરે કાળો કેર વર્તાવી દીધો. બધા 'ત્રાહિમામ્' 'ત્રાહિ મામ્' પોકારી ગયા.

બધી રીતે નિરાશ અને ત્રસ્ત દેવો બ્રહ્માજીને શરણે ગયા અને તારકાસુરનો વિનાશ કેવી રીતે થાય તે જાણવા ગંભીરતાપૂર્વક સ્તુતિ કરી. બ્રહ્માજીએ જવાબ આપ્યો, મેં જ એને વરદાર આપ્યું છે એટલે હું તો તેને કાંઈ કરી શકું તેમ નથી. ઝાડ ભલે ઝેરનું ઉછેર્યું હોય પણ વ્યક્તિ પોતે તેને કાપી શકતો નથી.

દેવો કહે, અમારી સહનશીલતાની હદ આવી ગઈ છે. તારકાસુરનો ત્રાસ સીમા વટાવી ગયો છે એટલે હવે નિરાકરણ કર્યો જ છૂટકો છે.

બ્રહ્માજી બોલ્યા, કામ મહાકષ્ટે ઊકલે તેવું છે. જો કે આમ તો લગભગ અશક્ય જેવું જ છે. કેમકે તારકાસુરને શિવજીનો પુત્ર જ મારી શકે તેમ છે અને શિવજી તપમાં લીન બની ગયા છે. જ્યારે બીજી બાજુએ દક્ષ પ્રજાપતિના યજ્ઞમાં પતિનું અપમાન થયેલું જોઈને બળી મરેલાં સતીનો પુનર્જન્મ પાર્વતી રૂપે હિમાલયને ત્યાં થયેલો છે. હવે શિવ-પાર્વતીનાં લગ્ન થાય ત્યારે જ પુત્ર થાય અને તારકાસુરનો વધ શક્ય બને. શિવજીને સમાધિથી ચલિત કરવામાં આવે અને પાર્વતીનું તપ ફળે ત્યારે કાર્યસિદ્ધિ થાય તે વિના શક્ય નથી.

દેવો ચિન્તામાં ડૂબી ગયા. શિવજીને ચલિત કરવાનું કામ ઘણું જ અઘરું - લગભગ અશક્ય જેવું જ હતું. અંતે ઈન્દ્રે ઘણો વિચાર કરીને પોતાની સભામાં કામદેવનાં ભરપેટ વખાણ કરીને તેને ખૂબ ચગાવ્યો. અંતે કામદેવે જાતે જ કહ્યું કે હું જગતમાં બીજાને તો શું પણ ખુદ શિવજીને ચલિત કરી દઉં તેવી પ્રચંડ મારી શક્તિ છે.

થયું. ઈન્દ્રને આ જ જોઈતું હતું. તેણે આ કામ તુરત જ કામદેવને ભળાવી દીધું. કામદેવ પોતાના મિત્ર વસંત (ઋતુ)ને લઈને ઉપડ્યો અને શિવજીનું તપોવન વસંતના સૌંદર્યથી સોહામણું બની ગયું.

પાર્વતી રોજ આશ્રમમાં શિવજીની સેવા માટે આવતાં હતાં પણ શિવજી તેમની તરફ નજર સુદ્ધાં નહતા નાખતા. કામદેવ તકની રાહ જોતો હતો. પાર્વતી આશ્રમમાં આવ્યાં ત્યારે તેણે સમય જોઈને પોતાનાં પુષ્પબાણોનો ઉપયોગ શિવજી ઉપર કર્યો. શિવજી ક્ષણવાર વિચલિત થયા. તેમણે પાર્વતી ઉપર નજર કરી ન કરી અને કામદેવનું કૃત્ય સમજી ગયા. તુરતજ ત્રીજું નેત્ર ખોલીને, દેવોની વિનંતી સાંભળ્યા વિના જ, તેમણે કામને ભસ્મ કરી દીધો.

હવે પાર્વતીજીને મહાસત્ય સમજાયું. શિવજી સહેલાઈથી પતિરૂપે નહિ મેળવી શકાય. તેમણે ઉગ્રતપ શરૂ કર્યું. ચોમેર તેમના તપની પ્રશંસા થવા માંડી. મોટા મોટા ઋષિમુનિઓ પણ તેમનાં દર્શને આવવા લાગ્યા. પણ પાર્વતી તો પોતાનું કાર્ય કેમ સિદ્ધ કરવું તેની ફિકરમાં જ હતાં. તેમણે વળી તપ ઉગ્ર કર્યું. ખોરાક તો ઠીક પણ વનસ્પતિ પણ ખાવાની બંધ કરી તેથી તે 'અપર્ણા' કહેવાયાં.

અંતે પાર્વતીના કઠોર તપ આગળ શિવજી ઝૂકી પડયા. તેમણે તેમની પરીક્ષા કર્યા બાદ કહ્યું કે હું તમારા તપથી ખરીદાયેલો છું. તમારા તપનો વિજય થયો છે. આમ પાર્વતી શિવજીને પતિ રૂપે પ્રાપ્ત કરીને ખૂબ પ્રસન્ન થયાં.

પછી કાર્તિકસ્વામીનો જન્મ થયો. તેમણે અપાર સામર્થ્યથી તારકાસુરનો વિનાશ કર્યો. દેવાના હર્ષનો પાર ન રહ્યો. આખું સ્વર્ગ નાચી ઊઠયું. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. મધુર વાજિંત્રો વગાડયાં. નૃત્ય-ગાનથી સ્વર્ગ ગુંજી રહ્યું. આ બાજુ કાર્તિકસ્વામી દુઃખી હતા. પોતે તારકાસુરને

મારીને પુણ્યનું જ કાર્ય કર્યું હતું તે વાત ખરેખર સાચી જ હતી. પાપીને મારવામાં જરાય પાપ ન હતું છતાં તારકાસુર શિવભક્ત હોવાથી તેમના મનમાં એક શિવભક્તને હણ્યાની વાત ખૂબજ ખૂંચ્યા કરતી હતી.

શ્રીવિષ્ણુ ભગવાન આ વાત સમજી ગયા તેથી તેમણે કહ્યું હે શિવનન્દન, શ્રુતિ, સ્મૃતિ, ઈતિહાસ, પુરાણ-દરેકમાં પાપીને મારવાથી દોષ નથી લાગતો તેમ સ્પષ્ટ જણાવ્યું છે. તેથી તમારે જરાય દુઃખી થવાની જરૂર નથી. ખરું જોઈએ તો **જે પોતાનામાં શક્તિ હોવા છતાં પાપીને દંડ કરતો નથી તે તેના અર્ધા પાપનો ભાગીદાર બને છે.** હે દેવોના સેનાપતિ ! તમે દુષ્ટ તારકાસુરને મારીને પુણ્યનું જ કામ કર્યું છે માટે તમને કોઈ દોષ લાગતો નથી માટે ચિન્તા છોડી દો.

શ્રી વિષ્ણુભગવાને જોયું કે આટલી સ્પષ્ટતા કર્યા છતાં હજુ કાર્તિકેયના મનનો કાંટો દૂર નથી થયો એટલે તેમણે વધુમાં ઉમેર્યું, 'હે સ્કંદ, જો તમારા મનમાં શિવભક્તને માર્યાની વાત ખૂંચ્યા જ કરતી હોય તો તમે શિવજીનું જ આરાધન કરો. આમ કરવાથી જ તમને શાંતિ થશે. શિવજીના આરાધનથી કશું જ અશક્ય નથી, કશું જ દુર્લભ નથી.

તે પછી કાર્તિકેયે વિશ્વકર્મા પાસે ત્રણ શુદ્ધ શિવલિંગ બનાવડાવ્યાં અને બ્રહ્મા વગેરે દેવોએ તે લિંગોની વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરી. તેમનાં અનુક્રમે : (૧) પ્રતિજ્ઞેશ્વર, (૨) કપાલેશ્વર, અને (૩) કુમારેશ્વર એમ નામો રાખ્યાં. શિવજી કાર્તિકેયની પરમનિષ્ઠા જોઈને સ્વયં તેમાં (લિંગોમાં) બિરાજ્યા અને અત્યંત પ્રસન્ન થઈને કાર્તિકેયને દર્શન આપ્યાં.

પરમ તેજઃપુંજ ગૌરવર્ણ શિવજીને પોતાની સમક્ષ પ્રગટ થયેલા જોઈને કાર્તિકેયના હર્ષનો પાર ન રહ્યો. ગદ્‌ગદ કંઠે તેમણે કહ્યું કે હે પ્રભો ! મેં આપના ભક્તનો વધ કર્યો છે તે માટે મને ક્ષમા કરો. શિવભક્તને મારવાનું પાપ ઘણું મહાન છે તે હું જાણું છું. મેં તારકાસુરને માર્યો છે તેથી તમારે શરણે આવ્યો છું. મારો ઉદ્ધાર કરો. મને આ અપરાધમાંથી મુક્તિ અપાવો.

શિવભક્ત ઉપરનો કાર્તિકેયનો પ્રેમ જોઈ પ્રસન્ન થયેલા શિવજીએ પ્રત્યુત્તર વાળ્યો, 'હે કુમાર, તમે તારકાસુરને મારવાનું પુણ્યકાર્ય કર્યું છે. તેનાથી હું ખૂબજ સંતુષ્ટ છું. તમારે જરાપણ દુઃખી થવાની જરૂર નથી. તમે દેવોને મહાન ત્રાસમાંથી ઉગાર્યા છે અને પુણ્ય જ કમાયા છો. તમે જે લિંગોની સ્થાપના કરી છે તેમનું પૂજન-અર્ચન કરીને અને આ તીર્થમાં સ્નાન કરીને મનુષ્યમાત્ર પોતાનાં તમામ પાપોમાંથી મુક્ત થશે. પૃથ્વી ઉપરનાં બધાં શિવલિંગોની પૂજા કરીને તથા સમગ્ર તીર્થોમાં સ્નાન કરીને જે પુણ્ય મનુષ્યને પ્રાપ્ત થશે તે જ પુણ્ય આ એક કુમારેશ્વરની સેવાથી તથા અહીં સ્નાન કરવાથી અવશ્ય પ્રાપ્ત થશે. તમારી સૂક્ષ્મ સમજથી તથા ઊંડી ધર્મભાવનાથી હું ખૂબજ પ્રસન્ન થયો છું.

સ્કન્દપુરાણમાં કહ્યું છે કે પૃથ્વી ઉપરનાં જે સમસ્ત તીર્થો છે તેમાં સ્નાનથી અને સમસ્ત લિંગોની પૂજાથી આરોગ્ય, પુત્ર, ધન, સુખ વગેરે જે ફળો પ્રાપ્ત થાય છે તે જ ફળ શ્રી કુમારેશ્વરની સેવાથી અવશ્ય પ્રાપ્ત થાય છે.

આમ દેવોના સેનાપતિ શ્રી કાર્તિકસ્વામીએ તારકાસુરનો ત્રાસ તો દૂર કર્યો જ કર્યો ઉપરાંત શિવભક્તિથી (શ્રી કુમારેશ્વરની સેવાથી) મનુષ્યના કલ્યાણનાં દ્વાર પણ ખોલી આપ્યાં.

★★★

## • પુત્રને સાચો વારસો •

(૧) સારા સારા પુસ્તકો વસાવતો રહેજે - ભલે પછી એ કદી નહીં વંચાય એમ લાગે.

(૨) કોઈને પણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહિ, ચમત્કારો દરરોજ બનતા હોય છે.

(૩) દરેક બાબતમાં ઉત્તમતા રાખજે અને તેની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.

(૪) તારી નજર સમક્ષ સતત કશુંક સુંદર રાખીજે, ભલે પછી એક પ્યાલામાં મૂકેલું ફુલ જ હોય.

(૫) આપણાથી જરીક જેટલું થઈ શકે તેમ છે એવું લાગે, માટે કશું જ ન કરવું એમ નહિ, જે થોડુંક પણ તારાથી થઈ શકે તે કરેજ જ.

# શ્રીલલિતામ્બા ત્રિશતીનામ્

લેખાંક : ૧૬

....✍ : શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી

*તીર્થમાં નાનું સરખું ય પાપ થઈ જવાથી મહાન પુણ્યનો ક્ષય થઈ જાય છે, માટે ખાસ કરીને તીર્થમાં સાવધાનીથી વર્તો.* - *શ્રી રંગ અવધૂત*

આપણે પંચદશી મંત્રના પ્રથમ ફુટના લ-કાર બીજના ભગવતી શ્રીલલિતામ્બાના ૬૯ થી ૮૦ નામ સુધીનું ભાવાચમન કર્યું. હવે પ્રથમ ફુટના છેલ્લો હ્રીં-કાર બીજથી શરૂ થતા શ્રીમાતાના નામો અને તેના અર્થ બાબતે જોઈએ.....

**ह्रीं-कार-रूपा ह्रीङ्कार-निलाया ह्रीं-पद-प्रिया ।**
**ह्रीङ्कार-बीजा ह्रीङ्कार-मन्त्रा ह्रीङ्कार-लक्षणा ॥ १७ ॥**
**ह्रीङ्कार-जप-सुप्रीता, ह्रीं-मती ह्रीं-विभूषणा ।**
**ह्रीं-शीला ह्रीं-पदाराध्या ह्रीं-गर्भा ह्रीं-पदाभिधा ॥ १८ ॥**

(૮૧) **ह्रींकाररूपा'** - 'પંચદશીમન્ત્ર'નો પાંચમો અક્ષર ह्रीं શ્રીમાતાનું સ્વરૂપ છે.

(૮૨) **'ह्रींकार-निलया'** - શ્રીમાતા ह्रीं (કાર)માં હમેશાં નિવાસ કરે છે. તો પણ 'આવાસ' (રહેઠાણ) અને 'સ્વામી' એ એકબીજાથી જુદા છે. ह्रीं - ભગવતીનો વાચક છે. તે શક્તિ પ્રણવ છે. તે દ્વારા જ શ્રીમાતા ઓળખાય છે.

(૮૩) **'ह्रीं-पद-प्रिया'** - શ્રીમાતાને ह्रीं-પદ પ્રિય છે. 'પદ' તેને કહેવાય છે જેને મેળવવું પડે છે અગર જે પ્રકટ (દશ્યમાન) હોય. ह्रीं મન્ત્ર એ ભાગ છે જે દ્વારા ભગવતી પોતાનું પ્રાગટ્ય કરે છે. ન્યાયમાં शक्तं पदं થી એ બતાવ્યું છે કે જે 'स-शक्त' છે તેજ 'પદ' છે. 'પદ' ને વર્ણસમુદાય પણ કહેવાય છે. ह्रीं માં 'ह', 'र', 'ई' અને (અનુસ્વાર) એવા ચાર વર્ણો છે. જે ઉપાસક આ 'પદ' બીજનું સ્મરણ કરતા રહે છે તેના જીવનધ્યેયની પ્રાપ્તિ શ્રીમાતા કરાવે છે. આ રીતે શ્રીમાતાને 'ह्रीं' ઘણું પ્રિય છે.

(૮૪) **'ह्रीं-कार-बीजा'** - ह्रीं મંત્ર-ભાગ છે જેના દ્વારા શ્રીમાને ઓળખવામાં આવે છે. 'ज्ञापकं देवतानां यद-बीजमक्षरमुच्यते' એટલે જે વર્ણ દેવને પ્રકટ કરે છે (અથવા વર્ણના ઉચ્ચાર દ્વારા દેવ પ્રસન્ન થાય છે) તે (વર્ણ) 'बीज' કહેવાય છે. જે રીતે વટવૃક્ષના બીજમાં એક વિશાળ વૃક્ષ સુક્ષ્મરૂપે સમાયેલું છે, ઠીક તેવી રીતે બીજમાં દેવતાઓ વસે છે. સત-કાર્ય-વાદ ના મતાનુસાર નામ-રૂપવાળું આખું જગત 'સત્' માં રહેલું છે. વ્યક્ત માં જે 'કારણ' રૂપ છે અને જગત 'કાર્ય' છે તેમ તે વડનું બીજ અને વટવૃક્ષની જેમ નામ-રૂપમાં આવવાથી જગતનો વિસ્તાર થાય છે. ચૈતન્ય માયાથી ઢંકાયેલું છે. એ 'માયા'નું બીજ 'ह्रीं' છે. શ્રીમાતા 'ह्रीं' બીજના જાપથી દર્શન આપે છે.

(૮૫) **'ह्रींकार-मन्त्रा'** - શ્રીમાતાનો મંત્ર 'ह्रीं' (બીજ) છે. જે ઉપાસક આ મંત્રનો જાપ કરે છે અગર ધ્યાન કરે છે તેને શ્રીમાતા (સંકટમાંથી) બચાવી લે છે. શ્રીમાતા 'ह्रीं' બીજમાં એકાકાર રીતે સમાયેલાં છે. પંચદશી મંત્રમાં 'ह्रीं-कार' પ્રધાનરૂપે આવેલ છે.

(૮૬) **'ह्रींकार-लक्षणा'** - ह्रीं-(બીજ) જ ભગવતી માતાનું 'लक्षण' છે. તેમાં 'ह' તે શિવ છે. 'ह'-ને આકાશબીજ કહેવાય છે. આ આકાશ જ તેજ, વ્યાપકતા અને નિરાકાર આદિ વ્યષ્ટિગુણોથી સંપન્ન છે. 'र' - અગ્નિબીજ છે જે ઈશ્વરનું વાચક છે. આ બન્નેમાં જગતની સૃષ્ટિશક્તિ આવેલી છે. 'ह' અને 'र' નું સંયોગીકરણ અવસ્થામાં ચૈતન્ય સ્વરૂપ ધારણ કરે છે. એ જ વિષ્ણુનું રૂપ છે જે પાલનકર્તા છે. અનુસ્વાર = 'म' જે લયનો દ્યોતક છે. તેથી 'ह्रीं' એ ચૈતન્ય છે જે સૃષ્ટિ-સ્થિતિ અને લય ત્રણે પોતાના સામર્થ્યથી આવિર્ભૂત બને છે. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રીમાતા આ ત્રણેય અવસ્થા (સૃષ્ટિ-સ્થિતિ અને લય)થી પર છે. 'ह्रीं' આ તથ્યનું સિમાચિન્હ છે.

(૮૭) **'ह्रींकार-जप-सुप्रीता'** - ह्रीं-કાર મંત્રના જપથી ભગવતી માતા ઘણા જ પ્રસન્ન થાય છે. ह्रीं-કારમાં તેમની મહત્તા છે અને તે મહત્તાનું શ્રેય ह्रीं-કારને છે. શ્રી માતા ભગવતી અને ह्रीं-કારમાં કોઈ ભેદ નથી.

(૮૮) **'ह्रीं-मती'** - શ્રીમાતા જ ह्रीं-કાર છે. અને ह्रीं-કાર શ્રીમાતાને જ અભિવ્યક્ત કરે છે. બને એકજ છે.

(૮૯) **'ह्रीं-विभूषणा'** - ह्रीं-કાર એ શુદ્ધ માયા

સ્વરૂપ છે. 'ह' = સફેદ, 'र' = લાલ અને 'ई' = નીલું (આછું વાદળી) આકાશ જેવું. તેથી આ બીજ ત્રણ ગુણોનું એકીકરણ સૂચવે છે. સત્વ, રજ અને તમો (ગુણ) મળીને પ્રકૃતિની રચના થાય છે. ત્રિગુણાત્મિકા પ્રકૃતિ એટલા માટે ગ્રાહ્ય (સેવવા યોગ્ય) નથી કારણ કે તે સીમાબદ્ધ છે, જડ છે, દુઃખદાયી તત્ત્વોવાળી છે. તેમાં (શુદ્ધ) પ્રકાશ નથી. હ્રીં-કાર એ જાણે માથાથી પગ સુધી આભૂષણ ધારણ કરેલ નારીસ્વરૂપ છે, અને એ શુદ્ધ ચૈતન્યરૂપા શક્તિ અને આનંદથી પરિપૂર્ણ છે. શ્રીમાતાએ હ્રીં-કાર રૂપી આભૂષણને ધારણ કરેલ છે. જેમ કોઈએ કુંડળ પહેરેલ હોય તો, તે કુંડળ સિવાય અન્ય આભૂષણનો કોઈ ભાવ પૂછતું નથી, તેમજ શ્રી ભગવતી માતાએ હ્રીં-કાર રૂપી અલંકાર જ ધારણ કરી રાખેલ છે. હ્રીં-નો એક અર્થ 'આ' છે. તેથી હ્રીં-કાર આભૂષણરૂપ છે.

(૯૦) **'ह्रीं-शीला'** - હ્રીં = બ્રહ્મ કે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર (ત્રિદેવ). शील = સ્વભાવ એનો અર્થ એ કે હ્રીં-કારમાં સત્, ચિત્ અને આનંદ એ ત્રણે ભાવોની ઘનાવસ્થા છે જે 'શીલ' સમાન છે. 'शील स्वभावे धर्मे च' એટલે કે 'સ્વભાવ' અને 'ધર્મ' (ગુણધર્મ) બન્ને અર્થ 'શીલ' શબ્દના છે. તેથી 'स्वभाव' અને 'धर्म' બન્નેને શ્રી ભગવતી માતા ધારણ કરી રહેલા છે. તેથી તેઓ હ્રીં-મયી પણ છે.

(૯૧) **'ह्रीं-पदाराध्या'** - હ્રીં કારના માધ્યમથી જ શ્રી ભગવતી માતાની પૂજા થાય છે. 'ભુવનેશ્વરી-કલ્પ'-માં કહ્યું છે કે : 'ह्रींकारेणैव संसिद्धो, भुक्ति मुक्ति च विन्दति।' એટલે કે જેણે હ્રીં-કારને સિદ્ધ કરી લીધો છે તેણે ભોગ અને મોક્ષ બન્ને મેળવી લીધા છે.

(૯૨) **'ह्रीं-गर्भा'** - શ્રી ભગવતી માતાના ગર્ભમાં (રહસ્યમાં) હ્રીં-કાર છે. गर्भ = જેમાં તે (માતા) પોતાની શક્તિઓ સાથે રહે છે. શ્રીમાતાનું વચન છે : 'मम यानिर्महद् ब्रह्म, तस्मिन् गर्भ दधाम्यहम्' અર્થાત બધા (અવિર્ભાવ)નું કારણ પ્રકૃતિ છે, અને તે (પ્રકૃતિ) બધાને પોતાનામાં (ગર્ભમાં) ધારણ કરે છે.

(૯૩) **'ह्रीं-पदाभिधा'** - શ્રીમાતા ભગવતી હ્રીં-પદના વાચ્યાર્થમાં છે. તેઓ પરદેવતાના રૂપે 'ह् + र् + ई + म्' છે. (-ક્રમશઃ)

★★★

## "કદી નહી ભૂલાય એ સજા"

....✍ : **શ્રી યશવંત કડીકર**

એ દિવસોમાં હું દશમા ધોરણમાં ભણતો હતો. શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિનો મંત્રી હતો, અને શાળાની વક્તૃત્વસભાનો એક સારો વક્તા હતો. એટલે મારા મનમાં એક એવી ગ્રંથી બંધાઈ ગઈ હતી કે હું શાળાના બીજા વિદ્યાર્થીઓ કરતાં કંઈક ચડિયાતો છું.

એક દિવસની વાત છે. શાળાનો 'યુનિફોર્મ' સ્વચ્છ ના હોવાને કારણે બીજા કપડાં પહેરીને શાળાએ ગયો હતો. એ દિવસે અમારા આચાર્યે એ બધા વિદ્યાર્થીઓને રોક્યા જે વગર યુનિફોર્મે શાળામાં આવ્યા હતા. હું પણ આ વિદ્યાર્થીઓમાં હતો. બધા વિદ્યાર્થીઓને એ દિવસે આચાર્યે સજા કરી. દરેક વિદ્યાર્થીના હાથ પર દંડો (રૂલર) ફટકારવા માંડ્યો. મેં પણ હાથ આગળ ધર્યો. એમણે એક નજર મારા તરફ કરી અને કહ્યું- "યશવંત જાઓ" એમનું આ કહેવું અને વર્તનથી મને ખૂબજ આઘાત લાગ્યો. **દંડાના મારથી પણ વધુ અસર કરે એવા હતાં આ શબ્દો.** આ પછી હું કોઈપણ દિવસ શાળામાં 'યુનિફોર્મ' વગર ગયો નથી, કે ના કોઈ દિવસ શાળાના કોઈ નિયમનો ભંગ કર્યો. એ પછી મેં એમને મને સજા ના કરવાનું કારણ પૂછ્યું, તો એમનો જવાબ હતો- **"દરેક વ્યક્તિ માટે એક સરખી સજા નથી હોતી. શિક્ષક વિદ્યાર્થીને સુધારવા માટે સજા કરે છે, અપમાનિત કે ત્રાસ આપવા માટે નહીં."**

આજે તો આચાર્યની એ વાત-કે **"એકજ દવા દરેક રોગીને ના આપી શકાય."** દરેક વિદ્યાર્થી જુદા જુદા હોય છે... સજાનો મતલબ વિદ્યાર્થીઓને સુધારવાનો છે. અપમાનિત કે ત્રાસ આપવા માટે નહીં." મારા માટે તો આ મોટી પ્રેરણા છે.

★★★

# જીવનની સાર્થકતા

સોપાન : ૨૦

....✍ : શ્રી બાબુભાઈ નાયક

**દિવ્ય-જીવન :**

જીવનની સાર્થકતા શ્રેણીના વીસમા સોપાને પગ મૂકતાં આપણે **જીવન શું છે અને તેને દિવ્ય કેમ બનાવવું** તે તરફ અંગુલિનિર્દેશ કરાવવા અદમ્ય ઈચ્છા જાગી છે. જીવન ઉર્ધ્વગામી બનાવવું છે ? જવાબ મળશે 'હા, મારે ઉર્ધ્વગામી જીવન બનાવવું છે.' શરીર નીરોગી અને પુષ્ટ બનાવવું છે ? જવાબ મળશે 'હા, મારે શરીર નીરોગી અને પુષ્ટ બનાવવું છે.' જો તારે નીરોગી અને પુષ્ટ શરીર બનાવવું હશે તો થોડી શારીરિક કસરત કરવી પડશે. દંડ, બેઠક, દોડ વગેરેનો પ્રમાણસર વ્યાયામ કરવો પડશે. આ વાત સાથે સામાન્યમાં સામાન્ય બુદ્ધિવાળો પણ મારી સાથે સંમત થશે. કાકા ! તમારે શરીરને તંદુરસ્ત રાખવું છે ? 'હા , ભાઈ ! હમણાં હમણાં કબજિયાત બહુ રહે છે.' તો કાકા ! તમે સવારે જરા વહેલા ઊઠી, એક લોટો ભરી પીવાય તેટલું પાણી પી અર્ધો માઈલ ચાલવાનું રાખો. આ તો તદ્દન સહેલી વાત છે. કાકાએ આટલું જ કર્યું અને કબજિયાત મુઠિઆ વાળીને નાસી ગઈ.

તે જ ન્યાયે આપણે જીવનને દિવ્ય બનાવવું હશે તો જીવન સાથે થોડી મથામણ તો કરવી જ પડશે. જો સાચા મનથી આપણે થોડી મથામણ કરીશું તો આપણે જીવનને અચૂક દિવ્ય બનાવી શકીશું. **દિવ્ય જીવન એટલે દૈવી જીવન, તેજસ્વી જીવન, પ્રભાવશાળી જીવન.** તમારી સામે દૃષ્ટિ નાખતાં જ દુષ્ટની દુષ્ટતા નાસી જાય. અને તેને તમને નમી પડવાની ભાવના જાગે તો તેનું નામ દિવ્યજીવન. એક ભૌતિક દ્રષ્ટાંતથી આ વાત સમજાવું. પારસમણિનો સ્પર્શ થતાં જેમ લોઢું સોનું બની જાય, તેમ દિવ્યવ્યક્તિને જોતાં જ માણસની વિકૃતિ નાસી જાય અને તેનામાં સદ્‌વૃત્તિ જાગી ઊઠે તો સમજવું કે આપણું જીવન દિવ્ય બન્યું છે.

પણ દિવ્ય જીવન બનાવવું એ સુરતનું ભુંસુ ફાકવા જેટલું સરળેય નથી કે લોઢાનાં ચણા ચાવવા જેટલું કઠણેય નથી. હા, પણ થોડા નિયમ પાળવાની આવશ્યકતા તો રહેશે જ. સંસ્થા, ઘર, વહીવટ, બધાને થોડા બંધારણના નિયમો તો પાળવા જ પડે ને ? મંદિરમાં પેસતાં જ બોર્ડ લટકતું હોય 'પગરખાં અહીં ઉતારી અંદર જાઓ,' નળ આગળ બોર્ડ લટકતું હોય કે 'હાથ ધોઈ મંદિરમાં પ્રવેશો' તેવા જ તદ્દન સરળ, શક્ય અને આચરી શકાય તેવા સામાન્ય નિયમો તો દિવ્યજીવન બનાવવા માટે પાળવા જ પડશેને !

કોઈ પર્વતારોહકને પર્વત પર ચડવું હોય તો તેને બે બળ સામે લડવું પડે છે. ગુરુત્વાકર્ષણનું બળ તેને તળેટી તરફ લઈ જવા ખેંચશે ત્યારે તેને ગુરુત્વાકર્ષણના બળનો સામનો કરી તેનાથી વિરૂદ્ધ ઉપર ચડવા બળ કરવું પડશે. સાથે સાથે તેને સાવધાની પણ રાખવી પડશે કે ઊંચે ચડવા તેણે મૂકેલો પગ લપસી ન જાય. આટલું કરે ત્યારે તેને પર્વત પર ચડવાનો આનંદ મળી શકે. પણ ચડ્યા પછી તેને પ્રકૃતિનું જે સૌંદર્ય માણવા મળે તે તેનો પર્વત પર ચડ્યાનો થાક ઉતારી નાખે. સાથે સાથે પ્રકૃતિનો જે આનંદ મળે તેનું વર્ણન ન કરી શકાય. તે આનંદનું વર્ણન બીજાની આગળ તે ગમે તેટલું કરે છતાં સામેની વ્યક્તિ તે આનંદની માત્રા નહિ સમજી શકે, કદી નહિ સમજી શકે.

દિવ્ય-જીવનની પણ આવી મઝા છે ! ઓર મઝા છે ! ચાલો ત્યારે આવું દિવ્ય-જીવન બનાવવા થોડી મથામણ શરૂ કરીએ. તો દિવ્ય-જીવન અચૂક બનાવી શકીશું. તે જરાએ કઠણ નથી.

દિવ્ય-જીવનની વાત કરતા પહેલા લોકોએ અને શાસ્ત્રોએ તેના જે સિદ્ધાંતોની વાતો કરી છે તે સાંભળીને તો કેટલાક લોકો સાંભળતાં જ નાસી જાય કે 'બાપરે ! આવું આપણાથી તો કરી જ ન શકાય. લોકોએ રજનું ગજ કહી દિવ્ય-જીવન બનાવવા માણસોને નાસીપાસ, નિરાશ કરી દીધા છે. જેને આત્મદર્શન કરવું છે તેને નથી તો હિમાલય તપ કરવા જવાની જરૂર, નથી તો પંચાગ્નિ તાપવાનીએ જરૂર, નથી તો તેને ઉપવાસ કરવાની જરૂર કે નથી તો તેને ઉજાગરા કરવાની જરૂર. નથી તો તેને ઘર છોડવાની જરૂર કે નથી તો તેને ગુફાના એકાંતમાં

બેસવાની જરૂર. **ઘરમાં રહીને, કુટુંબ સાથે વસીને, મિત્રમંડળમાં રહીને, ધંધો-રોજગાર કરીને પણ માણસ દિવ્ય-જીવન બનાવી શકે છે.**

પણ જીવનને દિવ્ય બનાવવા માણસે કુદરતના સાહજિક નિયમોનું તો પાલન કરવું જ પડશે. તે નિયમો પ્રમાણે જો તે ન વર્તે કે વર્તવાનું ચૂકે તો તે જીવનને ઉર્ધ્વગામી નહિ બનાવી શકે. **કુદરતના નિયમો તો સહેલા, સરળ અને સુંદર છે. જરાય અઘરા નથી, પણ પેલું ચંચળ મન મનુષ્યને તે નિયમોમાંથી ચળાવવા સખત પ્રયત્ન કરશે.**

તમે સૌએ મેનકા અપ્સરાનું નામ તો સાંભળ્યું છે. તેણે પેલા વિશ્વામિત્ર ઋષિના મનને ચળાવી તેમના સાઈઠ હજાર વર્ષના તપ પર પાણી ફેરવ્યું. એ **મન એ જ મેનકા.** તમને એક નાનું દૃષ્ટાંત આપું. માએ દીકરાને કહ્યું, "ભાઈ તારે નિશાળેથી આવી દેવઘરમાં બરાબર સાંજે ૬-૦૦ વાગે દીવો પ્રગટાવવો. દીવાસળી, દીવી, દીવીમાં દીવેટ, દીવીમાં ઘી બધું તૈયાર હશે. તારે તો નિયમિત રોજ દીવાસળી ઘસી જ્યોત પ્રગટાવી, નમન કરી ચાલ્યા જવું." કેટલું સરળ કામ ? પણ જ્યારે એ નિયમ બન્યો એટલે પેલું મેનકારૂપી મન 'આ છોકરો આ નિયમ કેમ તોડે' તેની તજવીજમાં જ ભટકે જશે.

દિવ્ય જીવનની વાતોમાં પહેલી સાવધાની મેનકા-મનની રાખવી પડશે. જેને જીવન દિવ્ય બનાવવું છે તેને સૌથી પ્રથમ મન પર ગમે તે રીતે સંયમ કેળવવો પડશે. **મનનો સંયમ એ તો જીવન-તિજોરીની અમૂલ્ય ચાવી છે.** મનને જીતવું જેટલું સરળ છે તેટલું જ કઠણ છે ઉપર આપણે દિવ્ય જીવન બનાવવું તદ્દન સરળ છે એમ કહ્યું, પણ મનનો સંયમ આવ્યો, નિયમ આવ્યો ત્યાં આપણી મૂંઝવણ શરૂ થઈ. તો હવે શું કરીશું ? જીવનને દિવ્ય બનાવવાનો કક્કો મનના સંયમથી શરૂ થયો છે તે બરાબર ધ્યાનમાં રાખજો.

**દિવ્ય જીવન બનાવવામાં મન સાથે વિવેકની મિત્રાચારી કરાવી દેવી.** આપણે સૌ જાણીએ છીએ કે વિવેક એ દશમો નિધિ છે. કેવી રીતે વિવેક દશમો નિધિ ? એક દાખલો આપી સમજાવું. આપણે ખૂબ સામાન્ય સ્થિતિના છીએ. આવેલા મહેમાનનું આતિથ્ય સારી રીતે કરી શકીએ તેમ નથી. છતાં મહેમાન-અતિથિ આવ્યા. તો તેમનું આતિથ્ય કેવી રીતે કરીશું ? અતિથિ માટે ઓછામાં ઓછું આટલું તો આપણે કરી શકીએ.

૧. તેમને મધુર વાણીથી આવકાર આપી શકીએ.
૨. બેસવા સાદું આસન પાથરી શકીએ.
૩. ઠંડુ જળ પાઈ શકીએ.
૪. તે જે વાતો કરે તે સારા શ્રોતા બની સાંભળી શકીએ.
૫. તેમની સાથે તેમને ગમે તેવી મધુરી વાણીમાં, મોઢા પર સ્મિત લાવીને વાતો તો અવશ્ય કરી શકીએ.

સામાન્યમાં સામાન્ય માણસ પણ આવું આતિથ્ય અવશ્ય કરી શકે. આપણા આવા અસામાન્ય આતિથ્યથી અતિથિને અવશ્ય આનંદ થશે. **મનુષ્યની સાહજિક મીઠી વાણી અને આંખમાં ચમકતું ભાવનું તેજ તમારા અતિથિને એવો પ્રભાવિત કરી દેશે કે એ જ્યાં જશે ત્યાં તમારા વિવેકભર્યા આતિથ્યના યશોગાન ગાશે.**

ત્યારે દિવ્ય જીવન બનાવવા તમારે આવા સાહજિક નીતિમત્તાના નિયમો પાળવાના છે. હવે ઉપરના આતિથ્યના દૃષ્ટાંતમાં મધુર વાણીની વાત કરી. **તમારી મધુરવાણી જો હૃદયના ઊંડા ભાવવાળી હશે તો જ તે પરાવાણી બની અતિથિને ખૂબ પ્રભાવીત કરશે, પણ જો તે વૈખરી વાણી હશે, ખુશામતિયા-છેતરનારી વાણી હશે તો અતિથિને જરાએ પ્રભાવીત નહિ કરી શકે.** 'મધુ તિષ્ઠતિ જીહ્‌વાગ્રે, હૃદયે તુ હલાહલમ્' મોઢેથી હસી હસીને, મીઠી મીઠી વાણી બોલો અને હૃદયમાં એમ થતું હોય કે 'ક્યારે આ લપ અહીંથી જાય.' બસ વાત અહીં ખતમ થઈ ગઈ. તમારા જીવનને દિવ્ય બનાવવાનું અહીં પૂર્ણવિરામ થઈ ગયું. તમારું જીવન કદી દિવ્ય નહિ બની શકે. તમે પ્રશ્ન કરશો કે દિવ્યજીવન બનાવવા બસ આટલું જ જરૂરી છે ?

તો સમજો કે દિવ્યજીવન એટલે દૈવી જીવન. **તમે જેવા છો તેવા જ દેખાવા હંમેશાં પ્રયત્નશીલ રહો.** ન દંભ, ન અભિમાન. દંભ અને અભિમાન દિવ્ય જીવનના મહાન શત્રુઓ છે. તો દિવ્યજીવનના સહાયકો કોણ ? (૧) સરળ સ્વભાવ, (૨) કોઈનું પણ કલ્યાણ કરવાની ભાવના, (૩) કોઈની નિંદામાં જરાએ રસ નહિ, (૪) નીતિથી ભગવાન જે આપે તેમાં પરિતોષ, સંપૂર્ણ

સંતોષ, (૫) બીજાનું સારું જોઈ રાજી રાજી થવું, (૬) પરસ્ત્રી માતા ગણવી, (૭) કોઈનું ધન જોઈ પડાવી લેવાની ઊંઘમાં પણ ઈચ્છા ન કરવી, (૮) ખાવા-પીવામાં પણ મિતતા, (૯) વાણીનો ઓછામાં ઓછો ઉપયોગ, (૧૦) ગપ્પાં કદી ન મારવાં, (૧૧) આજીવિકા પ્રાપ્ત કરવા નીતિ પૂરેપૂરી જાળવવી, (૧૨) કોઈના ઉપયોગમાં આવવા સતત વિચારવું, (૧૩) આળસ અને પ્રમાદનો ત્યાગ, (૧૪) ભગવાનનું નામ-સ્મરણ કરવું, (૧૫) અસત્યનો ત્યાગ અને સત્યનું આચરણ, (૧૬) જૂઠું ન બોલવું, (૧૭) કપટી આચરણ ન કરવું, (૧૮) મીઠી પણ સત્ય વાણી બોલવી, (૧૯) કોઈ વ્યક્તિનું દીલ ન દુભવવું, (૨૦) કોઈની ઈર્ષા સ્વપ્નમાં પણ ન કરવી, (૨૧) ખાસ તો ક્રોધ ન કરવો, (૨૨) લોભ ન કરવો પણ ઉદાર બનવું, (૨૩) કોઈની પાસેથી કંઈ લેવાની ઈચ્છા ન રાખવી, પણ આપવાની ઈચ્છા રાખવી, (૨૪) હંમેશાં ઉન્નત વિચારો કરવા, અને (૨૫) દુષ્ટનો સંગ કદી ન કરવો.

ઉપરની પચીસ બાબતો મનુષ્યે પોતાના દૈનિક જીવન સાથે તાણાવાણાની જેમ વણી લેવી. પરિણામે વ્યક્તિનું જીવન દિવ્ય બનશે. ઉપરના જીવન-ઘડતરનાં તત્ત્વોનું આચરણ માણસને ભૌતિક, આધ્યાત્મિક અને દૈવિક ત્રણે રીતે ઉર્ધ્વગામી બનાવશે. એટલું જ નહિ પણ તેના તન, મન અને ચિત્તને શાંતિ અને આનંદ આપશે. આવા આચરણથી મનુષ્યને કેટલો લાભ થશે તે એક ઉદાહરણથી સમજાવું.

એક વખત કોઈ એક ઉદ્યોગપતિ પોતાના ઉદ્યોગ માટે કોઈ કામ કરાવવા એક સરકારી ઓફિસમાં ગયા. ત્યાંના એક ઓફિસરને મળી તેની ફેકટરીનું કોઈ કામ કરી આપવા તેને લાંચ આપવાની વાત કરી. પેલા ઓફિસરે લાંચ લેવાની સ્પષ્ટ ના કહી. ઉદ્યોગપતિએ ઓફિસરને સમજાવવા, તે માગે તેટલી રકમ આપવા તેને લલચાવ્યો, પણ પેલો એકનો બે ન થયો તે ન જ થયો. ઉદ્યોગપતિ નારાજ થઈ ચાલ્યો ગયો.

પણ આવો પ્રામાણિક ઓફિસર પેલા ઉદ્યોગપતિની આંખમાં તો વસી ગયો. તેણે વિચાર્યું કે આવા પ્રામાણિક ઓફિસરો જો મારા ધંધામાં હોય તો મારી ફેકટરી એક ઉત્તમ ફેકટરી બને. હવે જ્યારે પેલો ઓફિસર નિવૃત્ત થયો, ત્યારે પેલો ઉદ્યોગપતિ તેની પાસે પહોંચી ગયો અને સમજાવી તે ઓફિસરને પોતાની ફેકટરીમાં એકઝીક્યુટીવ ઓફિસર અને ફેકટરીનો ડીરેકટર બનાવ્યો. **પ્રામાણિકતા સાચવ્યાનો આ કેટલો મોટો ભૌતિક લાભ !**

નોકરી પર રહેનારો માણસ તેને પોષાય છે તો પગાર લઈ નોકરી કરે છે. હવે પગાર લઈને નોકરી દીલ દઈને ન કરે અને ફક્ત પોતાના હક્ક જ માગમાગ કરે અને ફરજ બજાવવામાં મીંડુવાળે તેવા મનુષ્યનું જીવન કેટલું દયનીય ગણાય. **જીવનમાં નિષ્ઠા અનિવાર્ય છે.**

વેપાર કરનાર આજીવિકા માટે તો વેપાર કરે છે, પણ નફો ખીચડીમાં મીઠું સમાય તેટલો જ લેવાને બદલે તે અતિશય નફો લેવા જાય, હલકો માલ આપે, ઓછો માલ આપે તો તેનું જીવન કેટલું અધમ ગણાય ! તેનું અધઃપતન જ થાય ને !

**દિવ્યજીવન કોઈ બજારમાં મળતી વસ્તુ નથી.** જેમ એક પથ્થરને શિલ્પી ટાંકણાં મારી ઘડે, તો જડ પથ્થર ભગવાનની પ્રતિમા બની જાય છે. લોકો, ભક્તો, ભાવિકો તે મૂર્તિની પૂજા કરે છે, તેને પુષ્પમાળાઓ ચડાવે છે, તેની આગળ પ્રાર્થનાઓ કરી કરી પ્રણામ કરી સુખની, સમૃદ્ધિની, શાંતિની અને દુઃખ મટાડવાની વિનંતિ કરે છે. **જડ પથ્થરને કંડાર્યો તો પથ્થર તારણહાર મૂર્તિ ભગવાન બન્યો, તો જો ચેતન મનુષ્ય, ઉપર જણાવેલી રીતે જીવન જીવે, તો તે નરમાંથી નારાયણ ન બની શકે ?** જરૂર બની શકે પણ જો તે સાહજિક, સરળ અને ભાવનાભર્યું જીવન જીવવા પ્રયત્નશીલ બને તો. તો ચાલો આપણે જીવનની સાર્થકતાના વીસમા સોપાનેથી દિવ્યજીવનની ભાવના કેળવીએ. કેવી રીતે તેમાં પ્રગતિ સાધીશું ? બહુ જ સરળ રીત છે. ગભરાવાની જરાએ જરૂર નથી. જીવનને દિવ્ય બનાવનારી પ્રવૃત્તિઓને આપણે એક હાઉ બનાવી તેનાથી છળી મરીએ છીએ, નાસી છૂટીએ છીએ, બીએ છીએ. જેમકે નવલકથા વંચાય જ નહિ, સિનેમા જોવાય જ નહિ, રમતમાં સમય બગાડાય જ નહિ, પાના રમાય જ નહિ, મીઠાઈ અને જીભને રસ પડે તેવી વાનગી જમાય જ

નહિ, કલામાં રસ લેવાય જ નહિ - આવા કેટલાય નકારાંત્વક તત્ત્વોએ, એકાંગી અને રોગિષ્ટ દૃષ્ટિ ધરાવતા કહેવાતા સાધકો, સંતો અને મહાત્માઓને મુખેથી સાંભળવા મળે છે.

આવા નકારાત્મક વલણોથી આપણે ગંભીર જીવનદ્રોહ કરીએ છીએ તેનું ભાગ્યે જ આપણને ભાન છે. આ બધા જીવનમાં નાના નાના આનંદો છે, પણ તેમાં રહેલું જીવન વિરાટ છે. તે આખું જીવન નથી પણ તે દરેકમાં જીવનનો પ્રાણ અવશ્ય ધબકે છે. બંગાળના મહાન નવલકથાકાર શબદબાબુની લગભગ બધી જ નવલકથાઓ મેં વાંચી છે. હાથમાં લીધા પછી પૂરી કર્યા વિના મૂકવાનું મન થાય. લખાણમાં કોઈ જગાએ બિભત્સતા કે જુગુપ્સાપ્રેરક શબ્દ ખોળવા છતાં ન મળે. જીવનની ભાવભરી વાતો, ભાઈબહેનના સંબંધો, માતા-પુત્રના સંબંધોની હારમાળાનું હૂબહુ દર્શન પ્રસંગોમાં જોવા મળે છતાં, રસથી વંચાય. શરદ્બાબુ કોઈ પાત્રને મોઢે ઉપદેશ ન અપાવે પણ ઉપદેશાત્મક આચરણ કરાવે. ગુજરાતીમાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠજીની સરસ્વતીચંદ્ર નવલકથા સાહિત્યનું અમૂલ્ય રત્ન છે. પ્રસંગ લંબાવતો નથી, પણ કહેવાનું તાત્પર્ય એવું છે કે જીવનને વિસ્તૃત રીતે સ્પર્શતી કેટલીય વ્યાપક પ્રવૃત્તિઓને પણ આ જ અભિપ્રાય લાગુ પરે છે. ધર્મની વ્યાખ્યા તો એવી થાય કે **'ધર્મ એટલે તો ઉચ્ચતમ જીવન નિર્માણ કરતું વિજ્ઞાન.' મનુષ્યે જીવનને દિવ્ય બનાવવાનું છે, ફેંકી દેવાનું નથી.**

બુદ્ધ ભગવાનના જીવનનો પ્રસંગ અહીં વિચારીએ. તમામ પ્રકારની કષ્ટદાયક ઉગ્ર તપશ્ચર્યાનો જાતઅનુભવ લીધા પછી અનુભવ અને ચિંતનમાંથી તેમને જે માર્ગ પ્રાપ્ત કર્યો તે નીચે પ્રમાણે છે.

ભગવાન બુદ્ધ વૃક્ષ નીચે બેઠા હતા. ઉગ્ર તપને કારણે તેમનું શરીર કૃશ થઈ ગયું હતું, પણ તેમણે દૃઢ નિશ્ચય કર્યો હતો કે જ્યાં સુધી આત્મશાંતિ ન પ્રાપ્ત થાય ત્યાં સુધી તપશ્ચર્યા છોડવી નથી. તે વખતે પ્રભુઈચ્છાથી તેમની બાજુમાં થઈને ગાનારી બહેનોનું એક ટોળું પસાર થઈ રહ્યું હતું. તે ગાતું જતું હતું.

'હે વીણાને વગાડનારા ! તારી વીણાના તારને એટલા જોરથી ખેંચીશ નહિ કે તાર તૂટી જાય જેથી તેમાંથી ગીત ન નીકળે. તેમ એ તારને એટલા ઢીલા પણ ન રહેવા દે કે તેમાંથી સૂર ન નીકળે' વીણામાંથી સુંદર અને મધુર સ્વર કાઢવા માટે તમારી વીણાના તારને માફકસર ખેંચેલી સ્થિતિમાં રાખજો.'

ગાયિકાઓનું વૃંદ તો ગાતું ગાતું ચાલ્યું ગયું, પણ ભગવાનબુદ્ધને તેમાંથી મહાન સત્ય લાધ્યું, પ્રેરણા મળી, જ્ઞાન મળ્યું. તે ગીત સાંભળ્યા પછી તેમણે ઉગ્ર તપ છોડી દીધું. તે દિવસે તેમણે ખીર ખાધી આત્માને તૃપ્ત કર્યો. ઊંડા ચિંતનમાંથી તેમને મધ્યમ માર્ગ મળ્યો. **મધ્યમ માર્ગ અપનાવી જીવન દિવ્ય બનાવીએ.**

અનેક બુદ્ધિમાન મહાપુરુષોએ તેમના અનુભવના નિચોડમાંથી આ નવનીત-સાર શોધ્યો છે કે જીવનનું સૌંદર્ય આવું મધ્યબિંદુ અપનાવવાથી સમૃદ્ધ દિવ્ય બન્યું છે. તો જે મનુષ્યને પોતાનું જીવન દિવ્ય બનાવવું છે તેણે આ માર્ગે જ પ્રવાસ કરવો પડશે. વસ્તુ પોતાની જગાએથી ગબડી ન પડે તે માટે વસ્તુએ પોતાના ગુરુત્વ મધ્યબિંદુનો ખ્યાલ રાખવો જ પડશે એમ ભૌતિક વિજ્ઞાન કહે છે. એ મધ્યબિંદુનો અનાદર થયો કે વસ્તુ ગબડી સમજો. આમ **સંસારમાં સુંદર દિવ્યજીવન બનાવવા માટે બધી પ્રવૃત્તિઓમાં અંતિમવાદ પણ નહિ, પણ મધ્યમવાદ જ મહત્ત્વનો છે.**

થોડા ઊંડો વિચાર કે ઊંડું ચિંતન કરવાથી આ વાત સરળતાથી સમજાશે. જીવનનાં નાનાં નાનાં સામાન્ય પ્રસંગો પણ આપણે સરળતાથી, સહૃદયતાથી, પ્રામાણિકતાથી આચારવા. મેં 'નાના નાના' શબ્દ એટલા માટે વાપર્યો છે કે જીવન એટલે નાના નજીવા પ્રસંગોનો સમૂહ. પણ આપણા માટે તે બનાવો, પ્રસંગો નિર્દોષ હોવા જોઈએ, કપટરહિતના હોવા જોઈએ, સાચા હોવા જોઈએ. અંગ્રેજી કવિતાની એક પંક્તિ આજે મને યાદ આવે છે, તેમાં કહ્યું છે કે "પાણીનાં નાનાં નાનાં ટીપાં એક મોટો મહાસાગર બનાવે છે (Little drops of water make the mighty ocean) તે ન્યાયે તમારા જીવનને તમારા જીવનના નાના નાના પ્રસંગો જ દિવ્ય બનાવે છે.

રસ્તા પર એક છોકરો ઊભો ઊભો દીવાસળીની

પેટીઓ વેચતો હતો. બહુ જ નમ્રતાથી આગ્રહ કરી કરીને દીવાસળીના બંડલ વેચતો હતો. એક ગ્રાહકને તેણે એવી કાકલુદી કરી દીવાસળી ખરીદવા આગ્રહ કર્યો કે પેલા ગ્રાહકને ડઝન પેટી ખરીદી લેવી પડી. પણ ઘરાકની પાસે છૂટા પૈસા ન હતા. તેણે પેલા છોકરાને દસની નોટ આપી. પેલા છોકરાને પરચુરણ લેવા જતા પહેલાં પેલા ગ્રાહક સાથે થોડી વાતચીત કરેલી કે તે ક્યાં રહે છે. બનવા કાળે એવું બન્યું કે પરચુરણ લેવા જતાં પેલા છોકરાને અકસ્માત થઈ ગયો. પગનું હાડકું ભાંગ્યું.

પેલા ઘરાકે વિચાર્યું કે છોકરો છેતરી ગયો. અઠવાડિયા પછી પેલા ઘરાકને ઘેર ઘરાકનું નામ દઈ એક છોકરો સવારના પહોરમાં આવીને ઊભો. બારણું ખખડાવ્યું. બારણું ખુલ્યું. એક છોકરો બારણા આગળ સાત રૂપિયા લઈને ઊભો હતો. તેણે પેલા ભાઈને બધી વાત કરી કે 'મારો મોટો ભાઈ તમારી દસની નોટનું પરચુરણ લેવા જતાં અકસ્માતનો ભોગ બન્યો છે, પણ આપનું ઠામ-ઠેકાણું અને નામ તે જાણતો હતો. મને તેણે મોકલ્યો છે. આ તમારા રૂપિયા સાત લો. મોડો પડવા બદલ હું લાચાર છું."

વાત એક નાના છોકરાની છે, પણ સત્ય આખા જીવનનું છે. પેલા ભાઈને સાત રૂપિયા ન મળ્યા હોત તો તેઓ કંઈ ગરીબ ન થઈ જાત, પણ પેલા નાના છોકરાની પ્રામાણિકતાનાં દર્શન થાય છે એટલે પેલી અંગ્રેજી કવિતાની પંક્તિ આગળ કહે છે : **"જીવનનાં નાનાં નાનાં કૃત્યો જ જીવનને દિવ્ય બનાવે છે** (Little deeds of KINDNESS make the LIFE DIVINE). ચાલો ત્યારે આપણે પણ જીવન સાર્થકતાના વીસમા સોપાનેથી પડકાર ફેંકીએ કે **'હું પણ મારા જીવનને દિવ્ય બનાવવા ઉપરના પચીસે નિયમો પાળી, પાળવા જાગૃત રહી મારા જીવનને દિવ્ય બનાવીશ.'**

(-ક્રમશઃ)

★★★

# શ્રી લલિતાસહસ્રનામ...

લેખાંક : ૧૧

....✍ : **શ્રી ચંદ્રકાન્ત એમ. જાની**

**चम्पकाशोकपुन्नागसौगन्धीकलसत्कचा ।**
**कुरुविन्दमणिश्रेणीकनत्कोटीरमण्डिता ॥४॥**
**अष्टमीचन्द्रविभ्राजदलिकस्थलशोभिता ।**
**मुखचन्द्रकलङ्काभमृगनाभिविशेषका ॥५॥**

(૧૩) **चम्पकाशोकपुन्नागसौगन्धिकलसत्कचा** - શ્રીમાતાના કેશ ચમ્પક, અશોક, પુન્નાગ જેવા સુગંધિત પુષ્પોથી સજાવેલા છે.

દેવી માતાનો શારીરિક આકાર અગ્નિની વેદીથી ઉત્પન્ન થયો છે અને એ પ્રકારે ટોચથી નીચે સુધીનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ શિખા (ટોચ)નું વર્ણન છે કેમકે તે પ્રથમ કૂટ વાગ્ભવનું પ્રતીક છે અને પંચદશી મંત્રના ત્રણ કૂટોમાંનું એક છે.

તેમના કેશ પુષ્પોની (જેવી) સુગંધ આપી રહ્યા છે. એમ કહેવાય છે કે - 'દેવીમાતા ! આપ જ પુષ્પોની સુગંધરૂપ છો. આવી સ્થિતિમાં શું દેવીમાતાના કેશોની સુગન્ધની તુલના બીજી કોઈ વસ્તુથી કરી શકાય કે ?' (ન જ કરી શકાય.)

ભગવતી માતાના કેશ સ્વયં (પોતાની કુદરતી રીતે જ) સુગંધિત છે. પુષ્પોમાં જે સુગંધ જણાય છે તે પ્રકૃતિની પંચભૂતાત્મકતાની દેણ છે. સામાન્ય રીતે સ્ત્રીઓના કેશની સુગંધ તેમણે ધારણ કરેલા પુષ્પની વેણીથી સુગંધિત જણાય છે. પરંતુ દેવીમાતાના કેશની સુગંધથી તો સ્વયં પુષ્પ જ સુવાસિત થાય છે.

ચમ્પક (પુષ્પ) નું (અન્ય) નામ માલતી (પુષ્પ) તરીકે પણ જાણીતું છે. પુન્નાગ (પુષ્પ) ને કેશરબકુલ (મૌલશ્રી) અથવા કેશરપુન્નાગ કે દેવવલ્લભ પણ કહે છે.

(૧૪) **कुरविन्दमणिश्रेणीकनत्कोटीरमण्डिता** - કુરુવિન્દ્ર મણિઓની લટોથી શ્રીમાતાનો મુકુટ ચમકી રહ્યો છે.

કુરુવિન્દને પદ્મરાગમણિ પણ કહે છે. ગુરુડપુરાણમાં રત્નો વિશે પણ એક સ્વતંત્ર અધ્યાય છે. જે ખાણોમાંથી આ મણિઓ નીકળે છે તેવા અનેક પ્રકારના મણિઓની ચર્ચા કરવામાં આવી છે. કેટલાક મણિઓ નદીઓમાંથી પણ પ્રાપ્ત થાય છે. કુરુવિન્દમણિને સ્ફટિકના મણિઓ કરતાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ મણિ પ્રેમ, સમૃદ્ધિ અને પરમાત્માની (શ્રીહરિની) ભક્તિને વધારવાવાળું છે. અત્રે એવો ભાવ પ્રેરિત છે કે જે વ્યક્તિ આ મણિઓની શોભાવાળા શ્રીદેવીમાતાનું ધ્યાન કરશે તેની શ્રીમાઁ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિની વૃદ્ધિ થતી રહેશે.

(૧૫) <u>**अष्टमीचन्द्रविभ्राजदलिकस्थलशोभिता**</u> - શ્રીમાતાનું મસ્તક અષ્ટમીના ચન્દ્રની જેમ ઉજ્જવળ અને નિર્મળ છે. અષ્ટમીના ચન્દ્રમાની આઠ કળાઓ હોય છે તેથી આ દિવસોમાં તેનો (ચંદ્રનો) પ્રકાશિત અને અપ્રકાશિત ભાગ એમ બન્ને ભાગ એક સમાન હોય છે.

(૧૬) <u>**मुखचन्द्रकलङ्काभमृगनाभिविशेषका**</u> - શ્રી માતાના લલાટભાગે હરણની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કસ્તૂરી જેવું સુગંધિત તિલક છે. ચંદ્રમાની અંદર આવેલ લાંછન (કલંક) જેવું બિંદુ તેની (તિલકની) શોભા વધારે છે તેમ આ કસ્તૂરીતિલકનું લાંછનરૂપ બિંદુ શોભી રહ્યું છે. શ્રીમાતાનું મુખ જ ચન્દ્રમાની સમાન છે એમ કહ્યું છે તે એક રૂપક સમાન છે એટલે કે દાખલારૂપ છે. (અસલમાં તો સહસ્રો ચંદ્રમાની કાંતિથી પણ અધિક રૂપવાળાં શ્રીમાતા છે.

શ્રીમાતાના સ્વયંસુગંધિત કેશ અને મુગટમાંના કુરુવિન્દ્રમણિ-પદ્મરાગમણિની સેરની શોભા વર્ણવી છે તેવી જ શોભા સદ્ગુરુત્વની કૃપાના સાક્ષાત્કારની છે તેમ જ્ઞાનેશ્વર મહારાજ ગુરુ-ઉપાસનાની તેમની 'ભાવાર્થનંદિની' નામની ગીતા પરની આવીઓના અધ્યાય ૬ની ૧૭મી ઓવીમાં જણાવે છે કે -

**ना तरी ध्यातुवादाही न जोडे ।**<br>
**तैं लोहींचि मैधरे सांपडे ।**<br>
**जरी दैवयोगैं चढे ।**<br>
**परिखुं हातां ॥ ३३ ॥**

**અર્થ** - દેવવશાત્ જો પારસમણિ હાથ લાગ્યો તો, કીમિયાના યોગવડે પણ પ્રાપ્ત થનાર ઉત્તમ સુવર્ણ લોખંડમાંથી જ સાંપડે છે.

**ભાવ - પરમતત્ત્વનો સાક્ષાત્કાર જે સાધનાક્રમવડે નથી થતો તે, સદ્ગુરુદેવની કૃપાથી અનાયાસે સહજ ભાવે થઈ જાય છે.**

પૂજ્ય 'ભાઈ' પણ શ્રીમાતાના અનંત ઐશ્વર્ય, માધૂર્ય અને વાત્સલ્યને અનુભવતાં કહે છે. **"જગજ્જનની મા ! તારા અનંત ઐશ્વર્યના ભંડારો ખુલ્લા કરી દે છે ! અમૂલ્ય રત્નો છૂટે હાથે કેવી વેરી રહી છો ! તારા મહિમા અને વાત્સલ્યના ઝૂલે અમારી નાની ચેતના ઉલ્લાસપૂર્વક ઝૂલે છે. તારા માધુર્યની ઝાકળવર્ષાથી અમે ભીનાં ભીનાં થઈએ છીએ. અમારું અંતર નાચી ઊઠે છે, તારી લીલા-ચર્ચા રસપૂર્વક કરીએ છીએ, તારાં યશોગાન મત્ત બનીને ગાઈએ છીએ, અમારી સમગ્ર ચેતના તારાથી છલકે છે."**

(-ક્રમશઃ)

★★★★

## • વિચાર કરવો •

*મનુષ્ય જેમ નિર્બળ, તેમ તેનું સંયમ કરવાનું બળ ઓછું હોય છે. આ વાત સ્મરણમાં રાખીને આ કસોટી વડે વારંવાર પરીક્ષા લેતા રહેવી. જ્યારે આપણે ક્રોધને વશ થઈએ અથવા દુઃખી થઈએ, ત્યારે કઈ વાત સાંભળવાથી અથવા યાદ આવવાથી આપણા મનમાં એવી વૃત્તિઓનો ઉદ્ભવ થયો - થવા પામ્યો - એ વિશે વિચાર કરવો.*

**- ચંદ્ર આગત્સ્યાયન**

## આપણે કરવાનાં કામો..

....✍ : સ્વ.શ્રી બાબુભાઈ જે. બારોટ
રજૂઆત : શ્રી ભરતભાઈ બી. બારોટ

**દરરોજનાં કામો :**

- આનંદ ગ્રંથાલયના જરૂરી ગ્રંથો ખરીદવાની યાદી તૈયાર કરી એ કાગળો 'આનંદ ગ્રંથાલય'ની ફાઈલમાં ફાઈલ કરવાના છે.
- ખરીદેલા કે ભેટ મળેલા-મળતા ગ્રંથોની નોંધ કરી લઈએ - પુસ્તકાલય રજીસ્ટરમાં પછી નોંધી લેવાના છે.
- શુભેચ્છકોએ અને અન્ય ભક્તોએ નોંધાવેલી રકમોની નોંધ અલગ એક નોટબુકમાં કરવાની છે અને તે પ્રમાણેનાં નાણાં એકઠાં કરવાનો પ્રબંધ કરવાનો છે.
- જૂના અંકોના વર્ષવાર સેટ તૈયાર કરાવવાનાં છે.
- આઠમો અંક 'મહાગણપતિ'નો તૈયાર કરવાનો છે. જે લેખકોના લેખ મળે તે પૂજ્ય બાના સિંહાસન પાસેના કોર્નરના ખાનામાં વ્યવસ્થિત સાચવીને મૂકાવવાના છે. આ રોજબરોજનું કાર્ય શ્રીરાજરાજેશ્વરી પીઠમ્‌ના સ્થાનિક ઉપાસકને સોંપવાનું છે.

**અતિથિગૃહમંદિરમાં સાધકે રાખવાની સાવધાની :**

- અતિથિગૃહમંદિરને સદૈવ સ્વચ્છ, સુઘડ રાખીએ.
- ઓશિકાં માથામાં નાખેલા તેલથી તેલી ન બને તે માટે ઓશિકા ઉપર સ્વ-નેપકીન રાખીને જ સૂઈ રહીએ.
- શયન-પથારી છોડતાં પહેલાં ચાદર, ઓશિકું, ચોરસો વગેરે યથાસ્થાને ગોઠવવાનું ભૂલીએ નહિ.
- ચંપલ, બૂટ કે મોજડી યા જે તે પાદત્રાણ પ્રવેશદ્વાર બહાર જ રાખીએ.
- છત, દીવાલ, બારી કે દીવાલોના ખૂણેખાંચરે ક્યાંય છેપટ, કચરો કે બાવાં ન રહે. સઘળું સ્વચ્છ રાખવા બારીક નિરીક્ષણ કરી જ લઈએ.
- આપણે સૌ પાવન અને પવિત્ર આશ્રમમાં એક સજાગ અને સાવધાન ઉપાસક તરીકે આવીએ છીએ તો સ્વચ્છતા અને સુઘડતાની સતત સાવધાની રાખીએ. જેથી આશ્રમના સેવકગણને આપણો કાર્યભાર વેઠવો ન પડે.

આ સઘળી સાવધાની સાધકની શોભા છે અને અન્ય સાધકને પણ પુણ્ય અને પ્રેરક શુભકાર્ય માટે પ્રેરે છે. ચાલો આપણે આ ઉમદા આદેશોનો અમલ કરીએ.

**આનંદધામના સેવાવ્રતધારી સંનિષ્ઠ સેવકોને...**

શિસ્ત સેવાનો શણગાર છે. સેવામાં મેવાનો સ્વાદ રહેલો છે.

- ભક્તિના ભાવથી ભરેલા હૃદયથી કરેલી સેવાનો આનંદ અપૂર્વ અને અવર્ણનીય છે.
- આપણી સેવાની વિશિષ્ટતા એ છે કે આપણને સેવા સોંપવામાં આવી નથી પણ સદ્‌કાર્યની તક જતી ન કરવા અને પુણ્ય પ્રાપ્ત કરવા આપણે જાતે જ હોંશભર્યાહૈયે હરખેહરખે સ્વીકારી લીધી છે.
- સેવા તો સાનંદ કરીએ જ છીએ પણ હવે તો આપણે વ્રતધારી સેવકો થયા છીએ.

***પ્રચંડ પુરુષાર્થ અને પ્રેરણાસભર સેવાથી ગૌરવવંતુ કાર્ય કરવા આપણે આટલી વાતોને સતત લક્ષ્યમાં લઈએ -***

- રાજરાજેશ્વરી પીઠમ્, આનંદધામની રોજબરોજની સ્વચ્છતા અને સુઘડતા આપણેજ સાચવવાની છે.
- રોજની વપરાશની ચીજો, પાત્રો અને વાસણો રોજ સાફ રાખીએ.
- ગાદલાનાં કવર, ઓશિકાનાં કવર, ઓછાડ વગેરે દર અઠવાડિયે ધોઈ સાફ કરીએ.
- કબાટ, અભરાઈઓ, માળિયાં દર પંદર દિવસે તપાસી લઈ સાફ કરીએ જેથી છેપટ, બાવાં કે ઉધાઈ કોઈ વસ્તુને બગાડે નહિ.

**ભોજનાલય - અન્નપૂર્ણા મંદિર :**

***ભગવતી રાજરાજેશ્વરી ષોડશીપરામ્બાનો પ્રસાદ લેનાર સાધકોએ આચરવાની આચારસંહિતા -***

- પ્રસાદભવનમાં પ્રવેશતાં પહેલાં સાધકે શીતળ જળથી હાથ, પગ અને મોં સ્વચ્છ કરીને જ પ્રસાદ લેવા યથાસ્થાને બિરાજવાનું છે.
- પ્રસાદ પીરસાઈ જાય એટલે સાધકે શાંતચિત્તે, પ્રસન્ન મુખમુદ્રામાં ધ્યાનસ્થ અવસ્થામાં ભગવતી શ્રી અન્નપૂર્ણાની પ્રાર્થના અવશ્ય કરવાની જ છે.
- પ્રસાદથી શ્રી ભગવતીએ આપણને તૃપ્ત કર્યા છે તે માટે ભગવતી પ્રત્યેનો આદર ભાવ વ્યક્ત કરવા પુનઃ પ્રાર્થના-વંદના કરીને જ પ્રસાદ ભવનમાંથી નિર્ગમન કરવાનું છે.
- પ્રસાદભવનમાં શ્રીમા અન્નપૂર્ણાની પ્રાર્થનાઓ છે જ, તે સાધકે કંઠસ્થ યા મુખપાઠ કરી લેવાની છે.
- તૃપ્તિ થવાય તેટલો પ્રસાદ જરૂર લઈએ પણ અન્નનો એક કણ પણ ન બગડે તેની સાવધાની સાધકે સદૈવ રાખવાની છે.
- સદૈવ શાંત અને પ્રસન્નચિત્તે પ્રસાદ લઈએ. રઘવાટ તો કરાય જ નહિ.
- પ્રસાદ લેતા પહેલાં થાળી, વાટકો, પ્યાલો અને પાણી લઈને જ બેસીએ.
- પ્રસાદ લીધા પછી પ્રસાદની જગા સાફ કરી, પ્રસાદપાત્રો - થાળી, વાટકો, પ્યાલો-વગેરે જાતેજ ઉપાડી બહાર મૂકીએ.
- રાજરાજેશ્વરીની પ્રદક્ષિણા કરવાનો ચોક તો રોજ સ્વચ્છ રાખીએ જ. જેથી પ્રદક્ષિણા કરનારને સ્વચ્છતા-દિવ્યતાનો આનંદ મળે.
- દર મહિને અન્નપૂર્ણાલયમાં - અનાજ ભંડારમાં- જરૂરી સામગ્રી જાણી લઈ ખરીદી કરીને, સ્વચ્છ કરી યથાસ્થાને રાખીએ.
- ઉત્સવના દિવસોમાં અગાઉથી સાવધાની રાખી સઘળી જરૂરીઆત પૂરી પાડીએ જેથી સઘળી વ્યવસ્થા સચવાય.
- **'સેવૈવ મહાવ્રતમ્'** - સેવા જ મોટામાં મોટું વ્રત છે. માટે તો સાક્ષાત શ્રીકૃષ્ણે પતરાળાં ઊઠાવવાનો આનંદ માણ્યો અને શબરીજીએ બુહારી સેવાનો સ્વાદ મધુર રીતે માણ્યો જ છે ને !
- આપણે પણ સેવા કરતાં કરતાં અહંકારને ઓગાળવો છે. નમ્ર, દીન (લાચાર નહિ) બની દિલની દાતાર શ્રીમાના દરબારમાં દાખલ થવાનું છે.

★★★

## સ્નેહ-તાંતણે...

....✍ : શ્રી ભગવત સુથાર

નિરાશ્રિતોની છાવણીઓમાં હંમેશા સોપો છવાયેલો રહેતો. ગમગીની, નિરાશા, હતોત્સાહ, એકાકીપણું, સ્વજનહીનતા વગેરે ભાવ ત્યાં રેલાતા. કોઈનો પતિ, કોઈનો પુત્ર, કોઈની ભગિની, કોઈની માતા, કોઈનો પિતા, કોઈની પત્ની ગૂમ હતાં, તો કોઈના તો એક પણ સ્વજન નહોતાં. ઉપર આભ અને નીચે ધરતી - બસ એ જ એમનાં સ્વજન જાણે કે ! ક્યારેક શીતળ પવન લાગણીનો સ્પર્શ લઈને આવતો !

એક છાવણીમાં એક યુવતી-વૃક્ષથી ખરી પડેલા પાન જેવી જર્જરિત થઈ ગયેલા વસ્ત્ર જેવી કદાચ ! પોતાના ચહેરા પરના આ નિરાધારીના ભાવને બે હાથથી ઢાંકવા મથતી હતી. તેમના મનરંજન માટે સરકારે મૂકેલા રેડિયોમાંથી એક પંક્તિ તેના કાને પડી;

રાખી ધાગોંકા ત્યૌહાર....

તે સફાળી ચોંકી. તેની આંખમાં એકદમ હર્ષનો આવેગ આવ્યો ને શમી ગયો. ને હવામાં દૂર દૂરના ડુંગરોને વળોટીને જોઈ રહી. તેની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. તેને હવામાં ધીરે ધીરે અંકિત થતી ઝાંખી ઝાંખી આકૃતિ ઉપસી આવતી દેખાઈ... નાનકડો... કોમળ કળી જેવો ખીલતો તેનો ભાઈ પ્રમોદ તેની સામે આખી બાંયનો ઝભ્ભો અને લેંઘો પહેરીને આવી રહ્યો છે. તે હાથમાં પૂજાની સામગ્રી લઈને ઊભી છે. પ્રમોદ નજીક આવ્યો. તેણે તેની આરતી ઉતારી... કપાળમાં ચાંદલો કર્યો ને... ભાઈએ હાથ લાંબો કરીને રક્ષા બંધાવી.. નીચે નમીને નમસ્કાર કર્યા. ને પાસે આશિષ આપી ચૂકી... તે પ્રમોદ આજે ક્યાં છે ! ક્યા બલૂચી કે પંજાબી સૈનિકની રાક્ષસી ગોળીનો શિકાર થઈ ગયો ? પોતે પણ...થાત...પણ સારું થશે પેલા મુસ્તુફાનું કે તેણે મને.. પોતાની સાથે લીધી ને આજે આ છાવણીમાં.. પણ મને તે દિવસે આવી કુમતિ કેમ સૂઝી! મારે જીવીને હવે શું કરવાનું ? કોની ખાતર જીવવાનું ?...

તેની આંખમાંથી આંસુ વહ્યે જ જાય છે. તે શૂન્યમનસ્ક બની જાય છે. પણ આ સામેથી કોણ આવે છે ? તેના હાથમાં શું છે ?... અરે ! આ તો તેના ચરણે આવીને નમસ્કાર કરવા લાગ્યો....

"બહેનાં, લો આ હાથે મને રક્ષા બાંધો..."

તે પેલા યુવાનની સામે જોઈ જ રહી. તેની આંખમાંથી વહેતો ભગિની-સ્નેહ તે પી રહી. તેની આખમાં આંખ પરાવીને તેણે પોતાની જર્જરિત સાડીનો એક છેડો ફાડ્યો, ને તેની રક્ષા બનાવે તે પહેલાં તો...

"અરે અરે ! મારી બહેનાં ! તારો ભાઈ બધું જ લાવ્યો છે... લે, આ રહી રક્ષા... સરકારે લીધેલી સેવાઓના બદલે મને મળેલા પૈસામાંથી હું બધું જ લાવ્યો છું... પહેલાં તું લે, આ સુંદર સાડી લે... તારી આંખમાંથી આંસૂને લૂછી નાંખ... આ આરતી તૈયાર કર ને... પછી..."

પોતાના વતનમાં સામે બારણે જ રહેતા મુસ્તુફાએ રક્ષાબંધનની બધી જ વિધિમાં કાયમ હાજરી આપેલી ને ક્યારેક તો રક્ષા પણ બંધાવેલી.

તે યુવતીના દિલમાં આનંદની સુરખી જાગી. પોતાનો જ ભાઈ પ્રમોદ નવા સ્વાંગમાં - મુસ્તુફાના સ્વાંગમાં-જાણે કે આવીને સામે ઊભો ન હોય ? તેમ સગર્વ તે આવી. તેની આરતી ઉતારી મોંમાં મીઠાઈ મૂકી ને મોં ગળ્યાં કર્યા... ને મુસ્તુફાનો હાથ લાલ રંગની રક્ષાના સ્નેહ-તાંતણે શોભી ઉઠ્યો.. આખીયે છાવણીમાં આનંદપર્વની હેલિ આવી ગઈ. આકાશમાંથી વાદળીઓ વરસી રહી. સૂર્યના તડકાનાં ચોસલાં તેમાં ભીંજાઈ ને ધન્ય બની રહ્યાં.

શું આ પણ માનવીનું રૂપ હશે !

★★★

## ભક્તની શરણાગતિ

...✍ : સુ.શ્રી. કિરણબેન એન. શાહ

આપણે અત્યાર સુધી વિવેક-ધૈર્ય વિશે જોઈ ગયા. ઘણીવાર એવું બને કે વિવેક-ધૈર્ય રાખવાં હોય તોપણ રાખી ન શકીએ. સમજીએ ખરાં કે ગમે તેવા સંજોગોમાં પણ ધૈર્ય રાખવું. પ્રભુ પર વિશ્વાસ રાખવો. પણ ઘણીવાર એવું બને છે કે આપણે વિવેક-ધૈર્ય ગુમાવી દઈએ છીએ. આપણા પર અતિશય દુઃખો આવી પડે ત્યારે તેનો ભાર સહન કરી શકતા નથી. મનમાં ચિંતા, વલોપાત થયા કરે. માતાનો એકનો એક પુત્ર બીમાર પડે. ડૉક્ટરે દવા કરી પણ તે પુત્રને સારું ન થાય. માતાને રાત-દિવસ ચિંતા થાય કે મારો પુત્ર ક્યારે સાજો થશે ? પુત્રની બિમારીની ગંભીર હાલત જોઈ માતા રડવા લાગે. ખૂબ વલોપાત કરે. આવા સમયે શું કરવું ? એક જ ઉપાય કે સાધન છે. **હરિનું શરણું લેવું. શ્રીહરિનું શરણ એ જ એક સાધન છે.** હરિનું શરણ લેવાથી ચિંતામાંથી મુક્ત થવાય છે. ચિંતા બધી પ્રભુને સોંપી દેવી. મનુષ્યે તો ફક્ત પ્રભુનો આશ્રય જ લેવો. હરિનું શરણ લેવાથી આલોક અને પરલોક બંને સુધરી જશે. **જીવનો તો સ્વભાવ જ ભૂલો કરવાનો છે. તેનાથી અપરાધ તો થવાના જ. પણ દયાળુ પ્રભુ શરણે આવેલાને કદી તરછોડતા નથી.**

શરણ શબ્દ તો ગુજરાતીમાં આપણે વાપરીએ છીએ. આપણને કોઈ કામ આવડતું નથી. તે કામ કરવાની આપણી શક્તિ નથી. ત્યારે બીજાની મદદ લઈએ ત્યારે એમ કહેવાય કે તેનું શરણ આપણે સ્વીકાર્યું. નબળો માણસ શક્તિશાળી માણસનું શરણ શોધે છે. શરણ માટે આશ્રય શબ્દ પણ વપરાય છે.

આપણે સુંદર મજાનું ઘર વસાવ્યું. ઘર આપણે આપણા રક્ષણ માટે બનાવીએ છીએ. ઘર આપણને ઠંડી, ગરમી, વરસાદથી રક્ષણ આપે છે. માણસ જ્યારે ચારેબાજુએથી ચિંતાઓથી ઘેરાઈ જાય ત્યારે ચિંતામુક્ત થવા તે ઘરની બહાર જાય છે પણ ચિંતાથી મુક્ત થતો નથી. જ્યારે તે ઘેર આવે ત્યારે જ તેને શાંતિ થાય. "ધરતીનો છેડો ઘર" કહ્યું છે તે સાચું જ છે. ઘરમાં માણસ સૂકો રોટલો ખાઈને બેસી રહે પણ તેના આત્માને પરમશાંતિ હોય છે. આપણે જ્યારે બહારગામ એક માસ માટે જઈએ છીએ ત્યારે ઘરને મોટું તાળું લગાવીએ છીએ. શા માટે? ચોરથી રક્ષણ મેળવવા. ઘરમાંથી ચોર વસ્તુઓ, દાગીના, રૂપિયા ચોરી ન જાય તે માટે બહારગામ જતી વખતે જેમ મોટું તાળું લગાવીએ છીએ તેમ આપણા મનમાં પણ અનેક દુર્ગુણો હોય છે. તેને દૂર કરવા પ્રભુનું શરણ એ જ મોટું તાળું છે. બીજા શબ્દોમાં સાધન છે. **તાળું એ ઘરનો રક્ષક છે. તેમ મનના દુર્ગુણો દૂર કરવા પ્રભુનો આશ્રય એ જીવ માટે રક્ષણનું સાધન છે.**

આપણા મનમાં શરણ દૃઢ હોવું જોઈએ. મકાનનો પાયો કાચો હોય તો બનાવેલી ઈમારત તૂટી પડે છે. તેમ શરણ મજબૂત ન હોય તો કોઈ કાર્યની સિદ્ધિ ન થાય. તેમ શરણ મજબૂત ન હોય તો કોઈ કાર્યની સિદ્ધિ ન થાય. માણસનું પતન શરૂ થાય છે. વાંદરી અને તેના બચ્ચાનું ઉદાહરણ આપણે સમજીએ. વાંદરી તેના બચ્ચાને તેડતી નથી. બચ્ચું વાંદરીની છાતીએ વળગે છે. વાંદરી જ્યારે એક વૃક્ષથી બીજા વૃક્ષે કૂદકો મારે છે ત્યારે તેનું બચ્ચનું તેના હાથ પગથી વાંદરીને ચુસ્ત રીતે વળગી રહે છે. વાંદરીનું શરણ બચ્ચું લે છે. વાંદરી કશું કરતી નથી. જો બચ્ચાની પકડ ઢીલી પડે તો બચ્ચું નીચે પડી જાય ને જાન ગુમાવી બેસે છે. તે રીતે પ્રભુનું શરણ છે. **જુદાં જુદાં સાધનો કરીએ ત્યારે એ સાધનોનું આચરણ આપણે બરાબર ન કરીએ તો પ્રભુનું શરણ પ્રાપ્ત થાય નહિ.**

આપણે અર્જુનને યાદ કરીએ. સત્તર અધ્યાયો સુધી અર્જુને પરમાત્માને પામવાનાં જુદાં જુદાં સાધનો અને સાધનાઓ વિશે પ્રભુને પ્રશ્નો પૂછ્યા. પરંતુ તે પોતે આમાંથી ક્યું સાધન અને સાધનાપદ્ધતિ સ્વીકારવી તેનો નિર્ણય કરી શક્યો નહીં. ત્યારે છેવટે ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આજ્ઞા કરી કે હવે તું તારા બધા પ્રયત્નો છોડી દઈને માત્ર મારું શરણ સ્વીકારી લે. બાકીનું બધું હું સંભાળી લઈશ.

સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ !
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।
(ગી.૧૮-૬૬)

ભગવાન અર્જુનને કહે છે બીજા બધા ધર્મો-વલણો-ને છોડીને મારે શરણે જ આવ. હું તને બધા પાપોથી મુક્ત કરીશ. તું ચિંતા કરીશ નહીં.

અત્યાર સુધી ભગવાને અર્જુનને ભગવત્ પ્રાપ્તિના જુદા જુદા માર્ગ વિશે તેમજ પરબ્રહ્મ, પરમાત્મા, વર્ણાશ્રમધર્મ, સંન્યાસ, અનાસક્તિ, ઈન્દ્રિયનિગ્રહ, મનોવિગ્રહ અને ધ્યાન જેવા અનેક વિષયો અંગે જ્ઞાન આપ્યું. હવે છેલ્લે ગીતાનો ઉપસંહાર કરતાં ભગવાન અર્જુનને કહે છે તું બધા ધર્મો-વલણો-છોડીને મારે શરણે આવ. શ્રીકૃષ્ણશરણ તેને કર્મબંધનના બધાં પાપોમાંથી ઉગારી લેશે. ભગવાન પોતે જ તેને ભવસાગર તરી જવાનો ઉપાય બતાવે છે.

મનુષ્ય કર્મબંધના પાપોથી મુક્ત ન થાય તો પણ માત્ર શ્રીકૃષ્ણનું શરણ લે તો પણ પાપમાંથી મુક્ત થાય છે. પાપમાંથી મુક્ત થવા માટે અથાગ પ્રયત્નની જરૂર પડતી નથી. તેથી પ્રત્યેક માનવે પ્રેમ અને શ્રદ્ધાથી શ્રીકૃષ્ણનું શરણ લેવું જોઈએ.

**જીવે કાર્યો એવા કરવાં કે જે ભગવદ્ભક્તિ તરફ તેને અભિમુખ કરે.** વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ભલે મનુષ્ય સ્વકર્મ કરે પણ સ્વકર્મ કરવાથી કૃષ્ણ તરફ ન જાય તો તેની બધી પ્રવૃત્તિઓ નકામી જવાની. કૃષ્ણભાવના તરફ લઈ જાય તેવીજ પ્રવૃત્તિઓ જીવે કરવી જોઈએ. ગમે તેવા સંજોગો આવશે. ગમે તેવી મુશ્કેલી આવશે પણ શ્રીકૃષ્ણ ભગવાન જ રક્ષા કરશે એવો દૃઢ વિશ્વાસ તેણે રાખવો જોઈએ. મનુષ્યે પોતે સમજી લેવું જોઈએ કે પોતે અસહાય છે, પોણે કશું કુરવા સમર્થ નથી. સર્વ કર્તાહર્તા તો શ્રીકૃષ્ણ જ છે. પરમાત્મા પ્રાપ્તિ માટે શાસ્ત્રમાં ઘણા માર્ગો બતાવ્યા છે. પણ જે મનુષ્ય શ્રીકૃષ્ણને શરણે જાય તેને આ બધું કરવાની જરૂર રહેતી નથી. શ્રીકૃષ્ણનું જ શરણ લેવાથી બિનજરૂરી સમય તેનો બચી જશે. કર્મબંધનથી જીવ મુક્ત થઈ આધ્યાત્મિક માર્ગે આગળ વધી જશે.

★★★

# પરામ્બા વિલાસ

લેખાંક : ૮

...✍ : મૂળ લેખક : શ્રી ચુનીભાઈ ભટ્ટ
પ્રસ્તુતિઃ શ્રી આત્મારામ ભારદ્વાજ

(પરમ આદરણિય લેખક મહોદય શ્રી ચૂનીભાઈ ભટ્ટ દ્વારા પ્રકાશિત 'પરામ્બા વિકાસ' નામના ગ્રંથમાંથી શ્રીવિદ્યા ઉપાસકોના લાભાર્થે સાભાર પ્રસ્તુત કરેલ છે.)

## પ્રકરણ - ૩
## ગુજરાત અને શ્રીવિદ્યા

શ્રીવિદ્યા એ વેદકાલીન વિદ્યા છે; અને વેદ જેટલી પુરાણી છે. વેદકાળમાં ભારત કેવડો અને કેવો દેશ હશે તેનો માત્ર અંદાજ જ કરવો પડે. કારણકે, તે વખતની મૂળ ઐતિહાસિક હકીકતો કાળના ગર્ભમાં લુપ્ત થઈ ગઈ છે, અને જે પ્રાપ્ય માહિતી છે, તે અમુક માન્યતા કે નક્કી કરેલી ગુરુતા કે લઘુતાગ્રંથિથી મુક્ત નથી. એટલે તેને તટસ્થ કે સંપૂર્ણ વિશ્વસનીય ન ગણી શકાય.★★★★★

તે વખતનું ભારતનું તક્ષશિલા વિદ્યાકેન્દ્ર વારાણસીથી દૂર હતું પણ ઈરાન, અફઘાનિસ્તાન તથા નજીકના પશ્ચિમના દેશોથી નજીકમાં હતું અને તેથી તેની વિવિધ શાખાઓનો લાભ નજીકના દેશો લેતા હશે, તે સ્વાભાવિક છે. અફઘાનોની આજની ભાષામાં પંચ, ષષ્ઠ, સપ્ત, અષ્ટ શબ્દો ૫, ૬, ૭, ૮ માટે વપરાય છે. તે બતાવે છે કે તેમની ભાષા પણ સંસ્કૃત હતી.

તે વખતની બે નદીઓ યુક્રેટિસ, ટૈગ્રીસને કાંઠે બાટુ અને બાંકુ નગરોમાં અઢળક સમૃદ્ધિ હતી, અને બાકુમાં એક સુખ્યાત જ્યોતિર્લિંગ હતું. તે શિવમંદિર તેની વિશાળ ધર્મશાળા સાથે આજે પણ જોવા મળે છે. એ બાકુનગર રશિયામાંથી હાલમાં છૂટા પડેલ અજરબૈઝાન દેશમાં છે અને તે શિવમંદિરનું ત્યાંની ભાષામાં નામ 'રદામ ઓવન્યા' છે.

ભારતમાં તક્ષશીલા, નાલંદા, વારાણસી અને વલ્લભી જેવાં વિદ્યાધામો જેમ જોડાયેલાં હતાં તેમ અજરબૈઝાન, ઈરાન, અફઘાન પ્રદેશો પણ ભારત સાથે

સાંસ્કૃતિક સંબંધોથી જોડાયેલા હતા. ગ્રીસના રાજાની પુત્રી પાટલિપુત્ર (પટણા) સાથે પરણાવી હતી, અને તેથી પણ પટણા સુધીની ભારતીય સંસ્કૃતિની વાત ગ્રીસમાં પણ પહોંચી હતી અને અનેક વિદ્યાશાખાઓ તેમની ભાષામાં રૂપાંતરિત કે ભાષાંતરિત થઈ હતી. આજનું પશ્ચિમીજગત પોતાના વિવિધ જ્ઞાન માટે ગ્રીસનું ઋણી છે. પણ ગ્રીસ દેશના જ્ઞાનના મૂળ અને સંસ્કૃતિના પાયાનાં તત્ત્વો ભારતીય જ્ઞાન સાથે સંબંધિત હતાં, એટલે ભારતીય સંસ્કૃતિની અસર યુરોપમાં પણ હતી તેમ આપણે સ્વીકારી શકીએ.★★★★★

સરસ્વતી નદી પ્રથમ કચ્છના રણમાં તે વહેતી હતી. તે પ્રવાહ હજારો વરસ ચાલુ રહીને પાણિનિના સમય પહેલાં કોઈ કારણે તેનો મૂળ પ્રવાહ રણની પશ્ચિમે વહેતો થયો પણ મૂળ માર્ગ પણ ચાલુ રહ્યો. એક નકશામાં બ્રહ્મપુત્રા,★★★★★ સરસ્વતીના દક્ષિણ ક્ષેત્રના વહનક્ષેત્રમાં જમીન કાંપવાળી ને અતિ ફળદ્રુપ હતી. દર વરસે તેમાં આઠ માસ પાણીનાં પૂર આવતાં, અને નવો કાંપ ઠલવાતો જતો હતો, અને તેથી તે પ્રદેશ વિશેષ ફળદ્રુપ બનતો જતો હતો. આ નદીએ ભૂકંપ કે તેવા કોઈ કારણે પોતાનો પ્રવાહ બદલ્યો, તે પછી તેનો અમુક પ્રદેશ રેતાળ બની ગયો, ને રણ જેવો દેખાયો.

જૂના સમયમાં સરસ્વતીના વહનનો રણ જેવો તે પ્રદેશ ત્રણ વિભાગમાં વહેંચાયેલો હતો. કુરુ પ્રદેશ, કુરુ ક્ષેત્ર, કુરુ જાંગલ. કુરુક્ષેત્ર જમના નદીથી પશ્ચિમે હતો; તે પ્રદેશ અતિશય ફળદ્રુપ હતો. ઋગ્વેદીય વૈદિક સંસ્કૃતિનાં મૂળ સપ્તસિંધુ (સાત નદી : સિંધુ, જેલમ, ચિનાબ, રાવી, સતલજ, ગંગા, યમુના)માં હતાં; અને તેમાંય અતિ ફળદ્રુપ પ્રદેશ સરસ્વતીતટનો હતો. જેને હાલ સતલજ કહે છે.

પતંજલિ પોતાના મહાભાષ્યમાં ગંગા, યમુના સાથે સરસ્વતીને પણ વારંવાર યાદ કરે છે. આ નદીને પાણિનિના સમયમાં "હૈમવતી" પણ કહેતા હતા. 'સિદ્ધાંત શિરોમણિ' નામના ગ્રંથમાં સરસ્વતી માટે લખે છે કે, 'क्वचित द्रश्या क्वचिददृश्या' એટલે કે ક્યારેક દેખાયને ક્યારેક પાણી લુપ્ત થાય. અને તેથી મહાભારત, પદ્મપુરાણ અને પતંજલિ તેને "विनशना" (નાશ પામતી) શબ્દથી ઓળખાવે છે.

આ નદીતટ ઉપર અનેક મહાયજ્ઞો થયા છે, ને તે યજ્ઞોની નામાવલી 'કાત્યાયન શ્રૌતસૂત્ર', લાટ્યાયન શ્રૌતસૂત્ર', 'આશ્વલાયનશ્રૌતસૂત્ર' અને 'સાંખ્યાયન શ્રૌતસૂત્ર'માં જોવા મળે છે. મુખ્યત્વે તે ત્રણ સ્થળે લુપ્ત થાય છે. મહાભારત પણ તે લુપ્ત થવાની વાત લખીને વનપર્વમાં (અ.૮૨) પ્રાદુર્ભૂત થવાની વાત કરે છે.

ઉત્તરમાંથી લુપ્ત થવાનાં તે ત્રણ સ્થાનોને નામ પણ અપાયાં છે. 'ચમસોદ્દભેદ, શિરોદ્દભેદ, નાગોદ્દભેદ' (પંજાબ ગેઝેટીયરમાં-અંબાલા વિભાગની માહિતીમાં આ ત્રણ ભેદની વિગતથી વાત કરવામાં આવી છે.)

આ સરસ્વતીતટનું સંશોધન થાય તો ઘણી બાબતો માનવસમાજને ઉપયોગી બની શકે, પણ થોડી ઉપયોગી બાબતો આપણે અહીં આપીએ.

આજના વૈજ્ઞાનિક યુગમાં વિજ્ઞાનની મદદ લઈને ઉપગ્રહો દ્વારા પણ સંશોધન થવા લાગ્યાં છે, અને અન્ય રીતે ઉપગ્રહ સિવાય પણ સંશોધન થાય છે એવા એક અમેરિકન ઉપગ્રહના સંશોધન વખતે ભારત ઉપર નજર પડતાં મોટો ખાલી ઉજ્જડ પટ્ટો દેખાયો. ભારત ઉપર નજર રાખનાર આ ઉપગ્રહને તે પટ્ટો તેમના હેતુમાં ખપનો ન હોવાથી, તે અંગે વિશેષ સંશોધન કરવા ગૂજરાતના સંશોધનકેન્દ્રને (ઈસરો) (અમદાવાદ) મોકલ્યો. તેમણે તે સંશોધન કરી જાહેર કર્યું કે, એ વિશાળ લાંબો પટ્ટો, સરસ્વતી નદીનો પટ છે. અને સરસ્વતીના જૂના વહનપ્રદેશનો તે ખ્યાલ આપે છે. એ સૂકો પ્રદેશ ૬ થી ૮ કિ.મી.ના પહોળા વિસ્તારમાં પથરાયેલો છે. રાજસ્થાન સરકાર અને ભારતની મધ્યસ્થ સરકારનાં સંશોધનો પણ એની સાક્ષી પૂરે છે. એક સંશોધનમાં એવું પણ તારણ મળ્યું છે કે, હાલના બિકાનેર જિલ્લામાંથી વહેતા આ જૂની સરસ્વતીના વિશાળ પટમાં ભૂગર્ભ જળ પણ છે, પરંતુ તે ભૂગર્ભ જળ ધરતી ઉપરનાં વહેતાં ઝરણાં, નદી કે કુવા કરતાં જુદું છે, એટલું જ નહીં, તેના ક્ષારો પણ જુદા છે. ભૂગર્ભ જળના

નમૂના ચકાસતાં તે પાણી હિમાલયની નદીઓના જળપ્રવાહ સાથે મેળ ખાતું લાગે છે.

આપણે ભારતીય કે વેદકાલીન સંસ્કૃતિની જે વાત કરી તેનાં મૂળ એ નદીતટમાં છે. ભારતીય જ્ઞાનવારસો આ નદીઓના તટ ઉપર પાંગર્યો છે, અને તેમાં પણ માનસરોવરની નદી સરસ્વતી મુખ્ય છે. "ज्ञानं महेश्वरा दिच्छेत्' એ વાત ભારતમાં પ્રખ્યાત છે. જેનું મૂળ સ્થાન કૈલાસ છે. કૈલાસપતિ જ્ઞાનદાતા છે, તો માનસરોવરનું જળ ભારતને જળસમૃદ્ધ અને જળસંપત્તિ સમૃદ્ધ બનાવી સંસ્કૃતિ દાતા પણ છે.

વેદજ્ઞાન અને શ્રીવિદ્યાના જ્ઞાનને આ નદીના સ્થાન સાથે સંબંધ હોય તો નવાઈ ન લાગવી જોઈએ. આ એક જ નદી એવી છે, કે જે, માનસરોવરમાંથી નીકળી ગૂજરાત સુધી વહી, કચ્છના રણમાં મળી જાય છે, અને તેથી તેનો કાંઠાવિસ્તાર ઘણો લાંબો, વિશાળ અને ફળદ્રુપ હતો.★★★★

મૂળ સરસ્વતીનું પાછળથી નામ ઘધ્ઘર નદી પણ હતું. ઘધ્ઘર એ જ વેદકાલીન સરસ્વતી નદી હતી. સ્કંદ, પુરાણ વગેરેમાં વખણાયેલી સરસ્વતીનો પટ ખૂબ પહોળો હતો. અખૂટ પાણી હતું. વરસાદ અને ઉનાળાનો બરફ ઓગળવાથી આઠ મહિના પૂર જેવો પ્રવાહ વહેતો હતો. પાણીમાં ખૂબ પ્રવાહ વધતો હતો. તેની લંબાઈ તો માનસરોવરથી કચ્છના રણ સુધી હતી એટલે તેની અતિ ફળદ્રુપ અને સુજલાં સુફલાં ધરતીનો લાભ લેવા પ્રજા લલચાય તે સ્વાભાવિક છે, અને તેથી ઋષિમુનિઓએ પણ તેને કાંઠે આશ્રમો બાંધ્યા હતાં. તેને કાંઠે ખેતી અને વ્યાપાર કરનારી સમૃદ્ધ પ્રજા વસતી હતી. મોટાં નગરો વસ્યાં હતાં. અંબાલા, થાણેશ્વર, કુરુક્ષેત્ર, વસિષ્ઠાશ્રમ, સિદ્ધપુર વગેરે તેને કાંઠે વસેલાં હતાં. એક નકશામાં લોથલ, હરાપા વગેરે જોવા મળે છે. કચ્છના અખાત પાસેના રણમાં બે સ્થળે સરસ્વતી મળતી દેખાશે. પહેલાં પૂર્વ તરફ મળતી હતી, પરંતુ ભયંકર ભૂકંપ કે તેવા કાણે એ નદીનો પટ સાવ બદલાઈ ગયો ને પશ્ચિમે વહીને સિંધુના મુખથી પૂર્વમાં પણ પોતાના જૂના મુખથી પશ્ચિમમાં કચ્છના રણમાં લુપ્ત થવા લાગી હતી. પરંતુ સૂકોભઠ પ્રદેશ બનેલા તેના જૂના સ્રોત વિસ્તારમાં વરસાદનું થોડું પાણી તો વહેતું રહેલું ને તે વિસ્તાર આજે પણ છે. લુણી નદીને મળે તે પછી આબુ પાસેથી આજ સુધી સતત એ મૂળ પટમાં જ વહે છે; પણ જળરાશિ ખૂબ જ ઘટી ગયેલ છે; ને જૂના વેદકાલીન સમયમાં જ સ્થળે તે રણમાં મળતી હતી ત્યાં જ આ નવા પ્રવાહનું પાણી જાય છે ને તે રણમાં તે જગ્યાએ મળે છે.

હિમાલયનું માનસરોવર જોતાં તેમાંથી ત્રણ મુખ્ય નદીઓ વહે છે. એક બ્રહ્મપુત્ર, જે પૂર્વ તરફ વહીને પછી દક્ષિણે બંગાળી ઉપસાગરને મળે છે, તે પહેલાં તેને ગંગા પણ મળે છે. એટલે ગંગા. યમુના અને બ્રહ્મપુત્રનાં જળ સાથે મળીને બંગાળનાં સમુદ્રમાં મળે છે. બીજી સિંધુ નદી પણ માનસરોવરમાંથી નીકળી પશ્ચિમે વહીને પછી દક્ષિણાભિમુખ થઈને સિંધની દક્ષિણે અરબીસમુદ્રને મળે છે. ત્રીજી નદી સરસ્વતી માનસરોવરના દક્ષિણ ભાગમાંથી સહેજ પશ્ચિમે (હાલ જેને સતલજ કહે છે તે અસલ સરસ્વતીતટ છે.) વહીને દક્ષિણે થાણેશ્વર, કુરુક્ષેત્ર, આબુ પાસે થઈને કચ્છના રણને મળે છે.

સરસ્વતી ત્રણેય અવસ્થામાં હજારો વરસથી સદા રણમાં જ મળે છે. તેનો પ્રવાહ સમુદ્રને મળતો ન હતો. તેથી તે નદીને, કુમારિકા તરીકે ગણી. વધારે પૂજ્ય માને છે, અને તેથી માનસરોવરનું જળ ભારતમાં લાવનાર આ કુમારિકા નદીને ઋષિઓ અને લોકો વધારે આદરથી જોતા હતા. એના કાંઠાના વિસ્તારમાં આ લેખમાં ગુજરાત માટે ઉપયોગી બે મુખ્ય સ્થાનો ગણી શકાય. એક વસિષ્ઠાશ્રમ અને બીજું સિદ્ધપુર.

વસિષ્ઠ ઋષિએ સરસ્વતીકાંઠે આશ્રમ સ્થાપ્યો હતો. તેઓ તિબેટ જઈને તારાવિદ્યામાં પારંગત બન્યા હતા, અને મહાન સિદ્ધ હોવા ઉપરાંત યાજ્ઞિક પણ હતા. તેમણે પોતાની હવનપદ્ધતિ પણ વિકસાવી હતી.

સિદ્ધોનો બીજો પ્રખ્યાત આશ્રમ સિદ્ધપુરમાં હતો. **સિદ્ધો જે નગરમાં રહેતા હતા તે નગર સિદ્ધપુર કહેવાય છે; અને માતૃશ્રાદ્ધના સ્થાન તરીકે એ જમાનાથી એ સ્થળ સરસ્વતીને કાંઠે પવિત્રતીર્થ તરીકે ચાલુ છે.**

સિદ્ધો, જટિલો, તપસ્વીઓ, ઋષિઓ, મહર્ષિઓ, મુનિઓ વગેરે પ્રકારના ઉપાસકોની જુદી જુદી કક્ષાઓ હતી. તેમાં જે ખૂબ આગળ વધેલા હોય તેવાને જ સિદ્ધની પદવી અપાતી હતી. સરસ્વતીને એક કાંઠે સિદ્ધપુર શહેર હતું, તેમ સામે કાંઠે પણ ઋષિઓના આશ્રમો હતા, અને ત્યાં પણ સિદ્ધો રહેતા હતા. ગીતામાં સિદ્ધોમાં સર્વશ્રેષ્ઠ સિદ્ધનું નામ આપ્યું છે ત્યાં "સિદ્ધાનાં કપિલો મુનિઃ" (ગી.૧૦-૨૬) કહ્યું છે. ૨૭ સિદ્ધોનાં નામોમાં કપિલની સાથે કામલી નામના સિદ્ધનું નામ છે. તેનો આશ્રમ સિદ્ધપુર નગરની સામે હતો. તે સિદ્ધ સુવર્ણસિદ્ધિ અને અન્ય સિદ્ધિમાં પારંગત હતા. આજે પણ સરસ્વતીને કાંઠે બ્રાહ્મણવાડા ગામ પાસે એ સિદ્ધના નામે કામલી નામનું નાનું રેલ્વે સ્ટેશન પણ છે. આવા અનેક આશ્રમોથી સરસ્વતીનો સમસ્ત તટ વિખ્યાત હતો.

કપિલના પિતાજી કર્દમ શ્રીપુત્ર અને ઉપાસક હતા. આનંદ, કર્દમ, ચિકિલત, ઇંદિરાસુતોએ મળીને ઋગ્વેદનું શ્રીસૂક્ત રચ્યું છે. તે સ્થાન આ સરસ્વતીતટ છે. એ સિદ્ધોમાં વાયુયાન રચવાની સિદ્ધિ પણ હતી. ત્યાં બનેલા વાયુયાનમાંથી એક અનસૂયાને અત્રિ ઋષિ સાથે પરણાવ્યાં ત્યારે કન્યાદાનમાં અપાયું હતું. (દત્ત આત્રેયના મામા કપિલ હતા.) તેણે તે વાયુયાન અત્રિઋષિના મિત્ર અને યક્ષશ્રેષ્ઠ (वित्तेशो यक्षरक्षसाम्) (ગીતા). કુબેરને ભેટ આપ્યું હતું. અને કુબેર પાસેથી એ વિમાન રાવણ હરણ કરી ગયો હતો. રાવણ પાસેથી તે પુષ્પક વિમાન રામ પાસે ગયું હતું. એવાં સંશોધનો કરનાર મહાન સિદ્ધ સંશોધકોનો આ પ્રદેશ હતો.

સિદ્ધપુરની સામેના નદીના પશ્ચિમ કાંઠા ઉપર મોટું વન હતું, જે ધર્મારણ્ય નામે પુરાણપ્રસિદ્ધ છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં ધર્મારણ્ય વિષે વિગતે વાત આપી છે. તે અરણ્ય ઘણા મોટા વિસ્તારમાં પથરાયેલું હતું. આ ધર્મારણ્ય ક્ષેત્રના સિદ્ધપુરના કર્દમ, કપિલ, વગેરેને હિમાલયનાં શિખરો સાથે નદી દ્વારા તો સંબંધ હતો જ, પણ લોહીની સગાઈ પણ હતી, તેથી ઘનિષ્ઠ સંબંધ હતો.

પુરાણની વાત લઈએ તો સ્વયંભૂ મનુ અને શતરૂપાનાં લગ્ન થયાં અને તેને ત્રણ પુત્રીઓ થઈ આહુતિ, દેવહૂતિ અને પ્રસૂતિ.

- આહુતિનાં લગ્ન ઋચિ નામના ઋષિ સાથે થયાં હતાં.
- દેવહૂતિનાં લગ્ન કર્દમ ઋષિ સાથે થયાં હતાં.
- પ્રસૂતિનાં લગ્ન દક્ષપ્રજાપતિ સાથે થયાં હતાં.

દક્ષની એક પુત્રીનાં લગ્ન શિવ સાથે થયાં હતાં. તેનો દક્ષયજ્ઞભંગ પ્રસંગ પ્રખ્યાત છે. તે દેવીનું યજ્ઞમાં મરણ થયું તે પછી મૃતદેહના અવયવો ભારતમાં ૫૦ સ્થળે પડ્યા ને તેની દેવીપીઠ બની; જે શ્રીવિદ્યા સાથે સંબંધિત છે.

એ સંબંધ તપાસીએ તો કર્દમ ઋષિ 'સતી' ના માસા થતા હતા. કપિલ ભગવાન દક્ષપુત્રીના માસીના દીકરા થતા હતા: અને દક્ષ તથા કર્દમ-ઋષિ સાઢુભાઈ થતા હતા.

આ ધર્મારણ્યક્ષેત્રમાં રાવણહત્યા પછી બ્રહ્મહત્યાના પાપનું નિવારણ કરવા રામે મોટો યજ્ઞ કર્યો હતો. તે યજ્ઞનું આયોજન કપિલ ભગવાને કર્યું હતું. બ્રાહ્મણોની વધારે જરૂરત હોવાથી નર્મદાકાંઠાના બ્રાહ્મણોને ત્યાં યજ્ઞ માટે કપિલ ભગવાન આમંત્રણ આપીને બોલાવી લાવ્યા હતા.

ધર્મારણ્યક્ષેત્રમાં મોહકપુર અને બહુલા પ્રખ્યાત સ્થાનો હતાં. તેમાં બહુલા એ દેવીનાં ૫૦ પીઠસ્થાનોમાંથી બારમી પીઠનું સ્થાન હતું. **એ સ્થળ બહુલા, બોરુંવન, ચૌહારીપઠ અને ચુંવાળ પ્રદેશ એ નામે વિવિધ સમયે ઓળખાતું હતું. દેવીનો ડાબો હાથ એ સ્થળે પડ્યો હતો. આજના બહુચરાજીના મંદિર પાસે વરખડાના ઝાડ (સાલ્વાડોર પર્સિકા-પીલુ-જાળ) પાસે આ હાથ પડ્યો હતો. એ સ્થળે ત્રિપુરાસુંદરીએ બાલા સ્વરૂપ પ્રગટ થઈને ત્રિપુરાસુર દૈત્યનો વધ કર્યો હતાં.** એ પ્રદેશના મૂળવતનીઓ આજે પણ ચુંવાળીઆ કોળી ગણાય છે.

એ સ્થળ પાસે અને મોહકપુરમાં એ જમાનામાં મોટા યજ્ઞો થયા હતા. એ મહાયજ્ઞોમાં કર્દમઋષિ અને કપિલમુનિનો મુખ્ય હિસ્સો હતો. રાજો જે સ્થળે યજ્ઞ કર્યો

હતો તે સ્થળે યજ્ઞભૂમિ ઉપર સીતાપુર ગામ વસ્યું હતું.

આ ***બાલાત્રિપુરાનું સ્થાન એ જમાનાથી બહુચરાજી કે બાલાત્રિપુરા તરીકે આજ સુધી ઓળખાતું આવ્યું છે. તે શક્તિપીઠ છે, અને 'बहुचरी शक्तिनराणाम वीर्य दायिनी" તરીકે પણ પ્રખ્યાત છે. આ બહુચરા (બાલાત્રિપુરા ક્ષેત્રથી આઠ માઈલ દૂર તે વનમાં મોહકપુર નામનું પ્રખ્યાત બંદર હતું. તે સ્થળનું હાલનું નામ મોઢેરા છે.*** તે જમાનામાં તે એક ધીકતું બંદર હતું. સરસ્વતીના તટનો એક ફાંટો હાલ પણ ત્યાં રૂપેણ નદીના નામથી વહે છે. ઉત્તરભારત સાથે નદી દ્વારા વ્યવહાર હતો, ને ધીકતો વ્યાપાર ચાલતો હતો. એ નગરમાં અનેક સૂર્યપૂજકો અને દેવીપૂજકો રહેતા હતા. ત્યાં નગરથી દૂર રૂપેણ નદીને કાંઠે મોટું પ્રખ્યાત સૂર્યમંદિર હતું, જેના અવશેષો આજે પણ જોવા મળે છે. ***ગામની વચ્ચે ટેકરા ઉપર માતંગીમાતા છે અને ગામને ઝાંપે કૂવામાં જે માતંગીમાતા છે તેનું નામ શ્રીદેવી હતું. હાલ શ્રીદેવી નામ નથી પણ મોઢેરાની દેવી તરીકે મોઢેશ્વરી તરીકે હાલ ઓળખાય છે. માતંગી, મોઢેશ્વરી જેગામને ઝાંપે છે તે શ્રીદેવીનું અસલી સ્વરૂપ છે. તે ત્યાં કૂવામાં છે.***

**સૂર્યમંદિર પાસે સૂર્યકુંડ આજે પણ વિદ્યમાન છે. તે કુંડમાં હયગ્રીવનું સ્થાન પણ છે. તે કુંડકાંઠે હયગ્રીવ ભગવાને અગસ્ત્ય ઋષિને શ્રીવિદ્યા આપી હતી.** પચાસેક વરસ પહેલા ત્યાંના વિદ્વાન પુરોહિતે આ વાત કરીને તેનું અસલ સ્થાન કુંડથી ઉત્તરે બતાવ્યું હતું. તે વખતના મંદિરના "ગાઈડ" પણ આ કથનને સમર્થન આપીને તે જગ્યા બતાવવા જાતે આવ્યા હતા અને 'ગાઈડ' તથા પુરોહિતે હયગ્રીવમુનિનું જે સ્થાન બતાવ્યું તે એક જ હતું.

આ સૂર્યમંદિર, સૂર્યકુંડથી પૂર્વ અને ઉત્તર તરફનો સરસ્વતીનો કાંઠાળા પ્રદેશ, ત્યાંથી ઘણે દૂર સુધી શ્રીમાળ ગણાયો. જે આજે પણ શ્રીમાળ તરીકે (હાલ રાજસ્થાનમાં) ઓળખાય છે. એટલે કે, **શ્રી નામ સાથે સંબંધ ધરાવતો હજારો વર્ષ જુનો ભૌગોલિક પ્રદેશ પણ આ વાતની સાક્ષી પૂરે છે. એટલે કે, બાલાત્રિપુરા અને શ્રીદેવીનાં ધર્મારણ્યક્ષેત્રનાં બે સ્થાનોને શ્રીવિદ્યા સાથે સીધો સંબંધ છે.**

અગસ્ત્ય તે સ્થળથી દક્ષિણ તરફ ગયા અને વિંધ્યાચળ ઓળંગીને તામિલનાડુમાં શ્રીવિદ્યા તથા ભાષા તથા સંસ્કૃતિનો પ્રચાર કર્યો.

જે પ્રદેશ સરસ્વતીને સામે કાંઠે હતો તે શ્રીમાળ અતિ સમૃદ્ધ હતો. (રેખાંશ-૭૨.૫ અને અક્ષાંશ-૨૫) ત્યાં પણ ધનાઢ્ય વેપારીઓ વસતા હતા. તે પ્રદેશમાં જતાં પહેલાં મોટો જળરાશિ એકઠો થતો હતો. અને પૂરનાં તે પાણીનું મોટું સરોવર ત્યાં હતું. અને તેને કાંઠે અનેક નગરો વિકસ્યાં હતાં.

કુદરતના કોપે અને રાજકીય કારણોથી જ્યારે શ્રીમાળ છિન્નભિન્ન થયો અને સરોવર અને સમુદ્રનો લાભ ઘટી ગયો ત્યારે ત્યાંની સમજુ અને સમૃદ્ધ પ્રજા સ્થળાંતર કરીને અન્યત્ર વસી. સરસ્વતીના બંને કાંઠાના લોકોએ સ્થળાંતર કર્યું પણ પોતપોતાના સ્થાનનું વિશેષણ તેઓ આજે પણ લગાડે છે. મોઢ વણિક, મોઢ બ્રાહ્મણ, વગેરે. શ્રીદેવીના સ્વરૂપના તે પૂજકો હતા.

શ્રીમાળના લોકો આગળ શ્રી લગાડે છે. શ્રીમાળી બ્રાહ્મણ, શ્રીમાળી વૈષ્ણવ વણિક, શ્રીમાળી સોની વગેરે. એ પ્રદેશપ્રેમ આજ સુધી ચાલુ હતો. શ્રીમાળી જૈનને ત્યાં લગ્ન પ્રસંગ હોય તો બ્રાહ્મણ હંમેશાં શ્રીમાળી બ્રાહ્મણ જ તેના હક્ક તરીકે પસંદગી પામતા, અને આજે પણ તે રિવાજ ચાલુ છે.

સરસ્વતીના બંને તરફના તટવાસીઓ આજ સુધી 'શ્રી' શબ્દને સાચવી રાખતા આવ્યા છે, અને શ્રીનો લક્ષ્મી અર્થ પણ તેમના વ્યવહારમાં જોવા મળે છે. જૈનો પણ તે મહાલક્ષ્મીને પૂજે છે, જે આજ સુધી ચાલુ છે. કૃષ્ણનાં કૂળદેવી : ગૂજરાતના ત્રીજા ક્ષેત્ર અર્બુદાક્ષેત્રની વાત કરીએ તો તેમાં અંબાજી માતાની પ્રખ્યાતિ છે. તે જમાનામાં એ આરાસુરના પહાડી પ્રદેશને ચહલ પ્રદેશ કહેતા હતા. તે મંદિર પાસે દક્ષયજ્ઞમાંથી દેવીને લઈ જતી વખતે દેવીનો જમણો હાથ પડ્યો હતો. દેવીપીઠોમાં તે પંદરમી પીઠ ગણાય છે.

એ સ્થળે ટેકરી ઉપર જ્યાં જમણો હાથ પડ્યો હતો, ત્યાં ગબ્બર નામના સ્થળે મહાન સિદ્ધ અને

સાંખ્યશાસ્ત્રપ્રવર્તક કપિલ ભગવાને અંબાદેવીની સ્થાપના કરી હતી. જે આજ સુધી ચાલુ છે. વેદકાળ પછી અને આજથી આશરે ૪-૫ હજાર વરસ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણના બાળમોવાળા ઉતરાવવા નંદરાજા ગોકુળથી ગબ્બર આવ્યા હતા; કારણ કે ગબ્બરનાં એ દેવી તેમનાં કૂળદેવી હતાં. એ ક્ષેત્રમાં ગબ્બર પાસે એક સીધીલીટીમાં અંબાજીનું મંદિર છે ત્યાં પણ યંત્ર પૂજાય છે, અને ઉપર મૂર્તિ છે. તેની બરાબર સામે ગબ્બર છે; તો બરાબર પાછળ દૂર કોટેશ્વર છે. ગબ્બર, કોટેશ્વર, અને અંબાજી ત્રણેય એક સીધી લીટીમાં આવેલાં છે. કોટેશ્વર પાસે ઉદુંબર બ્રાહ્મણો વસતા હતા. સાધકોના અનેક પ્રકારો ઉપનિષદમાં વર્ણવાયા છે, તેમાં એક પ્રકાર ઉદુંબર સાધકોનો છે. તેવા સાધકો ઉદુંબરનાં ફળ ખાઈને સાધના કરતા હતા. તે **ઉદંબર બ્રાહ્મણો શ્રીવિદ્યાના સાધકો અને અયાચક હતા.** હાલ તેઓ એ સ્થાનમાંથી વિખરાઈ ગયા છે, પણ તે પ્રદેશ શ્રીસાધકોનો હતો તેમ એ ઉપરથી સમજાય છે.

આ રીતે બાલા, ષોડશી, અને અમ્બા એ ત્રણેય સ્વરૂપોનાં સ્થાન ગૂજરાતમાં આદિ કાલથી પ્રખ્યાત છે તેમાં બે તો પીઠસ્થાનો છે.

ગુજરાતમાં એક ★★ સ્થાન જૈનોનો પ્રખ્યાત તીર્થ સિદ્ધચલ ક્ષેત્રમાં શેત્રૂંજીનદીને કાંઠે ચોકથાણા પાસેના બોદાનાનેસ પાસેના પહાડમાં છે. તે પહાડને કદંબગિરિ ગામ તરીકે ઓળખાય છે, પણ ૬૦-૭૦ વરસ પહેલાં તે ગામ બોદાનો નેસ તરીકે ઓળખાતું હતું. ગામનું નામ બદલાયું પણ પહાડનું નામ એનું એ જ છે. (રેવન્યુ દફતરે તો હજી એ બોદાનોનસ નામ છે.)

- કદંબવનવાસિની દેવીનું તે સ્થાન હોવાથી તેને કદંબગિરિ કહે છે.
- સિદ્ધ કર્દમ ઋષિની માતાનું સ્થાન હોવાથી તેને કદમ (કર્દમ) ગિરિ કહે છે.
- કૌલ સાધકો જે મહાન સિદ્ધો હોય છે, તેમની માતાજી હોવાથી તે પહાડને કોળાંબો (કૌલ સાધકની અંબાનો પહાડ) એમ કહેવાય છે.
- ત્યાંના સ્થાનિક વતનીઓ આજે પણ ડુંગરને કોળાંબો કહે છે તે હકીકત તપાસતાં તદ્દન ખરી લાગી છે. તે પહાડ ઉપર શિખરે જતાં પૂર્વમાં ડાબી તરફ લીમડાનું પુરાણું ઝાડ હતું. ૭૦ વરસ પહેલાં તે સ્થાને ઊંડી બખોલો અમે જોઈ હતી. તે ખાડાઓ સાધુઓનાં ભોંયરાં હશે. જેમાં તે સંતો રહીને ઉપાસના કરતા હશે.

સ્થાનિક ઉપાસકો અને એ પહાડના અસલ માલિકો કામલીઆ કહેવાય છે. તે હકીકત પણ વિચારણીય છે. રઘુ શબ્દનો રાઘવ, જનકનો વંશ જાનકી, રાદડના રહેવાસી રાદડીઆ, સ્વામિનારાયણના અનુયાયી સ્વામિનારાણીય કહેવાય છે. રાણાયણ શાખાના ઉપાસકો રાણાયણીય કહેવાય છે તે રીતે **ભાષાકીય રીતે જોતાં કમલાના ઉપાસકો કામલીય (કામલીયા) કહેવાયા.** તે રાજપૂતોનાં અનેક ગામો આ વિસ્તારમાં હતાં. બધા કામલીઆ (કાંબલીયા) કહેવાતા અને આજે પણ તે બધા આહિરોનાં કુળદેવી આ કમળામાતા છે.

આ દેવીની મૂર્તિ નથી. ટોચ ઉપર પશ્ચિમે આંબલીના ઝાડ નીચે પથ્થર ઉપર ત્રિશૂળ આકૃતિમાં તેમની પૂજા થાય છે. આ દેવી હુતાસણી (ફાગણ સુદી ૧૫) પહેલાં સતી થયાં ને તે પછી તેનો અવતાર લક્ષ્મીરૂપે સમુદ્રમંથન વખતે થયો.

શ્રી શબ્દ અનેક અર્થમાં વપરાતો પણ શ્રી એટલે લક્ષ્મી તેવો અર્થ આ કમલા માતાના પુનર્જન્મ પછી રૂઢ થઈ ગયો.

આ રીતે ગુજરાતના વેદકાલીન દેવીઓ કુલ પાંચ છે. (૧) અંબાજી (૨) બહુચરાજી (૩) શ્રીદેવી (મોઢેશ્વરી) (૪) કમળા અને (૫) બગલામુખી. તેમાંની બે સૌરાષ્ટ્ર પ્રદેશમાં અને બાકીની ગુજરાતના પૂર્વભાગમાં છે. (-ક્રમશઃ)

★★★★

# ઉપનિષદનું તત્ત્વજ્ઞાન

....✍ : શ્રી રતિલાલ સાં. નાયક

ઉપનિષદો તત્ત્વવિચારણાના ગ્રંથો છે. આપણે બ્રહ્મ, આત્મા, જીવ એમ જેને કહીએ છીએ એ તત્ત્વની એમાં સુગમ વિચારણા થયેલી છે. જીવ સાથે જગતનું-સૃષ્ટિનું એમાં તત્ત્વજ્ઞાન પણ એવું જ સુપેરે રજૂ કરાયું છે. **સ્વયં 'જ્ઞાન' જ ઉપનિષદનો ચિંત્ય વિષય છે. 'સૃષ્ટિપ્રપંચ' કેવો છે એ ગૂઢ વસ્તુની સ્પષ્ટ વિચારણા એમાં થયેલી છે.** આપણે એ એક પછી એક લઈને સમજીએ.

'બ્રહ્મ' શબ્દ 'બૃહ્' (વધવું કે વિકસવું) ધાતુ ઉપર બન્યો છે. 'બ્રહ્મ' નો અર્થ 'સત્' પણ થાય છે. બ્રહ્મ આ વિશ્વનું આદિકારણ છે. બ્રહ્મ કે પરબ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે. નેતિ નેતિ દ્વારા જ એને વર્ણવી શકાય. એનો અર્થ એ કે **પરમ સત્યનું આકલન માનવમનથી કે માનવવાણીથી કરી શકાતું નથી.** જો કે એનો અર્થ બ્રહ્મ શૂન્ય છે એમ કરવાનો નથી. જો બ્રહ્મ શૂન્ય હોત તો તેનામાંથી આ દશ્યજગત ઉત્પન્ન થાત નહિ. બ્રહ્મ સત્પ્રપંચ છે અને બ્રહ્મ નિષ્પ્રપંચ પણ છે. આપણે નિર્ગુણને મહત્ત્વ આપવું કે સગુણને એ નક્કી કરવું મુશ્કેલ છે. એકજ બ્રહ્મને જાણવાનાં આ બે ભિન્ન દષ્ટિબિંદુઓ છે. ***વ્યવહારદષ્ટિએ બ્રહ્મ સપ્રપંચ છે ને પરમાર્થદષ્ટિએ નિષ્પ્રપંચ છે. વાસ્તવમાં બ્રહ્મ આ વિષયમાં સર્વત્ર વ્યાપ્ત છે અને તેની પાર અને વિશ્વની પર તેનું અસ્તિત્વ છે.***

બીજું લઈએ 'આત્મા' અને એને વિષે ઉપનિષદ શું કહે છે તે જોઈએ.

'આત્મા'નો અર્થ 'શ્વાસ' યાને 'પ્રાણ' છે તો બીજો અર્થ 'અંતર્યામી' એવો પણ છે. બાહ્ય વિશ્વમાં વિલસતું સત્તત્ત્વ અને મનુષ્યના અંતરના ઊંડાણમાં વિરાજતું સત્તત્ત્વ (એટલે કે બ્રહ્મ અને આત્મા) એ બે અલગ નથી પણ અભિન્ન છે- **વિશ્વાત્મા અને અંતરાત્મા અભિન્ન અને એક છે. બ્રહ્મ એ જ આત્મા છે.** આત્મા અને પરમાત્મા જુદા નથી- જીવનો બ્રહ્મ સાથેનો સંબંધ અભિન્ન છે. જો કે આ બાબતમાં બે મત આપી શકાય :' સપ્રપંચ મત મુજબ જીવ એ બ્રહ્મનો કેવળ કામચલાઉ છતાં ખરેખરો પરિવર્ત- એટલે કે પરિણામ છે, અને તેથી તે બ્રહ્મથી જેમ અભિન્ન છે તેમ ભિન્ન પણ છે. નિષ્પ્રપંચ મત મુજબ બ્રહ્મ પોતે જ જીવરૂપે દેખાય છે અને તેથી તેની અને જીવની વચ્ચે જરાય ભિન્નતા નથી.

હવે લઈએ 'જીવ' વિશેની ઉપનિષદની વિચારણા, 'જીવ' શબ્દ 'જીવ્' (જીવ લેવાનું ચાલુ રાખવું) ધાતુ ઉપરથી આવ્યો છે. જીવના જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભીજ એવા ચાર વર્ગ છે. **જીવ પોતાને માને છે એવો અલગ અને સીમિત તે ખરેખર નથી.** આને માટે એના નીચેના કોશો છે : અન્નમય કોશ (ભૌતિક અંશ), પ્રાણમય કોશ (ચેતનામય અંશ), મનોમય કોશ (સભાન અવસ્થા), વિજ્ઞાનમય કોશ (સ્વભાન અવસ્થા), અને આનંદમય કોશ (આનંદ અવસ્થા). આનંદમય કોશ છે તે મનોમય અને વિજ્ઞાનમય એ બંને કોશોથી ઉચ્ચ કોટિનો છે. આનંદમય અવસ્થામાં સઘળી ઉપાધિઓ અને શંકાઓ નિર્મૂળ થાય છે. આત્મા અને બ્રહ્મ વિષયક જે કલ્પના સૃષ્ટિ (જગત) અને જીવના સંદર્ભમાં થઈ છે તે નીચે મુજબ છે.

'આત્મા'ના ચાર પ્રકાર છે : શરીરાત્મા (વિશ્વ), પ્રાણાત્મા (તેજસ), વિજ્ઞાનાત્મા (પ્રજ્ઞારૂપી) અને પરમાત્મા (તુરીય).

'બ્રહ્મ'ના પણ ચાર પ્રકાર છે : વિશ્વશરીર (વિરાટ યા વૈશ્વાનર), વિશ્વનો પ્રાણ (હિરણ્યગર્ભ), સ્વભાન અથવા અસ્મિતા (ઈશ્વર) અને આનંદ (બ્રહ્મ).

'જ્ઞાન' વિશે ઉપનિષદને નીચે મુજબ કહેવું છે.

'જ્ઞાન' શબ્દ 'જ્ઞા' (જાણવું) ધાતુ ઉપરથી બન્યો છે. ઈન્દ્રિય, મન, બુદ્ધિ ઈત્યાદિ દ્વારા વસ્તુઓની પ્રતીતિ થાય છે. જો કે આવું જ્ઞાન વ્યવહારુ તેમજ સીમિતજ્ઞાન છે. બ્રહ્મ પણ હોય છે પણ તેનું જ્ઞાન પેલા લૌકિકજ્ઞાન કરતાં ચઢિયાતી કોટિનું છે. જ્ઞાનના બે વિભાગ છે : પરાવિદ્યા (ઊંચી કોટિનું જ્ઞાન) અને અપરાવિદ્યા (નીચી કોટિનું જ્ઞાન). પરાવિદ્યા તે બ્રહ્મનું જ્ઞાન અને અપરાવિદ્યા તે લૌકિક પદાર્થનું જ્ઞાન.

'સૃષ્ટિ', 'સૃષ્ટિપ્રપંચ', 'સૃષ્ટિ અને બ્રહ્મ' આ ત્રણે બાબતે પણ ઉપનિષદોએ સરસ ચર્ચાવિચારણા કરી છે.

સૃષ્ટિની ઉત્પત્તિ જળમાંથી થઈ છે. પ્રથમ એક અદ્વિતીય સત્ હતું; તેણે 'એકમાંથી હું અનેક થાઉં'- 'પ્રજા ઉત્પન્ન કરું' એમ ઈચ્છ્યું અને તેજ (પ્રકાશ) નું રૂપ ધારણ કર્યું- તેજમાંથી પાણી અને પાણીમાંથી સૃષ્ટિ એમ બન્યું. એક મત એવો પણ છે કે 'તે આ આત્મમાંથી આકાશ ઉત્પન્ન થયું, આકાશમાંથી વાયુ ઉત્પન્ન થયો, વાયુમાંથી અગ્નિ ઉત્પન્ન થયો, અગ્નિમાંથી જળ ઉત્પન્ન થયું, જળમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ, સૃષ્ટિમાંથી વનસ્પતિએ જન્મ ધારણ કર્યો, વનસ્પતિમાંથી અન્ન ઉદ્દભવ્યું અને અન્નમાંથી પ્રાણીમાત્ર (એમાં મનુષ્ય પણ) ની ઉત્પત્તિ થઈ.

સૃષ્ટિને આપણે માત્ર કલ્પના કે સ્વપ્ન માની એની અવગણના ન કરી શકીએ. આપણે જાતે અનુભવીને જોઈએ છીએ કે સ્વભાનવાળો ઈશ્વર અને અવ્યાકૃત જડ દ્રવ્ય કે પ્રકૃતિ એ બે તત્ત્વો મૂલ છે. **દ્રષ્ટા અને દૃશ્ય, પુરુષ અને પ્રકૃતિ, આત્મા અને અનાત્માનું દ્વૈત સર્વત્ર છે. સત્-બ્રહ્મ- એક છે, છતાં આપણને દ્વૈત દેખાય છે.** જો કે આ સમસ્યાનો કામચલાઉ ઉકેલ એમ બતાવી શકાય કે ઈશ્વરે અર્થાત્ બ્રહ્મે સૃષ્ટિની રચના શા માટે કરી એનો ઉત્તર કદી અપાયોયે નથી અને કદી અપાઈ શકાવાનોયે નથી. સૃષ્ટિ શા માટે હોવી જોઈએ તે આપણે જાણતાં નથી; સૃષ્ટિ છે એટલું જ આપણે જાણીએ છીએ. જેવું સૃષ્ટિનું એવું જ બ્રહ્મનું છે. બ્રહ્મ પણ છે જ. સૃષ્ટિ અને બ્રહ્મ બન્ને છે જ.

'કર્મ-રહસ્ય'ની પણ ઉપનિષદમાં ચર્ચા થઈ છે.

સૃષ્ટિમાં સુવ્યવસ્થા અર્થે એક અવિચળ નૈતિકનિયમ પ્રવર્તે છે. એ છે વાવશો તેવું લણશો અને કરશો તેવું પામશો. સારાનું ફળ સદા સારું અને નરસાનો બદલો હંમેશાં નરસો જ મળે. કર્મનું ફળ મળ્યા વિના રહેતું નથી. છતાં કર્મનો નિષેધ નહિ પણ સત્કર્મ કરવામાં જ આત્માનું કલ્યાણ છે. સુખ એ પુણ્યકર્મનું ફળ છે અને દુખ એ પાપકર્મનું ફળ છે. **આત્મનિયમનથી આપણે સારી વાસનાઓને બળવાન તેમજ ઊર્ધ્વગામી અને ખરાબ વાસનાઓને નિર્બળ બનાવી શકીએ.**

જગતમાં જીવે કેમ જીવવું એ ઉપનિષદોએ બતાવ્યું છે.

★ ★ ★

# શ્રેષ્ઠ તીર્થધામ-ઘરનો ઉંબરો..

....✍ : શ્રી રજનીકાન્ત મ. ભટ્ટ

*"હે ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ,*
*ગુણ તારા નીત ગાઈએ થાય હમારા કામ;*
*હેત લાવી હસાવતું સદા રાખ દીલ સાફ,*
*ભૂલ કદી કરીએ અમે તો પ્રભુ કરજે માફ."*

"HE WHO HAS NO PATIENCE AND VALOUR
MARS THE THING TAKING A SHAPE.
HE WHO HAS NO GENEROSITY IS POOR.
HE WHO HAS NO DEPTH IS LIKE A
POOL OF DIRTY WATER."

"જેમાં ધૈર્ય અને શૌર્ય નથી તે થનાર કામને બગાડે છે. જેમાં ઉદારતા નથી તેમાં દરિદ્રતાનો વાસ છે. જેમાં ગંભીરતા નથી તે પાણીના ખાબોચિયા જેવો છે."

ભગવાનના દર્શન કરવા દિવ્યનેત્ર જોઈએ. સહજોબાઈ તેના માટે ક્યાંય બહાર જવાની વાત નથી કરતા, પરંતુ અંદરના સાધનની ચર્ચા કરે છે. નાનાકદેવજી દરરોજ મંદીરે જતા હતા પરંતુ જ્યારે એમને જ્ઞાન મળી ગયું ત્યારે બધીજ જગ્યાએ ભગવાનના દર્શન કરવા લાગ્યા. આ જ જ્ઞાનીની ઓળખાણ છે. **જ્ઞાની બધાની સાથે પ્રેમ ભર્યો વહેવાર કરે છે. તે બધાની ઉપર દયા રાખે છે. તે કોઈની અંદર ભેદભાવ નથી જોતા.**

જેવી રીતે આપણા માટે ભગવાનના બનાવેલા ચંદ્ર, સૂર્ય અને ધરતી એકજ છે. તેવી રીતે તે ભગવાન પણ એક જ છે. અને તે પ્રભુનું જ્ઞાન પણ એકજ છે. આ શરીર દ્વારા જે કંઈપણ સારૂં કાર્ય થઈ જાય, તે જ ઉપયોગી છે. **આપણે જે કંઈ સારૂં કાર્ય કરીશું એ જ આપણી સાથે આવશે.**

સંત એકનાથ ગંગાજળ લઈને રામેશ્વર જઈ રહ્યા હતા. રામેશ્વરના શિવલીંગ ઉપર ગંગાજળ ચઢાવવાનું હતું, તેમની સાથે ઘણા બધા પદયાત્રીઓ હતા. રસ્તે ચાલતા ચાલતા એકનાથની દ્રષ્ટી એક ગર્દભ ઉપર પડે છે જે પાણી વીના તરફડતો હોય છે. તે તરસથી મરવા જેવો થઈ ગયો હતો. તેના પ્રાણ નીકળવાની તૈયારીમાં હતા. એકનાથજી ગર્દભ પાસે ગયા અને બધુંજ ગંગાજળ તે ગર્દભના મોંમાં રેડી દીધું- તેને પીવડાવી દીધું. તે જોઈને બીજા પદયાત્રિઓએ કહ્યું : મહારાજ તમે આ શું કર્યું ? આ ગંગાજળ તો સેતુબંધ રામેશ્વરના લિંગ ઉપર ચઢાવવાનું હતું. એકનાથજીએ કહ્યું મેં આ ગર્દભમાં જ રામેશ્વરને જોયા. મારા પરમેશ્વર તો દરેક જગ્યાએ છે. આ જ સાચું જ્ઞાન. આ જ ભગવાનને નીરખવાની સાચી દ્રષ્ટિ. એટલે જ કહ્યું છે કે "ઘટ ઘટમાં ભગવાન" "કણ કણમાં ભગવાન."

**આપણા ઘરનો ઊમરો એ જ મોટું તિરથધામ છે. ઊમરાનું પૂજન એ જ શ્રેષ્ઠ પૂજન છે.**

ઊમરાની અંદર ઘરમાં આપણે રહીએ છીએ. આપણા શરીરમાં પણ ભગવાનનો વાસ છે. આપણા પરિવારની દરેક વ્યક્તિમાં ભગવાન વસે છે. આપણા ઊમરાની અંદર, ઘરમાં આપણી સાથે જ રહેતા ભગવાનને પૂજવાના છે. બહાર જવાની જરૂર નથી. જે બહાર કઠોર તપશ્ચર્યા કરવાથી પણ પ્રાપ્ત થતું નથી તે જ્ઞાન આપણા ઉમરાની અંદર આપણા ઘરમાં-આપણા શરીરમાં જેની પ્રાણપ્રતિષ્ઠા થએલી છે તે ભગવાનનું સ્મરણ અને પૂજન કરવાનો આપણો પહેલો ધર્મ આપણે બજાવીએ તો અધિક જ્ઞાન પ્રાપ્ત થાય છે. **ધર્મને ધ્યાનમાં રાખીને કર્મ કરો સફળતા પ્રાપ્ત થશે જ.**

પ્રજ્ઞાનં બ્રહ્મ (ઋગવેદ), અહંબ્રહ્માસ્મિ (યજુર્વેદ)
તત્વમસિ (સામવેદ), અયમાત્માબ્રહ્મ (અથર્વવેદ).
*"જય અંબે..... જય ગુરૂદેવ."*

★★★

# તંત્રમાં ઉપચાર પદ્ધતિ

લેખાંક : ૧૬

....✍ : લેખિકા : સુશ્રી ડૉ. પ્રજ્ઞા શાહ
અનુવાદ : શ્રી પુરુષોત્તમ જોષી

## પ્રકરણ : ૩
## તંત્રનું પ્રાયોગિક પાસું
## (નૃત્ય, સંગીત, જ્યોતિષ, ધાર્મિક અનુષ્ઠાનો)

**પ્રસ્તાવના :** કોઈપણ સિદ્ધાંતનો પ્રયોગ કરી જોવો તે તેના સિદ્ધાંતની મજબૂત પ્રતિષ્ઠાપના માટેની એક નિર્ણાયક બાબત છે. દાખલા તરીકે, વિજ્ઞાનના જગતમાં ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત એક પ્રમાણિત કે વૈશ્વિકનિયમ ગણાય છે. એનું કારણ એ છે કે તે કોઈ પણ જાતના અપવાદ વગર વિશ્વના સર્વ પદાર્થોને લાગુ પડે છે. આપણે જે કાંઈ ઉપર ફેંકીએ છીએ તે નીચે આવી પડે છે. આ જાતના ઉદાહરણ ઉપરાંત આપણે કાર્યકારણના સિદ્ધાંતને પણ ઉમેરી શકીએ છીએ. એ સિદ્ધાંત જણાવે છે કે **દરેક કાર્યની પાછળ એક કારણ રહેલું છે.** બીજા શબ્દોમાં કહીએ તો કારણ હંમેશા કાર્યને ઉત્પન્ન કરે છે. આ બધા નિયમો વૈશ્વિક છે અને જ્ઞાનની જે શાખામાંથી તેઓ ઉદ્‌ભવ્યા છે તેની પ્રતિષ્ઠાપના નક્કી કરી આપે છે. એક ક્રિયાપદ્ધતિ હોવાથી તંત્ર પણ કેટલાક સિદ્ધાંતો પર આધારિત છે, જેમાંનો મુખ્ય સિદ્ધાંત ઊર્જાના વિકાસનો છે. જીવનમાં ઊર્જાના મહત્ત્વ અંગે કોઈ પણ પ્રકારનું ઉદાહરણ આપવું આવશ્યક નથી. **જીવન કે ઊર્જા એ તો વિશ્વનું હાર્દ છે.** તંત્રે ઊર્જાનું મૂળ શોધી કાઢયું છે એટલું જ નહિ પરંતુ એણે તેના વિકાસ તથા પ્રસારણનો માર્ગ પણ દર્શાવ્યો છે.

તંત્રને માટે ઊર્જા એ તો અંતિમ સત્ય છે. જે કંઈ અસ્તિત્વ ધરાવે છે તે બધું જ તેનો આવિર્ભાવ છે. ઊર્જાનું કામ સર્જન, પોષણ અને વિનાશ કરવાનું છે. આ કાર્ય તે કેવી રીતે કરે છે ? ઊર્જા આ કાર્ય સ્પંદન અને ગતિ જેવાં તેનાં અપરિહાર્ય પાસાંઓ મારફતે સંપાદિત કરે છે.

આથી આ બન્ને પણ ઊર્જાની પ્રાપ્તિનાં સાધનો હોઈ શકે છે. સંગીત અને નૃત્ય જેવી ભારતીય કળાઓ અનુક્રમે આ બે પાસાંઓ પર અવલંબે છે.

નૃત્ય શબ્દ નૃત્ ધાતુ પરથી બને છે, જેનો અર્થ "ક્રિયા કરવી" થાય છે. આનો ગતિ સાથે ખૂબ ગાઢ સંબંધ છે. *નૃત્યકાર વિવિધ મુદ્રાઓ અને ગતિઓ દ્વારા મંચ પર પોતાનું વિશ્વ પેદા કરે છે. કેટલીક લયબદ્ધ ગતિઓ દ્વારા એ સમગ્ર બ્રહ્માંડની ગતિઓ સાથે એકસૂત્રતા સાધી લે છે. આ રીતે તે સીમિતની અસીમ સાથે તાદાત્મ્યતા સાધી લે છે કે જે આપણું લક્ષ્ય છે.*

નૃત્યની જેમ સંગીત પણ સાક્ષાત્કાર કે તાદાત્મ્યમાં પરિણમે છે. સંગીતમાં સ્વરો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તંત્રમાં આ સ્વરો નાદશક્તિ કે વૈશ્વિક ધ્વનિ ગણવામાં આવે છે. આ વૈશ્વિકશક્તિ કે કુંડલિની શક્તિનું એક પાસું છે. વેદોની જેમ તંત્રમાં પણ શબ્દને બ્રહ્મ કે ઊર્જા માનવામાં આવે છે. *પ્રત્યેક અક્ષર નાદશક્તિનો આવિર્ભાવ હોવાથી ખૂબ જ શક્તિશાળી છે. આ શક્તિનો અનુભવ સ્પંદન મારફતે થાય છે. અને આને લીધે જ રાગ કે સંગીત આપણા ઉપર અસર ઉપજાવે છે.*

વિશ્વનો દરેક અણુ ઊર્જાનો આવિર્ભાવ હોવાથી સ્પંદનો પ્રસારે છે. વિશ્વમાં કંઈ આપણે જ એકલા અસ્તિત્વ ધરાવતા નથી પરંતુ એમાં વિશાળ ગ્રહો, તારા-મંડળ ઈત્યાદિ ધરાવતું બ્રહ્માંડ સમાયેલું છે. આપણી માફક તેમાંથી પણ વિદ્યુતના પ્રવાહો પ્રસરતા રહે છે. તાદાત્મ્યના તાંત્રિક સિદ્ધાંત પ્રમાણે પિંડ અને બ્રહ્માંડ વચ્ચે આકર્ષણ-વિકર્ષણના સિદ્ધાંત પ્રમાણે ગ્રહો તથા નક્ષત્રો વગેરેનાં સારાં નરસાં પરિણામો ઉપજે છે. વ્યક્તિ અને ગ્રહો વચ્ચેનાં સ્પંદનોની સંવાદિતા સારી અસર ઉપજાવે છે, જ્યારે અસંવાદિતા ખરાબ અસર ઉપજાવે છે. ભારતીય જ્યોતિષશાસ્ત્ર આ સિદ્ધાંત પર આધારિત છે.

ઉપર ઉપરથી તો આપણે એવા નિષ્કર્ષ પર પહોંચી શકીએ છીએ કે આપણે ગ્રહમંડળના ગુલામ છીએ પરંતુ તંત્રના સિદ્ધાંતો મુજબ એવું નથી. આપણું મન ગ્રહમંડળ કરતાં પણ વધારે શક્તિશાળી છે. મનમાં શક્તિ તો છે પરંતુ તે સુષુપ્ત પડેલી છે. કોઈ સિદ્ધ પુરુષ કે નિષ્ણાત પોતાની માનસિક શક્તિઓને વિકસાવીને ગ્રહમંડળ પર અસર પાડી શકે છે.

અવિકસિત માનવ અતિપ્રાકૃતિક શક્તિને સુખ દુ:ખનું કારણ માનતો હતો. *જીવનના જન્મથી મૃત્યુ પર્યંતના સોળ સંસ્કારો જેવા અગત્યના પ્રસંગોએ શુભ અસરો માટે આજે હજી પણ મંત્રો અને યંત્રોનો સહારો લેવામાં આવે છે.*

ઉપરોક્ત પાસાંઓ ઉપરાંત જીવનનાં અન્ય પાસાંઓ પર પણ તાંત્રિક સિદ્ધાંતોની અસર વરતાય છે પરંતુ આ મહાનિબંધની મર્યાદામાં રહીને આપણે ઉપરોક્ત પાસાંઓ જ જોઈશું. પ્રથમ તો આપણે આંતરિક સર્જકશક્તિની અભિવ્યક્તિ જેવા નૃત્ય પર દૃષ્ટિપાત કરીશું

**(અ) નૃત્ય :**

તંત્રને માટે ઊર્જા અંતિમ સત્ય કે વાસ્તવિકતા છે, જેનું સતત ગતિશીલ હોવું એ એક અપરિહાર્ય પાસું છે. તાંત્રિક દેવતા શિવ નૃત્યના દેવતા ગણાય છે. તેઓ એક ઉત્તમ નર્તક, નૃત્યમૂર્તિ કે નટરાજ છે.

વિશ્વ અને નૃત્ય બન્નેમાં લયબદ્ધતા એક અનિવાર્ય પાસું છે. બ્રહ્માંડમાં વૈશ્વિક સત્તા સર્જન, પાલનપોષણ અને વિનાશની પ્રક્રિયા લયબદ્ધ રીતે સતત કરતી રહે છે. આ ઉપરાંત **અનુગ્રહ અને તિરોધાનનાં બીજાં બે પાસાં પણ છે.** વાસ્તવિકતા કે સત્યનાં આ પાંચ પાસાં મહાન નૃત્યકાર નટરાજની એક મુદ્રામાં સાકાર થયેલ છે.

નટરાજનાં હાથ-પગની મુદ્રાઓ પણ મહત્ત્વહીન નથી. આ મુદ્રા શિવને માનવજાતના મહાન કલ્યાણકારી દેવ તરીકે આલેખે છે. જમણા હાથમાંનું ડમરૂ તથા અગ્નિ અભયની હસ્તમુદ્રા દર્શાવે છે જ્યારે દંડ

સાથેની ડાબા હાથની હસ્તમુદ્રા વરદમુદ્રા છે. આ નટરાજની મુદ્રાનું અંતરંગ વર્ણન છે. હવે આપણે તે અંગરંગ રીતે શું દર્શાવે છે તે જોઈએ.

**(૧) શિવની નૃત્યમુદ્રાનું અંતરંગ અર્થઘટન :**

નટરાજની આ મુદ્રાનું મહત્ત્વ તે પિંડ અને બ્રહ્માંડની તથા જીવાત્મા અને પરમાત્માની એકતા દર્શાવે છે. ભગવાન શિવ જે વિશ્વમંચ પર નૃત્ય કરે છે તે તેમનું ચિદંબર મંચ છે જે માનવ શરીરમાં હૃદય છે, જ્યાં ભગવાનનું સ્વરૂપ સનાતન કાળથી માયાનો નાશ કરવા તથા માંહ્યલા આત્માને વિમુક્ત કરવા નાચી રહેલ છે. રાવ ગોપીનાથે સાચું કહ્યું છે કે શિવ વિનાશના દેવ છે અને સ્મશાનને ચાહે છે. પરંતુ તેઓ શેનો વિનાશ કરે છે ? કલ્પાંતે માત્ર સ્વર્ગ અને પૃથ્વીનો નહિ પરંતુ પ્રત્યેક પૃથક જીવાત્માનાં બંધનોનો નાશ કરે છે. સ્મશાન તે વળી શું અને કયાં છે ? જ્યાં આપણા ભૌતિક શરીરનો અગ્નિસંસ્કાર થાય છે તે સ્થળ નહિ પરંતુ ભક્તનું હૃદય સ્મશાન છે કે જ્યાં તે નકામો અને અનાથ બની પડયો રહ્યો છે. એ શાંતિ નહિ પણ તલવાર લાવે છે. જ્યાં તેમના આત્માનો વિનાશ થાય છે તેમ દર્શાવ્યું છે તે સ્થાન કે દશા અહંકાર, માયા તથા કર્મોને બાળવાનું સ્થાન છે. **આ જ તે સ્મશાન છે, જ્યાં નટરાજ નૃત્ય કરે છે.**

વિનાશના દેવતા તરીકે ભગવાન શિવને મહાકાલ કહેવામાં આવે છે, જે વિનાશની સાથે સાથે સતત સર્જન પણ કરતા રહે છે. મહાકાલ નામધારી શિવની પત્ની કાલી તરીકે ઓળખાય છે. એ પણ નૃત્યકાર છે અને એમનું નૃત્ય લાસ્ય કહેવાય છે, જ્યારે શિવનું નૃત્ય તાંડવ કહેવાય છે. ગમે તેમ કહીએ પરંતુ તે બન્ને શક્તિની ગતિશીલતા છે, જે બ્રહ્માંડમાં પરિવર્તન આણે છે. હવે આપણે કાલીના નૃત્ય અંગે કંઈક જાણવાની કોશિષ કરીએ.

**(૨) કાલી કે શક્તિનું નૃત્ય : લાસ્ય નૃત્ય :**

આપણે શિવજીની ઝલક નટરાજ તરીકે મેળવી. **પોતાના નૃત્યથી તેઓ પાંચ પ્રકારની પ્રવૃત્તિ કરે છે જે સર્જન, પાલનપોષણ, વિનાશ, અનુગ્રહ તથા તિરોધાન છે.** આ કાર્ય તેઓ પોતાની અર્ધાંગના કાલી શક્તિની મદદથી કરે છે. આ કાલી શક્તિ શિવજીને જોઈએ તે મુદ્રા રજૂ કરવાની પ્રેરણા આપે છે.

શક્તિ પણ નર્તકી છે. એ પોતાના પ્રિયતમ જે ચત્તાપાટ પડયા છે તેમના ઉપર નૃત્ય કરે છે. આ મુદ્રા પણ ખૂબ જ મહત્ત્વની છે. કાલીની કે શક્તિની આ નૃત્યની મુદ્રાના મહત્ત્વ વિશે સર જોન વુડરોફે સરસ વર્ણન કર્યું છે. એમના જ શબ્દોમાં જોઈએ. "એ નગ્ન છે કારણ કે એમનાં વસ્ત્રો દિશાઓ જ છે એટલે કે દિગંબર છે. એનું કારણ એ છે કે એ અસીમ છે. વળી તેઓ પોતે જે માયા શક્તિથી સમગ્ર બ્રહ્માંડનું સર્જન કરે છે તેનાથી પર છે. એ ગૌર શરીરધારી શિવજીના મૃત જેવા ભાસતા શરીર પર ઊભાં રહેલ છે. શિવજી ગૌર છે કારણ કે ચેતનાના પરાત્પર પાસા પ્રકાશનું તેઓ સ્વરૂપ છે. એ જડ કે મૃતપ્રાય ભાસે છે કારણ કે એઓ પરબ્રહ્મના અફર પાસા જેવા છે. **કાલી પરબ્રહ્મના પરિવર્તિત થતા પાસાનો આભાસ છે પરંતુ આ બન્ને પરિવર્તનશીલ અને અપરિવર્તનીય એક જ પરબ્રહ્મનાં બે પાસાં છે."**

તાંત્રિક સિદ્ધાંતો માત્ર નૃત્યના અંતરંગ અર્થ સાથે સંકળાયેલા નથી પરંતુ નૃત્યકળામાં હઠયોગનાં આસન, પ્રાણાયામ ઈત્યાદિ પણ નૃત્યની મુદ્રાઓ સાથે સંકળાયેલ છે.

**(૩) નૃત્ય તથા હઠયોગની પ્રક્રિયા :**

નૃત્ય એ કંઈ માત્ર શરીરનું હલનચલન નથી પરંતુ એ મનના ભાવો તથા લાગણીઓની અભિવ્યક્તિ પણ છે. *ભાવોની પૂર્ણ રજૂઆત માટે મન શાંત હોવું જરૂરી છે અને આ શાંતિ પ્રાણાયામથી મેળવી શકાય છે.* શાંતિની જેમ શરીરનું લચીલાપણું પણ નૃત્યમાં આવશ્યક છે. હઠયોગનાં આસનોથી એ પ્રાપ્ત કરી શકાય છે. આથી આસનો અને પ્રાણાયામની મદદથી નૃત્યકાર પોતાની લાગણીઓ સંપૂર્ણ રીતે દર્શાવી શકે છે.

સુશ્રી જેના બ્રોનિસ્લો સ્કા ડેપલોવાએ ઉપર

મુજબની હકીકતનો અનુભવ કર્યો હતો. તેણીનો અનુભવ એપ્રિલ, ૧૯૭૮ના "યોગ" માસિકમાં છપાયો છે. તેણીએ એમાં જણાવ્યું છે કે હઠયોગનાં આસનોની ક્રિયાથી નૃત્યકળામાં પ્રાવીણ્ય મેળવવામાં મદદ થાય છે. પોતાના "યોગ-એટયુડ" નામના પ્રખ્યાત નૃત્યમાં તેણીએ ૧૬ આસનોના સમૂહની રજૂઆત કરી છે.

નૃત્ય એ નૈસર્ગિક સર્જક શક્તિની અભિવ્યક્તિ છે, જે કુંડલિની તરીકે પ્રખ્યાત છે. **વિશ્વમાં પ્રાણશક્તિની ક્રિયા એ વૈશ્વિક શક્તિનું સતત ચાલતું વિશ્વનૃત્ય છે.** કુંડલિનીની જાગૃતિ કલાકારની સર્જનશક્તિમાં અભિવ્યક્ત થાય છે. નૃત્યકળાના કિસ્સામાં નૃત્યકાર પોતાની વિવિધ મુદ્રાઓવડે વિશ્વના આદર્શયુગલ શિવ-શક્તિના સંગમથી ઉદ્ભવતા આનંદામૃતનો અનુભવ કરે છે. આ મુદ્દાનું સમાપન આપણે એક નૃત્યકારના શબ્દોથી જ કરીએ છીએ. "શિવ અને પાર્વતી બધાં જ નૃત્યોનું પ્રેરકબળ છે. તેઓ બન્ને આદર્શ યુગલ છે જે પરમ તત્ત્વનું દ્વૈતમાં અભિવ્યક્તિકરણ છે."

**(બ) સંગીત :**

નૃત્યની જેમ સંગીત પણ વૈશ્વિકશક્તિ કુંડલિનીનો દૈવી આવિર્ભાવ છે. **સંગીતનું હાર્દ નાદ છે, જે કુંડલિનીના પાસાંઓમાંનું એક નાદમયી પાસું છે.**

પૂર્ણતા આનંદ વરસાવે છે. સંગીતમાં પૂર્ણતા નાદતત્ત્વમાં સમાયેલી છે. *જ્યારે ગાયક નાદશક્તિ સાથે તાદાત્મ્ય અનુભવે છે ત્યારે તે પૂર્ણતાના શિખર પર પહોંચેલા યોગી કે નૃત્યકાર જેવો જ આનંદ અનુભવે છે.* નાદસાધના સાધકની સુષુપ્ત શક્તિઓને જગાડે છે. આ શક્તિઓ કેમ જાગે છે તે સ્વામી પ્રજ્ઞાનાનંદજીએ આ પ્રમાણે વર્ણવેલ છે. "એ એક હકીકત છે કે જ્યારે સાધક, કલાકાર કે સાનુકૂળ શ્રોતાઓ નાદતત્ત્વના મુખ્ય હાર્દનો સાક્ષાત્કાર પામે છે ત્યારે તેઓ ગૂઢ કામકલા કે કુંડલિનીમાં ઊંડી ડૂબકી લગાવે છે અને સંગીતના આદર્શ જ્ઞાનને કે તેની અભીપ્સાને પામે છે તથા ગૂંચળું વળીને સૂતેલી કુંડલિનીને તથા આંતર્મનને જગાડે છે અને પરિણામે મૂળભૂત ઊર્જાને ઉત્થાન પામવામાં મદદ કરે છે. ધીમેધીમે જાગૃત ઊર્જા શરીરનાં (કરોડરજ્જૂના) બધાં જ શક્તિકેન્દ્રોને ભેદે છે અને છેવટે હજાર પાંદડીવાળા સહસ્રાર ચક્રમાં પહોંચે છે, જ્યાં પરમશિવ કે ચેતનાની બેઠક છે અને પછી સાધક, કલાકાર અને સંનિષ્ઠ સંગીતના શ્રોતાઓ જીવાત્મા અને પરમાત્માના દૈવી મિલનને અનુભવે છે. પછી તેઓ નાદ-સાધનાની પરિપૂર્ણતા માણે છે, જે અજ્ઞાનની ગાંઠોનું કાપી નાખીને પરાત્પર બ્રહ્મની અનુભૂતિ કરાવે છે. અને આ અવસ્થા સંગીતની સાધનાની પરમપ્રાપ્તિ કહી શકાય છે.

આ વસ્તુ આપણને એવા નિષ્કર્ષ પર લઈ જાય છે કે *નાદ-તત્ત્વના સાક્ષાત્કારમાં સંગીત દ્વારા મુક્તિની પ્રાપ્તિ થઈ શકે છે. નાદ-તત્ત્વ કે જે સંગીતનું હાર્દ છે તે તાંત્રિક પદ્ધતિનું એક અપરિહાર્ય પાસું છે.* આપણે જ્યારે સંગીતને તાંત્રિક પદ્ધતિના પ્રાયોગિક પાસા તરીકે વિચારીએ છીએ ત્યારે નાદ-તત્ત્વ વિષેની ઝલક મેળવી લેવી અસ્થાને નહિ ગણાય.

**(૧) નાદનો સિદ્ધાંત :**

વૈદિક દર્શનની જેમ તાંત્રિક દર્શન પણ વિશ્વની નામરૂપાત્મકતામાં માને છે. જ્યાં નામના વિશ્વરૂપને લાગે વળગે છે ત્યાં નાદ અને એનો સારભાગ છે. આકાશ તત્ત્વના સારભાગમાંથી શબ્દ ઉદ્ભવે છે અને તે નાદ-તત્ત્વનો આવિર્ભાવ છે. *આકાશ નાદનું ઉદ્ભવ સ્થાન હોવાથી નાદ પણ સર્વવ્યાપી છે. અંતિમ સત્ય કે વાસ્તવિકતાનું તે પ્રથમ પરિવર્તન તત્ત્વ છે.*

આ સંસારમાં નામ વગરનું કંઈ જ નથી એનું કારણ એ છે કે સૃષ્ટિનું સર્જન નામ પર આધારિત છે. વાસ્તવિક સર્જન પહેલાં સર્જન કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. પરમ પિતાને પ્રથમ સર્જન કરવાની ઇચ્છા (એષણા) ઉત્પન્ન થઈ. (अकामयत) ત્યાર પછી જ સૃષ્ટિનું સર્જન થયું. આપણી ઇચ્છા શબ્દો કે અક્ષરો દ્વારા વ્યક્ત થાય છે. એથી જ પરમાત્માએ પોતે જ વેદમાં

જણાવ્યું છે કે સૃષ્ટિ શબ્દ કે વાક્‌માંથી ઉત્પન્ન થઈ છે. સૃષ્ટિનું સર્જન વાક્‌માંથી થયું છે. તેમણે વધારામાં જણાવ્યું છે કે વેદોના જાણકાર જાણે છે કે વિશ્વ એ વાક્‌નો આવિર્ભાવ છે.

હવે આપણે સંગીત નાદ-તત્ત્વ વિશે શું કહે છે તે જોઈએ. સંગીત-દર્પણમાં જણાવ્યું છે કે બધું જ નાદ પર આધારિત હોઈ નાદ-તત્ત્વ ખૂબ જ આદર-પાત્ર છે. નાદ કે શબ્દ એ આકાશ તત્ત્વનો સારભાગ છે, જે સૃષ્ટિના સર્વ પદાર્થોમાં સર્વ પ્રથમ ઉત્પન્ન થાય છે. એથી એમ કહેવાય છે કે બધા સ્થૂળ પદાર્થો નાદ કે શબ્દમાંથી ઉત્પન્ન થાય છે અને તેથી વિશ્વનું મૂળ નાદમાં રહેલું છે.

નાદ શબ્દનું મૂળ નદ્ ધાતુમાં રહેલ છે જેનો અર્થ અનાહત નાદ થાય છે. આ અનાહત નાદ સંગીતના સૂરો, વાક્યો કે ભાષામાં આવિર્ભાવ પામે છે જે આહત નાદ કહેવાય છે. એનું કારણ એ છે કે બોલતી વખતે ઉચ્છ્‌વસિત થતો પ્રાણવાયુ સ્વરતંત્ર સાથે અથડાય છે અને શબ્દની ઉત્પત્તિ થાય છે જેને તાંત્રિક ઋષિઓ આહતનાદ કહે છે. આ બે પ્રકારના નાદોનું વર્ણન સંગીત-દર્પણ તથા સંગીત-મકરંદમાં પણ મળી આવે છે.

તાંત્રિક દષ્ટિએ આહત-નાદ એ વાણીનો વૈખરી નામનો એક પ્રકાર છે. બીજા પ્રકારોમાં પરા, પશ્યન્તી અને મધ્યમા તથા અનાહત-નાદ કે પરાવાક્ છે. સંગીતકાર પોતાની સાધના આહત-નાદથી શરૂ કરીને ધીમેધીમે પોતાના ધ્યેય અનાહત-નાદ તરફ પહોંચાડે છે એટલે કે વૈખરીથી પરાવાક્ તરફ પહોંચાડે છે હવે આપણે નાદ-તત્ત્વની તંત્રની દષ્ટિએ થોડી વિચારણા કરીશું.

(-ક્રમશઃ)

• • •

## યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત)
### (ગૂઢાર્થ, શાશન પદ્ધતિ અને સમાજવ્યવસ્થા)

લેખાંક : ૮

....✍ : શ્રી ભાનુશંકર દલપતરામ જાની

**નમઃ સભાભ્યઃ સભાપતિભ્યશ્ચ વો નમો નમોઽશ્વે ભ્યોઽશ્વપતિભ્યશ્ચ વો નમો નમઽઆવ્યાધિનીભ્યો વિવિધ્યન્તીભ્યશ્ચ વો નમો નમઽઉગણાભ્યસ્તૃ ગ્ગૃંહતી ભ્યશ્ચ વો નમઃ ॥ ૨૪ ॥**

**પદો પ્રમાણ અર્થ :** મનુષ્યોએ બધાં પ્રત્યે આમ કહેવું જોઈએ કે અમો -

સભાભ્યઃ = ન્યાય વગેરે પ્રકાશવાળી સ્ત્રીઓનો, નમઃ = સત્કાર કરીએ છીએ, ચ = અને, સભાપતિભ્યઃ = સભાઓના રક્ષક એવા, વઃ = તમો રાજાઓનો, નમઃ = સત્કાર કરીએ છીએ, અશ્વેભ્યઃ = ઘોડાઓને, નમઃ = અન્ન આપીએ છીએ, ચ = અને, અશ્વપતિભ્યઃ = ઘોડાઓના રક્ષક, વઃ = તમોને, નમઃ = અન્ન આપીએ છીએ તથા, આવ્યાધિની ભ્યઃ = શત્રુઓની સેનાઓને મારનાર પોતાની સેનાઓ માટે, નમઃ = અન્ન આપીએ છીએ, ચ = અને, વિવિધ્યન્તીભ્યઃ = શત્રુઓના વીરોને મારનાર, વઃ = આપ સ્ત્રીઓનો, નમઃ = સત્કાર કરીએ છીએ, ઉગણાભ્યઃ = વિવિધ તર્કો કરતી સ્ત્રીઓને, નમઃ = અન્ન આપીએ છીએ, ચ = અને, તૃંહતીભ્યઃ = યુદ્ધમાં મારનાર, વઃ = આપ સ્ત્રીઓને, નમઃ = અન્ન આપીએ છીએ, તથા યથાયોગ્ય સત્કાર કર્યા કરીએ છીએ.

અગાઉનો જ રાજના ને પ્રજાના મનુષ્યોએ શું શું કરવું - વિષય પ્રસ્તુત મંત્રમાં પણ -

**ભાવાર્થ :** માણસોએ સભા અને સભાપતિઓ

દ્વારા જ રાજ્યની વ્યવસ્થા કરવી. કોઈપણ વાર એક જ રાજાની આધીનતામાં સ્થિર ન થવું, કેમકે એક પુરુષ વડે અનેકોના હિત અહિતનો વિચાર કદી થઈ શકતો નથી.

**નમો ગણેભ્યો ગણપતિભ્યશ્ચ વો નમો નમો વ્રાતેભ્યો વ્રાતપતિભ્યશ્ચ વો નમો નમો ગૃત્સેભ્યો ગૃત્સપતિભ્યશ્ચ વો નમો નમો વિરુપેભ્યો વિશ્વરુપેભ્યશ્ચ વો નમઃ ॥ ૨૫ ॥**

**પદ પ્રમાણ અર્થ :** હે મનુષ્યો ! જેવી રીતે અમો-

ગણેભ્ય := સેવકોને, નમઃ = અન્ન આપીએ, ચ = અને, ગણપતિભ્યઃ = સેવકોના રક્ષક, વઃ = આપ લોકોને, નમઃ = અન્ન આપીએ, વ્રાતેભ્યઃ = મનુષ્યોને, નમઃ = સત્કાર કરીએ, ચ = અને, વ્રાતપતિભ્યઃ = મનુષ્યોના રક્ષક એવા, વઃ = આપનો, નમઃ = સત્કાર કરીએ, ગૃત્સેભ્યઃ = પદાર્થોના ગુણોને પ્રગટ કરનાર વિદ્વાનોનો, નમઃ = સત્કાર કરીએ, ચ = તથા, ગૃત્સપતિભ્યઃ = બુદ્ધિમાનોના રક્ષક, વઃ = આપ લોકોનો, નમઃ= સત્કાર કરીએ, વિરુપેભ્યઃ = વિવિધ રૂપોવાળાઓનો, નમઃ = સત્કાર કરીએ, ચ = અને, વિશ્વરુપેભ્યઃ = બધા રૂપોથી યુક્ત, વઃ = આપ લોકોનો, નમઃ = સત્કાર કરીએ.

આ પ્રમાણે તમો પણ આપો અને સત્કાર કરો. આગળનો વિષય જ પ્રસ્તુતમંત્રમાં ચાલુ રાખે છે -

**ભાવાર્થ : મનુષ્યોએ બધાં મનુષ્યો અને બધાં પ્રાણીઓ પર ઉપકાર કરવો, વિદ્વાનોનો સત્સંગ કરવો, બધાં પ્રકારની શોભા અને વિદ્યાઓ ધારણ કરવી અને સંતુષ્ટ થવું.**

**નમઃ સેનાભ્યઃ સેનાનિભ્યશ્ચ વો નમો નમો રથિભ્યોઽ અરથેભ્યશ્ચ વો નમો નમઃ ક્ષત્તૃભ્યઃ સંગ્રહીતૃભ્યશ્ચ વો નમો નમો મહદ્ભ્યોઽઅર્ભકેભ્યશ્ચ વો નમઃ ॥ ૨૬ ॥**

**પદ પ્રમાણે અર્થ :** હે રાજા અને પ્રજાના પુરુષો ! જેમ અમે લોકો -

સેનાભ્ય : = શત્રુઓને બાંધનાર સેનાના પુરુષોનો, નમઃ = સત્કાર કરીએ છીએ, ચ = અને, વઃ = તમો, સેનાનિભ્યઃ = સેનાના નાયક મુખ્ય પુરુષોને, નમઃ = અન્ન આપો છો, રથિભ્યઃ = પ્રશંસા પામેલ રથવાળા પુરુષોને, નમઃ = સત્કાર કરો છો, ચ = અને, વઃ = આપ, અરથેભ્યઃ = રથ વગર પગે ચાલનારનો, નમઃ = સત્કાર કરો છો, ક્ષત્તૃભ્યઃ = ક્ષત્રિયની સ્ત્રીમાં શુદ્રથી ઉત્પન્ન થયેલ વર્ણશંકરને, નમઃ = અન્નાદિ આપો છો, ચ = અને, વઃ = આપ લોકો, સંગ્રહીતૃભ્યઃ = સારી એવી યુદ્ધની સામગ્રી ગ્રહણ કરનારનો, નમઃ = સત્કાર કરીએ છીએ, મહદ્ભ્ય : = વય-વિદ્યામાં વૃદ્ધ પૂજનીય મહાશયોને, નમઃ = સારું પકાવેલ અન્ન અને અન્ય પદાર્થ આપીએ છીએ, ચ = અને, વઃ = આપ, અર્ભકેભ્યઃ = હલકા ઉદ્દેશ ધરાવનાર શિક્ષણને યોગ્ય વિદ્યાર્થીઓનો, નમઃ = નિરંતર સત્કાર કરીએ છીએ.

આ પ્રમાણે તમો પણ આપ્યા કરો, કર્યા કરો. આગળ કહેલ વાત આમાં પણ કહે છે-

**ભાવાર્થ :** રાજપુરુષોએ બધાં નોકરોનો સત્કાર કરવો અને શિક્ષણ આપવું તથા અન્નાદિ પદાર્થ તેમને આપવાં અને ધૈર્યપૂર્વક રાજ્યનું પાલન કરવું.

**નમસ્તક્ષભ્યો રથકારેભ્યશ્ચ વો નમો નમઃ કુલાલેભ્યઃ કર્મારેભ્યશ્ચ વો નમો નમો નિષાદેભ્યઃ પુઞ્જિષ્ઠેભ્યશ્ચ વો નમો નમઃ શ્વનિભ્યો મૃગયુભ્યશ્ચ વો નમઃ ॥ ૨૭ ॥**

**પદ પ્રમાણે અર્થ :** હે મનુષ્યો ! જેવી રીતે રાજા વગેરે અમો -

તક્ષભ્ય: = પદાર્થો પર કોતરણી વગેરે સૂક્ષ્મક્રિયા કરનાર તમોને, નમ: = અન્ન આપીએ છીએ, ચ = અને, રથકારેભ્ય: = ઘણાં જ પ્રકારના વિમાન વગેરે વાહનો બનાવનાર, વ: = આપ લોકોનો, નમ: = મજૂરી દઈને સત્કાર કરીએ છીએ, કુલાલેભ્ય: = પ્રશંસનીય માટીના વાસણો બનાવનારને, નમ: = અન્નાદિ પદાર્થ આપીએ છીએ, ચ = અને, કર્મારેભ્ય: = ખડ્ગ, બન્દૂક અને તોપ વગેરે શસ્ત્ર બનાવનાર, વ: = આપ લોકોનો, નમ: = સત્કાર કરીએ છીએ, નિષાદેભ્ય: = વન અને પર્વત વગેરેમાં રહીને દુષ્ટ જીવોને મારનાર આપને, નમ: = અન્ન વગેરે આપીએ છીએ, ચ = અને, પુઞ્જિષ્ઠેભ્ય : = સફેદ વગેરે રંગોમાં અને ભાષાઓમાં પ્રવીણ, વ: = આપનો, નમ: = સત્કાર કરીએ છીએ, શ્વનિભ્ય: = કૂતરાને શિક્ષણ આપનાર આપને, નમ: = અન્નાદિ આપીએ છીએ, ચ = અને, મૃગયુભ્ય: = પોતાના દ્રવ્યથી વનના હરણ વગેરે પશુઓને ચાહનાર આપ લોકોનો, નમ: = સત્કાર કરીએ છીએ.

આપ પણ આમ જ કરો. વિદ્વાન લોકોએ કોનો કોનો સત્કાર કરવો એ વિષય લઈને આ મંત્રમાં કહે છે -

**ભાવાર્થ :** વિદ્વાન લોકોએ જે પુરુષો પદાર્થવિદ્યા જાણીને અપૂર્વ કારીગરીયુક્ત પદાર્થો બનાવે તેમને પારિતોષિક વગેરે આપીને ખુશ કરવાં અને જે કૂતરા વગેરે પશુઓને અન્નાદિ આપી રક્ષણ કરે તથા તેમને સારી રીતે કેળવી ઉપયોગ કરાવે તેમને સુખ આપવું.

(-ક્રમશ:)

★★★

## વિચાર....

....✍ : **શ્રી મયંક શુક્લ**

એરપોર્ટ પર ત્રણ જાતના પ્રવાસીઓ જોવા મળે છે.

એક એવા કે જેને મૂકવા ઘણા બધા આવે છે અને જવાવાળો પ્રવાસી તથા મૂકવાવાળા રોયા કરે છે. કારણકે બધાને મૂકીને જવાનો તેને ગમ છે. નવી જગ્યાએ પહોંચવાનો આનંદ નથી.

બીજા એવા છે કે જે ખુબજ આનંદમાં હોય છે. તેના ચહેરાનો રંગ જ કંઈક ઓર હોય છે. કારણકે તેને નવી જગ્યાએ પહોંચવાનો આનંદ છે પણ આ બધું છોડવાનો ગમ નથી. આ છે તેનાથી સારું મેળવવા જઈ રહ્યો છે તેનું તેને ભાન છે.

ત્રીજા એવા છે જે એકલા સમયસર આવી ચેકઅપ કરાવી સીધા પ્લેનમાં બેસી જાય છે. તેમને કોઈજ નવાઈ નથી તેમના માટે બન્ને જગ્યા સરખી છે. **નક્કી કરીએ આપણે કેવાં પ્રવાસી છીએ !**

**વર્તમાન :**

ભૂતકાળને ભૂલી ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનને સંભાળી લે કારણ :

ભૂતકાળ જતો રહ્યો છે જે આવવાનો નથી. ભવિષ્યની તને કાંઈ ખબર નથી માટે **વર્તમાન જે તારા હાથમાં છે તેને સંભાળી લે. ભવિષ્ય આપોઆપ સુધરી જશે.**

★★★

**● મહાસરસ્વતી દેવી ●**

વિદ્યા-બુદ્ધિની અધિષ્ઠાત્રી દેવી દેવતાના અનુગ્રહ વિના કાવ્યગત શક્તિ પણ પ્રાપ્ત થતી નથી.

**સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ**

# પિતૃ-સૂક્ત...

....✍ : શ્રી ચંદ્ર આગત્સ્યાયન્

[ઋગ્વેદના ૧૦મા મંડળના ૧૫મા સૂક્તની ૧ થી ૧૪ ઋચાઓ "પિતૃ-સૂક્ત તરીકે જાણીતી છે. પહેલી આઠ ઋચાઓમાં જુદા જુદા સ્થાનોમાં રહેવાવાળા પિતૃઓને યજ્ઞમાં અર્પણ કરેલો ભાગ સ્વીકારવા માટે આમંત્રિત કરવામાં આવેલ છે. છેલ્લી છ ઋચાઓમાં અગ્નિદેવને પ્રાર્થના કરવામાં આવી છે કે તેઓ બધા પિતૃઓને યજ્ઞમાં અર્પણ કરાયેલ હવિષ્યાન્નનો સ્વીકાર કરવા સાથે લેતા આવે. આ સૂક્તના ઋષિ-શંખ યામાયન, દેવતા-પિતૃ તથા છંદ-ત્રિષ્ટુપ ઋચા ૧ થી ૧૦ અને ૧૨ થી ૧૪ અને જગતી (ઋચા-૧૧) છે. (મૂળપાઠ અને તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ.)]

**उदीरतामवर उत् परास उन्मध्यमाः पितरः सोम्यासः ।**
**असुं य ईयुरवृका ऋतज्ञास्ते नोऽवन्तु पितरो हवेषु ॥ १ ॥**

નીચે, ઉપર અને મધ્યસ્થાનોમાં રહેવાવાળા, સોમ (અમૃત)પાન કરવાની પાત્રતાવાળા અમારા સર્વે પિતૃઓ ઉઠીને તૈયાર થાઓ, યજ્ઞોને કરવાવાળા સૌમ્ય સ્વભાવના અમારા જે પિતૃઓએ નૂતન દેહ ધારણ કરી લીધો છે, તે બધા (પણ) અમારા આમંત્રણથી પધારીને અમારી રક્ષા કરો / કલ્યાણ કરો. (૧)

**इदं पितृभ्यो नमो अस्त्वद्य ये पूर्वासो य उपरास ईयुः ।**
**ये पार्थिवे रजस्या निषत्ता ये वा नूनं सुवृजनासु विक्षु ॥ २ ॥**

જે કોઈપણ પહેલાંનાં કે હમણાંના (સમયમાં) અમારા પિતૃઓ અહીંથી (પિતૃલોકમાં) ગયા છે, જે પિતૃઓ અન્ય સ્થાનો (પિતૃલોક સિવાયના)માં છે અને જે (પોતાના) ઉત્તમ સ્વજનોની સાથે (તે સ્થાનમાં) રહે છે, એટલે કે યમલોક, મર્ત્યલોક (પૃથ્વી ઉપર) અને વિષ્ણુલોકમાં રહેલાં દરેક પિતૃઓને આજે (અમે) અમારા પ્રણામ કરીએ છીએ. (૨)

**आहंपितॄन् त्सुविदत्राँ अवित्सि नपांत च विक्रमणं च विष्णोः ।**
**बर्हिषदो ये स्वधया सुतस्य भजन्त पित्वस्त इहागमिष्ठाः ॥ ३ ॥**

પાછા ન પડે તેવા ઉત્તમ જ્ઞાનવાળા પિતૃઓ અને વિષ્ણુ (દેવ)ની માયા (છલના) ને, મેં(વિનમ્રતાથી) મારા પ્રત્યે કૃપાવંત (અનુકૂળ) થાય તેમ કરી લીધા છે. દર્ભના આસન ઉપર બેસવાને અધિકારી (પાત્ર) એવા પિતૃઓ (આપ) પ્રસન્નતા પૂર્વક પધારીને આપની રૂચિને જે અનુકૂળ હોય તે (અગ્નિદેવને) અર્પણ કરેલ હવિ(અન્ન)અને સોમ(અમૃત)રસનો સ્વીકાર કરો.(૩)

**बर्हिषदः पितरः ऊत्यर्वागिमा वो हव्या चकृमा जुषध्वम् ।**
**ते आ गतावसा शंतमेनाऽथा नः शं योरऽपो दद्यात ॥ ४ ॥**

દર્ભ (કુશ)ના આસન ઉપર બેસવાવાળા હે પિતૃઓ! તમે કૃપા કરીને અમારી તરફ આવો. આ હવિ (યજ્ઞમાં હોમવાનું દ્રવ્ય) આપને માટે જ તૈયાર કરવામાં આવ્યું છે, તેનો સપ્રેમ સ્વીકાર કરો. આપને ગમતા પ્રસાદ સાથે આવો અને અમોને કલેશરહિત (શાંતિવાળું) સુખ તથા કલ્યાણ પ્રાપ્ત કરાવો. (૪)

**उपहूताः पितरः सोम्यासो बर्हिष्येषु निधिषु प्रियेषु ।**
**ते आ गमन्तु त इह श्रुवनवधि ब्रुवन्तु तेऽवन्त्वस्मान् ॥ ५ ॥**

પિતૃઓને પ્રિય એવા સોમરૂપી અમૃતની રાશિઓ (વિશાળતા)ની સ્થાપના સાથે દર્ભાસન ઉપર આપને પધારવા આહ્‌વાન કરેલ છે. આપ સર્વે અત્રે ઉપસ્થિત થાઓ અને અમારી પ્રાર્થના (વિનતી)ને સાંભળો. આપ અમારી સુરક્ષા કરવા માટે દેવોને અમારા વતી વિનંતી કરો.

**आच्या जानु दक्षिणतो निषद्यमं यज्ञमभि गृणीत विश्वे ।**
**मा हिंसिष्ट पितरः केन चिन्नो यद्व आगः पुरूषता कराम ॥ ६ ॥**

હે પિતૃઓ! ડાબું ઘૂંટણ વાળીને અને વેદીના જમણા ભાગે નીચે આસન ગ્રહણ કરી (બેસી)ને આપ સર્વે અમારા દ્વારા કરાતા આ યજ્ઞ - પિતૃઓને યજ્ઞના માધ્યમ દ્વારા અપાતા હવિ (આહૂતિ)-ને આવકારો. આપ અમોને શિક્ષા ન કરશો. (પિતૃઓ ડાબું ઘૂંટણ ટેકવીને અને દેવો જમણું ઘૂંટણ ટેકવીને સ્થાન ગ્રહણ કરે છે.) (૬)

**आसीनासो अरूणीनामुपस्थे रयिं धत्त दाशुषे मर्त्याय ।**
**पुत्रेभ्य पितरस्तस्य वस्वः प्र यच्छत त इहोर्जँ दघात ॥ ७ ॥**

ઉજળા રક્તવર્ણા ઉષાદેવીના ખોળામાં બેઠેલા હે પિતૃઓ ! આપના આ ભૂર્લોક (મૃત્યુલોક)માં યજ્ઞ

કરવાવાળા એવા અમોને ધનની કૃપા પ્રદાન કરો, સામર્થ્ય આપો તથા આપની કીર્તિરૂપી સંપત્તિના થોડા અંશો પણ આપના બાળકો (પુત્રો) એવા અમને આપો. (૭)

**ये नः पूर्वे पितरः सोम्यासो ऽनूहिरे सोमपीथं वसिष्ठाः ।**
**तैभिर्यमः संरराणो हवींष्युशन्नुशद्भिः प्रतिकाममत्तु ॥ ८ ॥**

(યમના સોમ (અમૃત)પાન બાદ) સોમપાનને યોગ્ય અમારા વશિષ્ટ કુળના અમૃતપાન કરનારા પિતૃઓ અત્રે આવી ગયા છે. તે અમોને ઉપકારવશ કરવા માટે સંમત થઈને અને જાતે ઉત્કંઠિત થઈને આ યમરાજ અમારા દ્વારા અર્પણ કરાયેલા હવિષ્યાન્નને પોતાની ઈચ્છા મુજબ ગૃહણ કરો. (૮)

**ये मातृषुर्देवत्रा जेहमाना होत्राविदः स्तोमतष्टासो अर्कौः ।**
**आग्ने याहि सुविदत्रेभिरर्वाङ् सत्यैः कव्यैः पितृभिर्धर्मसद्भिः ॥ ९ ॥**

વિવિધ પ્રકારના યજ્ઞમાં હોમવાના દ્રવ્યોના સત્વ સમાન અર્કોથી, યજ્ઞની સહાયથી જે નિર્માણ કર્યું છે, એવા ઉત્તમ જ્ઞાની, વિશ્વાસપાત્ર ધર્મ નામના હવિ (યજ્ઞમાં અર્પણ કરવાના દ્રવ્ય-વસ્તુ)ની પાસે બેસવાવાળા 'કવ્ય' નામના અમારા પિતૃઓ દેવલોકમાં શ્વાસ લેવાની સ્થિતિની આકાંક્ષાથી વ્યાકુળ થઈ ગયા છે તેમને (પિતૃઓને) સાથે લઈને હે અગ્નિદેવ ! આપ અત્રે ઉપસ્થિત થાઓ. (૯)

**ये सत्यासो हविरदो हविष्पा इन्द्रेण देवैः सरथं दधानाः ।**
**आग्ने याहि सहस्रं देववन्दैः परैः पूर्वैः पितृभिर्धर्मसद्भिः ॥ ९ ॥**

ક્યારેય જૂદા ન પડવાવાળા, ખૂબ હવિ (યજ્ઞદેવને અર્પણ કરેલ અન્ન)ને જમવાવાળા, આસવ (અમૃતરસ) રૂપ હવિનું પાન કરવાવાળા, ઈન્દ્ર અને અન્ય દેવોની સાથે એકજ રથમાં પ્રવાસ કરવાવાળા, દેવોને વંદના કરવાવાળા, ધર્મ નામના હવિની પાસે બેસવાવાળા જે અમારા પૂર્વજ પિતૃઓ છે, તે સહસ્રોં (અસંખ્ય)ની સંખ્યામાં રહેલા (પિતૃ)ઓને લઈને હે અગ્નિદેવ ! આપ અત્રે પધારો. (૧૦)

**अग्निष्वात्ताः पितर एह गच्छत सदः सदः सदत सुप्रणीतयः ।**
**अत्ता हवींषि प्रयतानि बर्हिष्यथा रयिं सर्ववीरं दधातनः ॥ ११ ॥**

અગ્નિ દ્વારા પવિત્ર કરવામાં આવેલા ઉત્તમ માર્ગ ચિંધવાવાળા પિતૃઓ ! આપ અત્રે પધારો અને પોત-પોતાના આસન ઉપર બિરાજો. કુશાશન ઉપર અર્પણ કરવામાં આવેલા હવિષ્યાન્નને આરોગો અને (કૃપાના સ્વરૂપે) અમોને (કુળની વૃદ્ધિરૂપ) પુત્રો આદિ સંપત્તિને પ્રાપ્ત કરવાવાળા બનાવો. (૧૧)

**त्वमग्न ईळितो जातवेदोऽवाड्व्यानि सुरभीणि कृत्वी ।**
**प्रादाः पितृभ्यः स्वधया ते अक्षन्नद्धि त्वं देव प्रयता हवींषि ॥ १२ ॥**

હે જ્ઞાનરૂપ અગ્નિદેવ ! અમારી કરેલી પ્રાર્થનાથી આપ આ હવિષ્યાન્નને મધુર બનાવીને (તેને) પિતૃઓની પાસે લઈ જાઓ, તે (હવિ)ને પિતૃઓને આપો અને પિતૃઓ પણ તે હવિષ્યાન્ન) ને પોતાની ઈચ્છા મુજબ આરોગે (તેવું થવા દો). હે અગ્નિદેવ ! (હવે અમારા દ્વારા) સમર્પિત કરેલ હવિનું આપ પણ ભક્ષણ કરો (આરોગો). (૧૨)

**ये चेह पितरो ये च नेह याँश्च विद्मयाँ उ च न प्रविद्म ।**
**त्वं वेत्थ यति ते जातवेदः स्वधाभिर्यज्ञं सुकृतं जुषस्व ॥ १३ ॥**

અમારા જે પિતૃઓ અહીં આવ્યા છે અને જે અહીં નથી આવ્યા, જેને અમે ઓળખીએ છીએ અને જેમને અમે (દૈવગતિ અનુસાર) સારી રીતે ઓળખતા નથી, તે સઘળા (પિતૃઓ), જેટલા (અને જેવા) છે, તે બધાને હે અગ્નિદેવ ! તમે સારી રીતે ઓળખો છો, તે બધાની ઈચ્છા પ્રમાણે સારી રીતે તૈયાર કરવામાં આવેલા આ હવિષ્યાન્નને (તે બધા પિતૃઓ માટે) પ્રસન્નતા પૂર્વક આપ સ્વીકાર કરો. (૧૩)

**ये अग्निदग्धा ये अनग्निदग्धा मध्ये दिवः स्वधया मादयन्ते ।**
**तेभिः स्वराळसुनीतिमेतां यथावशं तन्वं कल्पयस्व ॥ १४ ॥**

અમારા જે પિતૃઓને અગ્નિ (દેવ) એ પાવન કર્યા છે અને જે અગ્નિ દ્વારા ભસ્મસાત થયા વિના જ સ્વયં પિતૃરૂપ થયા છે તથા જે પોતાની ઈચ્છા અનુસાર સ્વર્ગમાં આનંદથી રહે છે, તે બધાની રજા (આજ્ઞા)થી (હું પ્રાર્થું છું કે) હે સ્વરાટ્ અગ્નિ (દેવ) પિતૃલોકમાં (ત્યાં) આવેલા નૂતન જીવાત્મા - પિતૃઓ- ને પ્રાણરૂપ દેહ ધારણ કરવા યોગ્ય શરીરોને તેમની ઈચ્છા પ્રમાણે બનાવીને તેમને આપો. (૧૪)

★★★★

# પિતૃઓની ઈચ્છા

....✍ : સુ શ્રી. રમાબેન ત્રિવેદી

માઘ માસના અમાવાસ્ય તિથિ પૂર્વાભાદ્રપદ નક્ષત્રના દિવસે શુભતિર્થમાં જવાથી પિતૃઓ તૃપ્તિ પામે છે.

अपि धन्यः कुले भ्यादस्माकं मतिमान्नरः ।
अकुर्वदन् वित्त शाढयं यः पि ॥ १ ॥

અમારા કુળમાં એવો કોઈ ધન્યવાદને પાત્ર બુદ્ધિમાન પુરુષ જન્મશે, જે ધનની કંજુસાઈ ન કરતાં અમને પિન્ડો આપશે. (૧)

अकुर्वन वित्त शाठयं पः पिन्डान्नो निर्वपिष्यति ।
रत्न वस्त्रं महियान, महाभोगादिकं वसु ॥ २ ॥

વળી જે પોતાની પાસે ધનવૈભવ હશે તે અમને ઉદ્દેશી બ્રાહ્મણોને રત્નો, વસ્ત્ર, પૃથ્વી, વાહનો તથા મોટાભોગ વૈભવો વગેરે પણ આપશે.

विभवे सति विप्रेभ्यो, योस्मानुदिश्यदास्यति ।
अन्नेन वा यथा शक्ति, कालेस्मिन् भक्तन मृधी
असमर्थो अन्नदानस्य, धान्यमानां स्वशक्तितः
प्रदाश्यति द्विजाग्रेभ्य, स्वभ्पाभ्यांवापि दक्षिणाम् ॥ ४ ॥

અથવા ભક્તિથી નમ્રબુદ્ધિ એવો જે પુરુષ પોતાની પાસે કેવળ અન્નદાન કરી શકાય એટલા જ વૈભવવાળો હોઈને યોગ્ય સમયે યથાશક્તિ અન્ન સમર્પણ કરી ઉત્તમ બ્રાહ્મણોને પોતે જમાડશે એવો પણ અમીરાત અમારા કુળમાં જન્મશે અથવા જે અન્નદાન કરવા અસમર્થ હોય તે પોતાની શક્તિ પ્રમાણે કાચું ધાન્ય તથા અતિશય ઓછામાં ઓછી દક્ષિણા આપશે. (૩)

तत्राप्यसामर्थ्ययुतः, कराग्राग्रस्थितांस्तिलान् ।
प्रणम्य द्विजमुख्याय, कस्मैचिद् भूपदास्यति ॥ ४ ॥

એટલું આપણા પણ જે અસમર્થ હોય તે પુરુષ માત્ર હાથનાં અગ્રાગ્રભાગે રહેલા ચપટી તલપણ કોઈ ઉત્તમ બ્રાહ્મણને આપશે તોય તૃપ્ત થશું. (૪)

तिलैः सप्ताष्टभिर्वापि, समवेताज्जालाज्जलिन् ।
भक्तिनमृः समुद्दिश्य, भुव्यस्माकं प्रदास्यति ॥ ५ ॥

ફક્ત સાત-આઠ તલથી યુક્ત જળના ખોબા ભરીને અમને ઉદ્દેશીને (તે જળ) ભૂમિ ઉપર અમને આપ - પધરાવ. (૫)

यतः कुतच्चित संप्राप्य, गोभ्यो वापिगवाग्निकम् ।
अभावे प्रणयन्नस्मान्, श्रद्धा युक्तः सदास्यति ॥ ६ ॥

ભક્તિનમ્ર જે પુરુષ એક ગાયને ફક્ત એક જ દિવસ તૃપ્તિ થાય તેટલું ઘાસ શ્રદ્ધા સહિત આપે તો પણ અમે તૃપ્ત થઈશું. (૬)

सर्वाभावेवनंगत्वा, कक्षामूलप्रदर्शतः ।
सूर्यादिलोकपालानामिदमुच्चैः पठिष्यति ॥ ७ ॥

વનમાં જઈ બન્ને હાથ ઊંચા કરીને સૂર્યાદિ લોકપાલોને કહે કે મારી પાસે સોનું - રૂપું, કંઈ નથી તો કેવળ ભક્તિથી પિતૃઓને પ્રણામ કરું છું કે તમો તૃપ્ત થાઓ. (૭)

(-વિષ્ણુપુરાણ આધારિત.)

●●●

"સ્ત્રીને જોઈને સંયમ રાખે તે પુરુષ, અને ધ્રુજે તે જાનવર."

- 'આત્માના આંસુ' લે. ધૂમકેતુ

## સાધન-સમર અર્થાત્ દેવી માહાત્મ્ય

લેખાંક : ૧૭

....✍ : ભાવાનુવાદ : પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય

સહાયક : શ્રી ચંદ્રકાન્ત જાની

"मृगी, भार्गवी, भर्ग अम्बार फैला
त्रिखण्डा, जषा, खड्गयोनि, त्रिशूला ।
जुकी तत्त्वमुद्रा, महापात्रपाणी
परब्रह्म रूपां भवानी भजामि ॥ ९ ॥"

(ગતાંકથી આગળ.....)

સંસાર (જગત)માં ઘણા એવા પ્રશ્નો કરે છે, જેના સત્વરે ઉત્તર આપી શકાય નહિ. જેમ કે, પહેલાં બીજ ઉત્પન્ન થયું કે વૃક્ષ ? આવા પ્રશ્નોનો કેવળ નિરૂત્તર જેવા હોય છે, એટલે છેવટે એમ કહેવું પડે કે બન્નેને અનાદિ માનવામાં શું વાંધો ? એવો જ આ પ્રશ્ન છે કે પહેલાં સ્ત્રી ઉત્પન્ન થઈ કે પુરુષ ? આ પ્રશ્નના ઉત્તરમાં પણ છેવટે બન્ને અનાદિ કહેવાય. પરંતુ કંઈ બન્નેને અનાદિ કહેવાથી તે પ્રશ્નનું થોડું સમાધાન થાય છે ? પ્રશ્ન તો ઊભો જ રહે છે ને ? આ ગંભિર પશ્નનો ઉત્તર શ્રી દુર્ગાસપ્તશતીના ઉત્તર ભાગમાં प्राधानिक रहस्यम्' અને वैकृतिकं रहस्यम्' માં આપેલ છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રની ઉત્પત્તિ અને તેમની શક્તિઓ બાબત આપણા શ્રી ઉપાસનાના જુલાઈ-ઓગષ્ટ '૯૮થી માર્ચ-એપ્રિલ ' ૯૯ સુધીના અંકમાં 'સત્સંગસુધા'ની લેખમાળા નીચે દેવની ઉત્પત્તિ અને કાર્ય બાબત જોઈ ગયા છીએ તેવીજ બાબત ગતાંકમાં પણ આપણે જોઈ. આવા પ્રશ્નોનું સમાધાન અગાઉ વર્ણવ્યા પ્રમાણે લક્ષ્મીદેવી દ્વારા બોધિત મહાકાલી આદિ શક્તિત્રયના યુગ્મત્રયની ઉત્પત્તિના પ્રસંગથી સમસ્ત જગતના રૂપને સ્પષ્ટ કરી દે છે અને કેવળ પરાશક્તિને આદિથી અંત સુધી માનવાથી બધી સમસ્યાનો અંત આવી જાય છે. આ (તંત્ર-શક્તિ)ની રહસ્યવિદ્યાના જે અભ્યાસુઓ નથી તેવા આધુનિક વૈજ્ઞાનિકો પણ આ વિષયમાં શું કહે છે તે વાત ધ્યાન દેવા જેવી છે. તેઓ જણાવે છે કે -

The female is the primary and original sex; Originally and normally all life centres about the female. The male, not, necessary to the scheme of life; was developed under the operation of the principle of advantage to secure organic process through the crossing of strains.

પશ્ચિમ વિદ્વાનના આ ઉપરોક્ત વિધાનથી પણ પરાશક્તિનું અનાદિત્વ સિદ્ધ થાય છે. પહેલાં તો એ સમજવાની જરૂર છે કે વ્યવહારમાં જાતિભેદની આવશ્યકતા જ નહોતી, કેમકે તે સમયે શક્તિ આદ્યશક્તિ સિવાય કશું નહોતું, પછી જાતિ (સ્ત્રી-પુરુષ) કલ્પનાનો પ્રસંગ જ ક્યાંથી ઉદ્દ્ભવે. હા, જો કલ્પના જ કરવી છે તો "શરૂઆતમાં મૂળભૂત રીતે સ્ત્રી જાતિ જ છે. જો સૃષ્ટિતત્ત્વની સૂક્ષ્મ રીતે આલોચના કરવામાં આવે તો સ્પષ્ટરૂપે જણાશે કે પ્રાથમિકભાવથી તથા પ્રકૃતિના નિયમ અનુસાર મિથુનસૃષ્ટિના આરંભમાં સૌથી પહેલાં નારીશક્તિ ઉત્પન્ન થઈ. સામાન્ય રીતે પ્રાણીમાત્રની ઉત્પત્તિ સ્ત્રી જાતિ પર જ અવલંબિત છે. પ્રાણીજગતની ઉત્પત્તિમાં પુરુષજાતિની આવશ્યકતા જ નહોતી અથવા તો ગૌણ હતી. રજ અને વીર્યના સંયોગથી તેના જુદા જુદા ગુણધર્મોથી જીવશક્તિનો આવિર્ભાવ કરવા માટે પુરુષજાતિનો પાછળથી પ્રાદુર્ભાવ થયો."

અત્રે ઉપરોક્ત આધુનિક Occidental Evolution Theory – પાશ્ચાત્ય સૃષ્ટિક્રમ કલ્પનાના અવતરણરૂપ પ્રમાણ તરીકે આપેલ નથી પરંતુ તે દ્વારા એ બતાવાયું છે કે 'અપ-ટુ-ટેડ' વિચારકોએ પણ સ્ત્રી-જાતિનું પ્રાધાન્ય સ્વીકારીને તેમના (સ્ત્રી) દ્વારા પુરુષાદિની સૃષ્ટિની યોગ્યતાને પ્રમાણી છે.

તાજેતરમાં ટી.વી.ની ડિસ્કવરી ચેલન પર સમુદ્રની સરિસૃપ સૃષ્ટિમાં કેટલીક માછલીઓ બતાવતાં તે બાબત તેમનું વિશ્લેષણ હતું કે માછલીમાં જ્યારે નરમાછલીનું પ્રમાણ ઘટી જાય છે ત્યારે સ્ત્રી-માછલીઓ આવશ્યકતા મુજબ પોતાની જાતે જ પુરુષ માછલીમાં પરિવર્તિત થઈ જાય છે.

ભટ્ટ વલ્લભ ધોળાના 'આનંદના ગરબા'માં પણ ગવાયું છે -

'શક્તિ સૃજવા સૃષ્ટિ સહજ સ્વભાવ સ્વલ્પ મા,
કિંચિત કરૂણા દૃષ્ટિ કૃત કૃત કોટિ કલ્પ મા. (૧૬)
પરશુરામ શ્રીરામ રામ બલી બળ જેહ - મા,
બુદ્ધ કલંકી નામ દશવિધ ધારી દેહ - મા. (૩૭)
વ્યંડળને વળિ નાર, પુરુષપણે રાખ્યા-મા,
એ અચરિજ સંસાર, શ્રુતિ સ્મૃતિયે ભાખ્યા-મા (૪૦)

તથા 'બહુચર બાવની'માં પણ ગાયું છે -

'નારીનો કીધો નર, નામ કીધું જગમાં અમ્મર. (૭)

દેવતાનો અનુગ્રહ પ્રાપ્ત થવો એ કંઈ બજારમાં જઈ વસ્તુ ખરીદી લાવવા જેવું સરળ નથી. મેં આટલું અનુષ્ઠાન (જપ-તપ) કર્યાં પણ કંઈ પરિણામ ન મળ્યું એવું કહેવું ઉચિત નથી. પરંતુ જરાય ઉદ્વિગ્ન થયા વગર કેવળ ઉપાસનામાં રચ્યાપચ્યા રહેવું જોઈએ. જો ઈષ્ટ (ઈચ્છિત) સિદ્ધિમાં આવતા આવરણોને દૂર કરવા પ્રયત્ન કરવામાં ન આવે તો અનુષ્ઠાનને દોષ દેવો ઉચિત નથી. કેમકે એ **ન્યાયનો સર્વસામાન્ય નિયમ છે કે કારણની સાથે જ્યારે તેનું નિષેધાત્મક તત્ત્વ દૂર થાય છે ત્યારે કાર્ય સિદ્ધિને વરાય છે.**

માર્કંડેય ઋષિએ શ્રી દુર્ગા સપ્તસતીના પાંચમા અધ્યાયના આરંભમાં એક મહત્ત્વપૂર્ણ વાત કરી છે.

**"पुरा शुम्भनिशुम्भाभ्यामसुराभ्यां शचीपतेः ।**
**त्रैलोक्यं यज्ञभागाश्च हृता मदबलाश्रयात् ॥**

આ શ્લોકમાં ઋષિ જણાવે છે કે "પહેલાના સમયમાં શુંભ અને નિશુંભ એવા બે અસુરોએ મદ (અભિમાન) અને બળનો આશ્રય લઈને સચીપતિ એવા ઈન્દ્રનો ત્રણે લોકમાંથી અને યજ્ઞ-ભાગોને હરી લીધા." આ શ્લોકમાંનાં વિશેષણો ક્યા રહસ્યનું સૂચન કરે છે ? શુંભ અને નિશુંભ બે અસુર (દૈત્ય) હતા 'असून् प्राणान् रान्ति ददाति इति असुरः' - જરા સમજો તો, કે જે પુરુષ **પોતાના પ્રાણની બલિ (આહુતિ) દેવામાં પણ જરાય અચકાતો નથી તેનાથી ઈચ્છિત-સિદ્ધિ કઈ રીતે દૂર રહી શકે ?** આ તો જાણે ઠીક પરંતુ મંત્રમાં જણાવ્યું છે ઈન્દ્રદેવનું સર્વસ્વ હરણ કરવામાં આવ્યું તેનું કારણ શું ? અહીં પણ મુનિશ્રીએ અભિધાન-ઔચિત્યનો અદ્દભૂત પરિચય કરાવ્યો છે. અમરકોશ આદિ અભિધાન-ગ્રંથોમાં - 'इन्द्रो मरूत्वान् मघवा' ઈત્યાદિ નામોથી ઈન્દ્રનું નિરૂપણ કર્યું છે. પરંતુ અત્રે (મંત્રમાં) બધું છોડીને (ઈન્દ્રને) શચીપતિ નામથી રજૂ કર્યા તેનું શું તાત્પર્ય છે ? 'रात्रिं दिवं शचीं पाति इति शचीपतीः' । રાત્રિ-દિવસ સતત પોતાની પ્રિયા ઈન્દ્રાણીના જ પાલન કરવામાં (તેના આંચલમાં રહેનાર), એવા સંકેત દ્વારા સદા તેની (શચીની) આજ્ઞામાં રત રહેનારનું ત્રણેલોકનું આધિપત્ય જો કોઈ હરી લે, અને તેના હકના યજ્ઞ-ભાગોને મદમત્ત તથા બળવાન વિરોધી (અસુરો) લઈ જાય તો એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? (ઉપાસકે ધીરજથી અને ઊંડાણથી આ વાત સમજવા જેવી છે.)

કહેવાનું તાત્પર્ય એ કે અકર્મણ્ય (યોગ્ય રીતે જપ-તપ-અનુષ્ઠાન ન કરીને) બનીને **મંત્રાદિના અનુષ્ઠાનમાં લાગ્યા રહેલા ઉપાસકે ધ્યાન રાખવું જોઈએ કે દેવતા જ્યારે ઉપાસક ઉપર અનુગ્રહ કરે છે ત્યારે પ્રથમ 'ददामि बुद्धियोगं तम्' એમ કહે છે (કૃપા કરે છે).** ભગવાનના વચનાનુસાર બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે ત્યારબાદ (તેના અનુસંધાને) પોતાની ઉપાસનાના પ્રયત્નમાં લાગ્યા રહેવાથી દેવતાના અનુગ્રહનું ફળ પ્રાપ્ત થાય છે. આધુનિક કાળમાં તપોનિષ્ઠાની સંપત્તિ પ્રાપ્ત કર્યા વગરના ઉપાસકને 'प्रत्यक्षं प्राह चण्डिका' (દેવત્વને પ્રત્યક્ષ કરવાની) દૈવી અનુગ્રહની આશા

રાખવી એ માત્ર દુરાગ્રહને પોષવા જેવું છે.

તેથી પરાશક્તિ એવા શ્રીમાતાના અનુગ્રહને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા ઉપાસકે વિધિપૂર્વક દીક્ષા લેવી જોઈએ અથવા ઉપદેશ ધારણ કરીને ગુરુદેવ દ્વારા ઉપદેશેલ મન્ત્રને વિધિપૂર્વક સિદ્ધ કરવો જોઈએ. આ ક્રિયા દરમિયાન સ્વયં નિયમમાં રહીને યોગ્ય વિધિપૂર્વક અનુષ્ઠાનનો પ્રયત્ન કરવો. આમ કરનારને પછી મન્ત્ર અને ગુરુદેવ કે શાસ્ત્ર આદિમાં અવિશ્વાસ રહેવાનો પ્રસંગ ક્યારેય ઉપસ્થિત થશે નહિ.

**દેવોની ઉપાસનામાં ત્રણ બાબત મુખ્ય હોય છે : (૧) શ્રદ્ધા, (૨) વિધિનું અક્ષરશઃ પાલન, અને (૩) અનુષ્ઠાન વગરની ઉપાસના પણ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં અડચણરૂપ બને છે.** દરેક અનુષ્ઠાનના તેના અંગ અને ઉપાંગ હોય છે. તેમાં જો થોડુંય આઘુંપાછું થઈ જાય તો તે ફળ તો નથી આપતું પણ ક્યારેક અનિષ્ટને પ્રાપ્ત કરાવનારું પણ નીવડે છે! તેથી સાચી અને સારી વાત તો એ છે કે ગુરુદેવના શરણમાં જઈ તેમના માર્ગદર્શન મુજબ અનુષ્ઠાન કરવાથી કોઈ વિપરિતતાનો ભય રહેતો નથી. (- ક્રમશઃ)

★★★

## • વિચાર પ્રવાહ •

આપણા મનની અંદર વિચારોનો જે પ્રવાહ ચાલુ રહે છે તેમાંનો વિચાર પોતાની પાછળ સંસ્કારો મૂકતો જાય છે. એવા સંસ્કારોને પરિણામે ટેવો બંધાય છે. આ પ્રમાણે આપણા તમામ પ્રકારના સંસ્કારોનો સરવાળો તે આપણું ચારિત્ર્ય' અને જે વખતે જે વૃત્તિનો પ્રવાહ ચાલુ હોય તે વખતે મનુષ્ય તેને અનુરૂપ વલણ લે છે. જ્યારે સદ્‌ગુણોનો પ્રવાહ બળવાન હોય છે, ત્યારે મનુષ્ય શુભાચરણ કરે છે, અને અનંદનો પ્રવાહ ચાલુ થાય છે, આમ તેના મનને સુખની પ્રાપ્તિ થાય છે.

- આત્મારામ ભારદ્વાજ

# શ્રીમા રમામ્બા....

લેખાંક : ૬

....✍ : શ્રી પ્રહલાદભાઈ એમ. નાયક

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम्॥ (भ.गीता.૩/૪૦)

ઈંદ્રિયો, મન અને બુદ્ધિ આ (કામ)નાં રહેઠાણ કહેવાય છે; (અને) જ્ઞાનને ઢાંકી દઈને આ (કામ) એ (મન, બુદ્ધિ અને ઈંદ્રિયો વડે) જીવાત્માને મોહ પમાડે છે.

(૨) **ત્યાગમય યોગ :** (ગતાંકથી ચાલુ....)

તમે બધા એ ઉન્નત પદ (ઈશ્વરીય પવિત્રતા) પ્રાપ્ત કરી લેશો ત્યારે (તમે) દિવ્ય માતાના દિવ્યસંતાન હોવાના સંપૂર્ણ ગૌરવના અધિકારી (પાત્ર) બનશો. આ (દિવ્ય માતાની) તેજોમય પૂર્ણતાથી ઝળહળતી મૂર્તિને તમારાં શ્રદ્ધાસુમન ચડાવતાં રહો. ઈશ્વરની ઈચ્છા મુજબ તમારાં જીવનને ચાલવા દો. કોઈ તરફ વિરોધ ન દર્શાવો. શ્રીમાઁની દિવ્ય શક્તિરૂપ અખંડ ચેતનાની સાથે તમારું તાદાત્મ્ય અનુભવતા જીવન વ્યતિત કરો. શ્રીમાઁની અખંડ ચેતનાની સાથે અખંડ એકાત્મકતા અનુભવ કરવાનો અર્થ છે કે તમે હંમેશાં શ્રીમાઁની સર્વજ્ઞતા અને સર્વવ્યાપકતાને સતત દૃષ્ટિ સમક્ષ રાખી સચેત રહો. શ્રીમાંની અખંડ ચેતનાનું તાત્પર્ય એ છે કે તે સર્વાતિશાયી અક્ષરબ્રહ્મ છે. તે તમારાં અંતઃકરણમાં નિવાસ કરવાવાળાં શાશિકા છે; ઉચ્ચતર (પરમ) આત્મા છે, સર્વદર્શી સાક્ષી છે, દયાળુ પથદર્શક છે અને (તમારા) જીવનનું (શ્રીમાઁ) અંતિમ લક્ષ્ય છે. **તમારા હૃદયને પવિત્રતાનું સ્વર્ગ બનાવો જેથી શ્રીમાઁ તેમાં નિવાસ કરી શકે અને (તમારામાં રહીને) પોતાની પૂર્ણતાની અભિવ્યક્તિ કરી શકે.**

શ્રીમાઁની શક્તિ(ની) આરાધના અને યોગાભ્યાસ દ્વારા (પોતાના) ઉપર નિયંત્રણ લાવો. તેને સંવેદનાઓના ચક્કરમાં ન આવવા દેશો. તેને શાંતિથી ભરી દો. તમે ચાહે ઘરમાં હો કે ઓફિસમાં પોતાનું કામ કરી રહ્યા હોવ, કોઈ સંગઠન (સંસ્થા) માં તમારા પરની જવાબદારીઓનું વહન કરી રહ્યા હોય, કે કોઈ દેવાલયમાં પૂજા કરી રહ્યા હો, હંમેશાં બધે

શાંતિથી ઉપાસના કરતા રહો. કારણકે તમારી માતાનો સ્વભાવ શાંતિ(નો) છે. તે જ તમારી આત્માનો પણ સ્વભાવ છે. કેમકે ઉચ્ચતર આત્મા શ્રીમાઁની સાથે એકાકાર(રૂપે) રહે છે. જ્યારે તમારા મનમાં શાંતિ હોય છે ત્યારે તમે સમગ્ર સંસાર સાથે શાંતિપૂર્ણ વ્યવહાર કરો છો. કેમકે સંસાર તમારાથી જૂદો નથી. **આંતરિક નિઃસંગતાની શાંતિપૂર્ણ ક્ષણોમાં તમારી અંદર દિવ્ય શક્તિ પ્રવાહિત થતી રહે છે.** મનુષ્યના માનસિક જીવન ઉપર જ્યાં સુધી અહંભાવ ચાલુ હોય છે, ત્યાં સુધી તેને પૂર્ણ શાંતિ મળતી નથી. *પરિસ્થિતિઓ ભલે ગમે તેવી (વિરૂદ્ધ)હોય, શાંતિને ગુમાવશો નહિ. કોઈપણ પ્રકારની નબળાઈના શિકાર બનશો નહિ. શ્રીમાઁ બધું સહન કરી શકે છે પણ તેને ડરપોકપણું કે નબળાઈ પસંદ નથી, કારણકે તે સ્વયં શક્તિસ્વરૂપા છે.* **નબળા મનવાળા વ્યક્તિઓ જ વાસનાને વશ થવાવાળા હોય છે,** શ્રીમાઁ-શક્તિ-ના બાળકો (ઉપાસકો) જ નહિ સ્વસ્થ અને પોતાને અધિન, શાંત અને વ્યક્તિત્વપૂર્ણ(ગરિમા સંપન્ન) બનો તથા આધ્યાત્મિક અને ઉદાત્ત જીવનના ગુણોનું સતત ચિંતન-મનન કરતા રહો. **અસફળતા અને નિરાશાની ક્ષણોમાં પણ પોતાની અનંતતા, પૂર્ણતા, દિવ્યતા અને અમરતાનો અનુભવ કરતા રહો અને એમ કરી શકો છો તેમ પણ કહો.**

કોઈ વ્યક્તિ (ઉપાસક) પોતાની સ્વાભાવિક (સહજ)અવસ્થાને જાણવાનો જે કંઈ પ્રયત્ન કરે છે, તેને યોગનો જ એક ભાગ કહેવામાં આવે છે. **ધ્યાન દ્વારા પોતાના આત્માની મૌનાવસ્થાની સાથે સંપર્ક કરવાનો પ્રયત્ન કરો. અંતઃકરણના પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરો- કે જ્યાં એકપણ વિચારનું ઉત્પન્ન થવું એ મર્યાદાના ઉલ્લંઘન સમાન છે.** વિચાર વગરના થવાની સ્થિતિ એ જ તમારી ઈચ્છા હોવી જોઈએ. **મૌન એ પ્રાણ અને પ્રકાશનો ભંડાર છે. મૌન એ તમારું સ્વર્ગિય ઘર છે. મૌન વડે જ સઘળી ઉર્જા ઉત્પન્ન થતી રહેલી છે, સઘળો વિવેક પ્રસ્ફૂરિત થાય છે, બધા પ્રકારની પવિત્રતા અને શુદ્ધતા ઉદ્દભવે છે, સમગ્ર પ્રેમનું ઝરણું ફૂટે છે.** મૌનની એ ઉર્જા (શક્તિ)ને ધ્વનિ (વાણી)ના માધ્યમમાં લઈ આવો, ત્યારે જ તમે પરમશક્તિના નિષ્ઠાવાન ભક્ત કહાવી શકશો.

કાયર (નબળા મનના) લોકો જેને ઈશ્વરપ્રાપ્તિની સાચી લગની નથી, (તેઓ) મૌનની શાંતિને પ્રાપ્ત કરવા હિમાલયના એકાંત સ્થાનનો આશ્રય લે છે. પરંતુ મારા બાળકો (ઉપાસકો)! જે માનવતાના (સાચા) પ્રેમી છે, તે જ્યાં જાય છે ત્યાં એ ગંભીર (ઐશ્વરીય) શાંતિને (પોતાની સાથે) લઈ જાય છે. મારાં પ્રિય બાળકો! તમો જ્યાં છો ત્યાં જ રહો, કારણકે તમારી આ માઁ શાંતિને મેળવવા માટે ઘર છોડીને બીજે ક્યાંય ગઈ નથી. તે શાંતિને મેળવવા પોતાનું ભિક્ષાપાત્ર લઈ અહીં-તહીં ભટકતી નથી. તે જ્યાં રહી (છે) ત્યાં તેને શાંતિ, પૂર્ણતા, શક્તિ અને પવિત્રતાનાં દર્શન થયાં છે. **દુનિયાને એવા સૈનિકોની જરૂરત છે જે યુદ્ધ-ક્ષેત્રની મધ્યમાં શાંતિને લાવી શકે.** સંન્યાસિઓને પોતાના વ્યક્તિગત ઉદ્ધારની રટણા લગાવવા દો. તમે શ્રીમાઁના બાળકો (ઉપાસકો) સમગ્ર સંસારને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે કાર્ય કરો. તમારું જીવન તમારા ભાઈઓ (સહાધ્યાયીઓ), સમસ્ત માનવતાની સેવા તથા મોક્ષને માટે ન્યોચ્છાવર કરી દો. માનવતાની સેવા અને મોક્ષને માટે સમર્પિત કરેલાં તમારા જીવન દ્વારા તમે ત્યાગના મહિમાને આગળ વધારો (પ્રદર્શિત કરો).

**સમય ઘણો થોડો છે.** આ થોડા સમયમાં જ ઘણી બધી વાતો (બાબતો) પૂરી કરવાની છે. નકામી બધી વાતો છોડી દો, પગ-માથા વગરની કલ્પનાઓ કરવાની બંધ કરો. **આ સમય કામ કરવાનો છે. તમે તમારી જાતને ઈશ્વરની સાથે જોડી દો.** ઊંચા અવાજે આ સત્યની જાહેરાત કરો (કે હું સત્યના આશ્રયે છું). એટલા જોરથી તમારો અવાજ બુલંદ કરો કે આ સમગ્ર પહાડીઓ (જગત) ઘણાજ આનંદથી ગૂંજી ઊઠે. ભલે સંસાર પણ ખુલી આંખે જોઈ લે કે સત્યનો ઉજ્જવળ પ્રકાશ કેવો હોય છે. **જે શક્તિ તમારા અંદર છૂપાઈને રહેલી છે તેનું આહ્વાન કરો. એ શક્તિ એટલી બધી સમર્થ છે કે નાસ્તિકને પણ સત્યના આચરણવાળો બનાવી શકે છે.** જ્યાં સત્યનો જ પ્રકાશ હોય ત્યાં સંદેહ શાનો ? સત્યનો પ્રકાશ ફેલાતાં જ મનનો અંધકાર આપોઆપ દૂર થઈ જાય છે. સત્ય નિર્જીવ અસ્થિ અને શીથિલ સ્નાયુઓમાં પણ પ્રાણનો સંચાર કરી શકે છે. **સત્ય મનુષ્યને દેવતાઓમાં પરિવર્તિત કરી દે છે.**

(-ક્રમશઃ)

## કામાખ્યા તન્ત્રમ્....

લેખાંક : ૮

....✍ : 'દુર્ગાબાળ' સુશ્રી. દમયંતી જાની

(સદ્‌ગુરુદેવના માર્ગદર્શન મુજબ ઉપાસના કરનાર જ સિદ્ધિને વરે છે.)

"ૐ गुरू जगत्त्राता हं सोहम् विश्वेश्वरा ।
चैतन्य प्रकाशा शाश्वत प्राज्ञ अपरा ॥"

'આ એક વિશિષ્ટ ગુરુ મંત્ર છે જેના રટણ દ્વારા ઉપાસક પોતાનામાં આંતર્જ્યોતને પ્રગટાવે છે.

(ગતાંકથી ચાલુ......)

षष्ठः पटलः

काम-कला साधनं

છઠ્ઠું પટલ

કામ-કલાનું સાધન (ઉપાય)

॥ श्रीदेव्युवाच ॥

कस्या देव्याः साधकानामेकान्त - निन्दनं महत् ।
न कृत्वा पञ्च - तत्त्वैश्च पूजनं परमेश्वर ॥ १ ॥

શ્રી દેવી બોલ્યા - હે પરમેશ્વર ! પાંચ તત્ત્વોથી જે સાધક દેવીમાતાનું પૂજન નથી કરતા, તેમાં કઈ દેવીઓના સાધક અને કોણ સૌથી અધિક નિંદનીય છે ? (મંત્ર : ૧)

॥ श्रीशिव उवाच ॥

कलौ तु सर्व - शाक्तान ब्राह्मणानां विशेषतः ।
पञ्च-तत्त्व-विहीनानां निन्दनं परमेश्वरि ॥ २ ॥
तन्मध्ये कालिका - तारा - साधकानां कुलेश्वरि ।
मद्यं विना साधनं च महा-हास्याय कल्पते ॥ ३ ॥
यथा दीक्षां विना देवि । साधनं हास्यमेव हि ।
तथा तयोः साधकानां ज्ञेयं तत्त्वं विना सदा ॥ ४ ॥

શ્રી શિવે કહ્યું - હે પરમેશ્વરી ! કલિયુગમાં પાંચ તત્ત્વ-વગરના બધા શક્તિ ઉપાસકોમાં અને ખાસ કરીને બ્રાહ્મણ (દીક્ષિત) સાધક (વધારે) નિંદવા યોગ્ય છે. તેમાં પણ હે કુલેશ્વરિ ! (કુળને તારનારાં દેવી !) કાલિકા અને તારા (દેવી)ના ઉપાસકો તીર્થ (આસવ - આ તંત્રનો સાંકેતિક શબ્દ છે જે ગુરુગમ્ય છે.) ધરાવ્યા વગરની સાધના (ઉપાસના) હાસ્યાસ્પદ (ઠરે) છે (વ્યર્થ જાય છે). હે દેવિ ! જેમ દીક્ષા પ્રાપ્ત કર્યા વગર ઉપાસના કરવી હાસ્યાસ્પદ (વૃથા) છે. આ પ્રમાણે આ બન્ને દેવીઓના ઉપાસકોની તત્ત્વ (સમર્પણ) વગરની ઉપાસના સમજવી જોઈએ. (મંત્ર : ૨ થી ૪ )

शिलायां शस्य - वापैश्च न भवेदंकुरो यथा ।
अनावृष्ट्या क्षितौ देवि ! कर्षणं यथा नहि ॥ ५ ॥
ऋतुं विना कुतो देवि ! कतोपऽत्यं प्रजायते ।
गमनं च विना क्वापि ग्राम - प्राप्तिर्यथा न च ॥ ६ ॥
अतो देव्याः साधनेषु पञ्च - तत्त्वं सदा लभेत् ।
पञ्च - तत्त्वैः साधकेन्द्रावर्चयेद् विधिना मुदा ॥ ७ ॥

હે દેવિ ! જેવી રીતે શિલા (પથ્થર) પર વાવેલું બીજ અંકુરિત થતું નથી, વર્ષા થયા વગર જમીન ખેડાતી નથી, ઋતુ (કાળ-સમય) વગર પ્રજા થતી નથી અને ચાલ્યા વગર જેમ કોઈ ગામ સુધી પહોંચી શકાતું નથી તે પ્રમાણે પાંચ તત્ત્વો (ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ)-ના અર્પણ વગર દેવીમાતાની ઉપાસના સફળ થતી નથી. તેથી આ બન્ને મહાવિદ્યાઓના સાધકે પ્રસન્ન મન (ચિત્ત) વડે વિધિપૂર્વક તત્ત્વઅર્પણ દ્વારા પૂજન કરવું જોઈએ. (મંત્ર : ૫ થી ૭)

(મંત્ર ૮ થી ૧૨ ગુરુગમ્ય હોવાથી તેની અત્રે ચર્ચા કરી નથી.)

काली - तारा - मनुं प्राप्य दीराचारं करोति न ।
शुद्रत्वं तच्छरीरे तु प्राप्तं तेन न चान्यथा ॥ १३ ॥
क्षत्रियोऽपि तथा देवि ! वैश्यश्चाण्डालतां व्रजेत् ।
शूद्रो हि शूकरत्वं च याति याति न संशयः ॥ १४ ॥
अवश्यं ब्राह्मणो नित्यं राजा वैश्यश्च शूद्रकः ।
पञ्च-तत्त्वैः भजेद् देवीं न कुर्यात् संशयं क्वचित् ॥ १५ ॥

કાલી અને તારા (દેવી)નો મંત્ર મેળવીને જે

વીરાચાર (વિરોચિત વ્યવહાર) નું પાલન નથી કરતા, તેના શરીરમાં શુદ્રતા (આળસ, દરીદ્રીપણું અને અધોગામિતા) આવી જાય છે. તેવા ક્ષત્રિયની પણ એવી જ (અવદશા) થાય છે. (તે) વૈશ્ય અને ચાણ્ડાલ (કુકર્મી) ના જેવા અને શુદ્ર (હીન-સામાન્ય આચારવાળા) ભૂંડની જેમ પાપીષ્ટ થઈ જાય છે. તેથી ચારે વર્ણે (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શુદ્રે) પાંચ તત્ત્વો (ના અર્પણ દ્વારા) દેવી માતાની પૂજા કરવી જોઈએ, તેમાં કોઈ પણ શંકા રાખવાની જરૂર નથી. (મંત્ર : ૧૩થી ૧૫)

**पञ्च-तत्त्वैः कलौ देवि ! पूजयेद यः कुलेश्वरीम्**
**तस्यासाध्यं त्रिभुवने न किञ्चिदपि विद्यते ॥ १६ ॥**
**स ब्राह्मणो वैष्णवश्च स शाक्तो गाणपोऽपि च ।**
**सौरः स परमार्थी च स एव पूर्ण - दीक्षितः ॥ १७ ॥**
**स एव धार्मिकः साधुर्ज्ञानी चैव महा - कृतिः ।**
**याज्ञिकः सर्व-कर्मार्हः सो हि देवो न चान्यथा ॥ १८ ॥**

હે દેવિ ! કળિયુગમાં કુળેશ્વરી માતાની પાંચ તત્ત્વોથી જે પૂજા કરે છે, તેના માટે ત્રણે લોકમાં કોઈ પણ પ્રકારના કરવાના કાર્ય બાકી રહેતા નથી અર્થાત સઘળાં કાર્ય સિદ્ધ થાય છે. તે જ ઉપાસક બ્રહ્મને જાણવાવાળો (બ્રહ્મજ્ઞાની), વિષ્ણુ-ભકત, શકિત-ઉપાસક, ગણેશઉપાસક, સૂર્યઉપાસક, પરમાર્થી અને પૂર્ણ દીક્ષિત (પૂર્ણાભિષિક્ત) ગણાય છે. તે જ હકીકતમાં સજ્જન, જ્ઞાની, ઘણોજ પૃણ્યાત્મા, યજ્ઞ-કરવાવાળો, બધા કર્યો કરવામાં યોગ્ય અને દેવ-સ્વરૂપ બને છે. (મંત્ર : ૧૬ થી ૧૮)

**पावनानीह तीर्थानि सर्वेषामिति सम्मतम् ।**
**तीर्थानां पावनः कौलो गिरिजे ! बहु किं वचः ॥ १९॥**
**अस्यैव जननी धन्या धन्या हि जनकादयः ।**
**धन्या ज्ञाति - कुटुम्बाश्च धन्या आलापिनो जना : ॥ २०॥**

હે ગિરિજે ! બધાયનો એવો મત છે કે તીર્થ (દેવ-ગુરુ સ્થાનો) પવિત્ર હોય છે. તે તીર્થોથી પણ અધિક 'કૌલ' સાધક (સાત્ત્વિક ઉપાસક) હોય છે તેનાથી વધારે શું કહું ? આવા 'કૌલ' ઉપાસકની માતા અને પિતા ધન્ય છે, તેની જાતિ (જન્મ) અને પરિવારના સભ્યો ધન્ય છે, તેની સાથે વાત કરવાવાળા પણ ધન્ય (ભાગ્યશાળી) છે. (મંત્ર : ૧૯ અને ૨૦)

**नृत्यन्ति पितरः सर्वे गाथां गायन्ति ते मुदा ।**
**अपि कश्चित् कुलेऽस्माकं कुल - ज्ञानी भविष्यति ॥ २१ ॥**
**तदा योग्या भविष्यामः कुलीनानां सभा - तले ।**
**समागन्तुमिति ज्ञात्वा सूत्सुकाः पितरः परे ॥ २२ ॥**
**कुलाचारस्य माहात्म्यं किं ब्रूमः परमेश्वरि !**
**पञ्च - वक्त्रेण देवेशि ! सनातन्याः फलानि च ॥ २३ ॥**

હે પરમેશ્વરિ ! અવા (કૌલ ઉપાસક) ના બધાજ પિતૃઓ ઘણા જ નાચતા ગાતા-આનંદથી કહે છે કે અમારા કુળમાં કુળજ્ઞાની (કૌલ વિદ્વાન) થશે જેના દ્વારા અમે કુલિનો (જ્ઞાની) ની સભામાં ભાગ લેવાને અધિકારી થઈશું. એ જાણીને અન્ય પિતૃઓ પણ ઉત્સુક- આનંદિત થશે. હે દેવેશિ ! (હું મારા) પાંચ મુખો વડે (આવા) કુલાચારી (કૌલ) ઉપાસકોનો મહિમા અને તેને મળતા ફળોનુ વર્ણન કરતાં થાકતો નથી. (મંત્ર : ૨૧ થી ૨૩)

(-ક્રમશ:)

★★★★

*જગતમાં જે કંઈ થાય છે એ સારા ઉદ્દેશથી જ થાય છે. અણુઓનું એકત્ર થવું અને જુદું પડવું એ જ બધી વસ્તુઓની ઉત્પત્તિ અને વિનાશનું કારણ છે. આ સંસારની રચના માટે પણ શરીરનો જન્મ અને મરણ અનિવાર્ય છે. અણચિંતવ્યા બનાવો પણ આ જ કારણે ક્યારેક જરૂરી બને છે. બધું ભગવાનને આધીન છે. અણુમાત્ર પણ એમની ઈચ્છા વિરુદ્ધ ચાલી શકતું નથી.*

(-સંકલિત.)

## PIMAGE
## [8] 'જીવનના રંગ'

....✍ : લેફ. કર્નલ શ્રી સી.સી. બક્ષી

**"SALUTATIONS TO THE REVERED GURU"**

23-4-92
Gandhinagar

Dear Parul,

Yesterday you complained that you are disturbed in your studies by the noises of TVs, Radios and people talking loudly. Then, there are the phone calls. You are right.

But you have learnt the process of Dhyana to a degree. That is enough for you, for your daily work, studies, etc. We have five senses: smell, taste, sight, touch and hearing. We get our awareness through them. The sixth source is the external vibes. But I will tell you about them later. There is a small book "Panchikaran." The principle according to the Panchikaran is that all the five tattvas are intricately interrelated and are mutually inclusive in a single symbiotic relationship. In Panchikaran, it is said that each of the five senses has a deity and each organ of perception has its "food." The idea is that normally our minds are more or less equally distributed in all the five sense organs, viz., nose, tongue, eyes, skin and ears. They receive the vibes from outside. From there, the mind takes over. In our brains we have centres, labs, to interpret and experience the vibes received by the sense organs. Let us not get into details. But the centre for vision, the optic centre is at the back of the brain; the speech centres (two) are just above the ears. Now suppose you are fully engrossed in watching your favourite movie on TV, sipping tea, and munching snacks. You will hardly notice their taste. Likewise, when you are lost in reading an interesting story, you will not even notice any one passing by nor hear your mummy calling you five times. Because most of your mind is collected, concentrated in reading, that is the optic centre. Only the minimum part of your mind is present at your audio centre, just enough to protect you. A loud noise will attract your mind and it will attend to hearing: the sound will be heard clearly and the sound vibes will be processed in your audio lab. The sound waves had reached your ears, but the requisite "quantity" of your mind was not there. I have written all these details only to explain to you the process of concentration of the mind, meditation. To your complaint, I laughingly answered that I will engage four drum beaters to beat the drums at the loudest, from morning to night. I will pay them !

Parul, **you must learn to be transparent to all such disturbances.** It is not at all difficult. Why don't you keep your mind concentrated in your reading ? Do not concern yourself with "who is talking ? What is that noise ?" Withdraw your mind from all that. That is why Beti, you are advised to learn to concentrate.

Take a few deep breaths, about ten. We have discussed about keeping your body still; sit comfortably and relax. The brain is a wonderful computer. Even the world's most versatile computer is but a toy compared to human brain. Consider your brain to be the hardware and your thoughts to be the software. Whatever you read is a special type of input. It will be recorded in your brain's memory file, cent per cent. Not only reading but all the vibes or information given by the five senses will be imprinted as a memory, for ever ! Not only human, but all animals, beasts and birds, insects, have a collective memory passed on incredibly from generation to generation, even when the body is destroyed.

The house, where I lived in Bhavnagar had a large window in my room, where I used to sit and sleep on two wooden boxes. The window was at my eye level. In the window frame, there was a hole about an inch deep to take the stopper. The compound was small. Fragrance is my weakness. There were many fragrant flowered plants : white flowered Pagoda trees, several tube-roses,

rat ranis (blossoming only at night), Jasmines, roses, etc. In that stopper hole, a wasp laid an egg; stood it on its end. Then the wasp kept up shuttle trips, bringing tiny white spiders from the padoga flowers. It stung the spiders, which went into coma. The wasp filled the hole with spiders. Then it brought droplets of latex from the bark of the pagoda tree. It bit the bark and out oozed a droplet of latax. The distance was about twelve feet. As the wasp flew to the hole, the latax coagulated. The wasp would roll the pliable latax into tiny balls and stick them round the neck of the hole and continued till the hole was sealed. Inside the hole - turned - incubator, the egg liquid also coagulated. At the appropriate time a baby wasp was born. The first requirement after birth is food. And here were juicy, sumptuous spiders. Sometime after hatching the baby wasp punctured the hole and flew away. I am sure Laxmi, the grand dame of wasps, must have instructed her daughter Kankudi to use that stopper hole as a labour room. Kankudi, in turn, must have passed this important instruction to Jamni. This is the amazing faculty which mother nature bestows on all creation. After breaking open their respective egg shells, a chick will tumble along to locate a rubbish heap and a duckling will dodder towards a pool of water.

We were talking about our brain, our minds. Our minds are not being trained. We are not aware of the immense power of the mind. I have met a couple of people who would borrow a book, and even after a year, they would say "I am reading it slowly." Our entire existence is spent in a frame of **time & space.** I do not like to give my own example, but I must tell you that it ever you get to read my book COSCON (COSMIC CONTACT) you will realise how much reading I must have done. With comprehension, you can read very fast, 900 to 1200 words in a minute and that too with comprehension and memory. My child, commuting from Gandhinagar to Ahmedabad takes an hour and a half. During the journey you can read for an hour methodically and imprint a hundred or a hundred and fifty pages in your brain forever. There are methods for training your mind; and the senses for it. I have told you enough for your immediate purpose. If we meet after your course, I will explain to you the methods of memory storage for all the five senses. You can know, not only about your present life, but also about your past lives; but for that you will have to plan property and adequentely.

Time is a continuum, so is spece, But for our convenience and for practical purposes, we have divided time and space into quantitative unite of measurements. For computers, we have a millionth of a second for a function, which means a million functions or a million operations are performed in one second. On the macro scale we have light years. Now that the satellites send back pictures and information from as far out as the Venus, even light years appear short; that table is being revised.

Properly organised mind training does not cost you a cent. The base is concentration. For decades, the text book of mind training, Patanjal Yoga Sutra has attracted me. It is a key, a science for controlling the mind. Therefore it does not discriminate on the grounds of caste or religion.

There are not many days left for your exams. 15th of May is round the corner. You better prepare by the method I have given you yesterday; give me a feedback on your progress daily. Don't bother about smoke, smell, TV, radio, phone calls, loud chatter; you have to live with them. You have to read and remember it all. You must pass with credit. As I told you, "Put it behind you," that part will be over. Do not miss *pranayamas and suryanamaskaras.* If you prepare for your exams, as I have explained, you will have ample spare time. I told you about the time and space being indivisible, it is a continuum. Therefore you can travel forward and backward on the time-axis, specially in the past. Memory is of the past. I will

not discuss this subject further now. Noise, clatter and pandemonium will always be there. You better concentrate on your studies. A dear friend and relative, Shri Gunwantbhai N. Mankad lived just behind the main vegetable market, in a narrow and noisy by-lane in Rajkot. There were many members in the family. For all the twentyfour hours, there was an unabated roar and **eatter** of traffic and shouting people. And yet he lived in the middle of it all, studied upto M.A., he maintained a first class rank all along Parul I read a Sanskrit couplet to you. Although it is imaginary. It goes thus, "the sun's chariot has only one wheel, the seven frisky horses who draw the chariot are controlled by reins of snakes. Its celestial path is uncharted. The charioteer has not feet. **And yet**, the sun does his daily rounds of the boundless skies. "The success does not depend upon the means, but upon the unshakeable resolve."

Success depends on a strong resolve, unwavering will, proper planning and hardwork.

"There **ain't** no mountain high enough."

I have a lot of faith in **pranayamas**; for the training of the mind, its control, its power, **pranayama** is the master key. The **pranayamas** that you do are quite adequate for the present. We will see about further progress later. In the congested cities like Ahmedabad, there are thickly populated slums, factories, industries and there is very heavy pollution. Do you get me, Beta ? There is no place in the entire cosmos without the primordial matter and the primordial energy, that is, *Rayi* and *Prana*. In the dingy, dark, stinking slums of Ahmedabad children are born; people live there. Animals, birds, insects also breed and grow. It proves the presence of *Rayi* and *Prana*. So ? The one who was mastered the technique of *pranayama* will secure *Prana*, *Life Force* everywhere. While writing your exam do about ten glottal (*Ujjayi*) *pranayamas*. Do not hold your breath; just relax. Whatever you have studied will appear on the screen of your mind, the inner eyes, as if you had an open book in front of you. I told you I had passed my advanced course in Cryptography and Cryptomachines. I had no machines with me to practice on. I was at the HQ 5 Corps at Udhampur in Jammu and Kashmir. We lived in tents in the middle of a thick reserve forest. Nights were totally dark. I used the 'virtual reality' technique. With my eyes closed, I used to visualize the cryptomachine and operated the machine for about two hourse every night. I went to the Military College of Telecom Engineering at MHOW for the course; I passed with credit. An officer who was very much against me was quite upset with my result. He asked me how I could pass the crypto-machine exam so well, when I had no machine to practise on ? I did not answer him.

You should develop a photographic memory. I have explained to you how to use your eyes as a camera to be operated by your mind; and study. There will be no strain. You will not have to burn the midnight oil.

I want to keep my letters short; yet this letter has run into six pages. You should digest all this. What makes me very happy is that you grasp all what I say and put it into practice; and it bears results.

Do you remember the sufi doctrine from the Tasawwoof - ki - Batein ? A Man of God, a seeker, never complains. This is difficult to adopt, but if done, you benefit immensely. Heat, cold, noise, smoke, rude bus conductor, bad neighbours, all will be there. You can't wish them away. You should never complain. The world has always been like that from times immemorial and will remain so till eternity. We should march towards the cherished goal steadfastly.

Baba is always there with you and you have all our best wishes; add to that your untiring effort. That's all you need for success.

Love
DADU

(– Contd.)



## ...ખોટો રૂપિયો...

....✍ : શ્રી રમેશભાઈ ખમાર

***"કંચન દિયા કરણને, દ્રૌપદી દિન્હા ચીર,***
***જો દિયા સો પાઈયા, ઐસા કહહિં કબીર."***

સંતશ્રી કબીરજી કહે છે, મહાભારતના સમયમાં કર્ણ મોટો દાનેશ્વરી થઈ ગયો. તે સુવર્ણનું દાન કરતો, એટલે તે દાનેશ્વરીકર્ણના નામથી પ્રખ્યાત છે. સતી દ્રૌપદીએ શ્રીકૃષ્ણને પોતાનું બહુમૂલ્ય વસ્ત્ર ફાડીને હાથની આંગળીએ પાટો બાંધ્યો હતો. આમ **જે જેવું આપે તેને તેવું મળે એવો કુદરતનો નિયમ છે.**

બાળમિત્રો, આજે આપણે ખોટા રૂપિયાની વાત કરીશું. પૈસો (રૂપિયો) એ ઘણા કામની-અગત્યની વસ્તુ છે. તેને આપીને આપણે જરૂરી વસ્તુ ખરીદ કરી શકીએ છીએ. બજારમાં જઈ પૈસા આપીએ એટલે મનગમતી વસ્તુ મળે. દરેક વસ્તુનું પોતાનું આગવું મૂલ્ય હોય છે, કોઈ વસ્તુ સસ્તી મળે છે તો કોઈ મોંઘી. જેવી વસ્તુ તેવી તેની કિંમત હોય છે. **શાકભાજી અને સોનું સરખી કિંમતે ન મળે.**

જ્યારે આપણે રૂપિયો એટલે કે પૈસા દુકાનદારને આપીએ છીએ ત્યારે તે જોઈ તપાસીને લે છે. રોકડો રૂપિયો હોય તો ખખડાવીને કે મેગ્નેટ (લોહચૂંબક) અડાડી જૂએ કે તે ખોટો તો નથી ને ? અને જો નોટ હોય તો તે ફેરવી તપાસીને જુએ અને સાચી જ છે તેની ખાતરી કરીને લે. જો ખોટી નોટ કે રૂપિયો હોય તો ન લે. કેટલાકને તો એવો અભ્યાસ હોય છે કે આંખ બંધ કરીને સિક્કો હાથમાં લે તો પણ સાચા-ખોટાની ખબર પડી જાય. કેટલાક વેપારીઓ સાચા/ખોટા સિક્કાની તપાસ માટે યંત્ર/મશીન પણ રાખે છે. જેથી દૂકાનદારને ખબર પડે કે રૂપિયો (ચલણ) ખોટો છે કે તુરતજ પાછો આપશે અને પોતાની વસ્તુ આવા ખોટા સિક્કાના બદલામાં વેચશે નહિ. હા, સીધા-સાદા કે ભલા-ભોળા માણસો છેતરાઈ જાય છે અને જ્યારે સાચી ખબર પડે ત્યારે પછતાય કે કોઈ ખોટો રૂપિયો આપી ગયો - બનાવી ગયો. કારણકે **ખોટી બાબત લાંબા સમય સુધી છૂપી રહી શકતી નથી.**

આવી જ રીતે સંસારમાં પણ સાચા રૂપિયાની જેમ લોકો સાચા હૃદયના અને ખોટા રૂપિયાની જેમ ખોટા હૃદય-દિલ-ના હોય છે. જેમકે સ્કૂલમાં એવા કેટલાક વિદ્યાર્થીઓ હોય છે જે, જેવા શિક્ષક વર્ગની બહાર ગયા કે બેધ્યાન થયા એટલે ઉત્પાત મચાવવો શરૂ કરી દે છે અને જેવા શિક્ષક વર્ગમાં આવ્યા કે ડાહ્યા ડમરા થઈ બેસી જશે અને એવો દેખાવ કરશે કે જાણે પોતે કેટલા શાંત અને સમજદાર છે. વળી જ્યારે વર્ગશિક્ષક કોઈ પ્રશ્ન કરે કે આ બાબતનો ઉત્તર જાણતા હોય તે હાથ ઊંચો કરે. આવે વખત પણ એક-બે વિદ્યાર્થી જેને ઉત્તર આવડતો ન હોય તો પણ હાથ ઊંચો કરે છે અને પોતે હોંશિયાર છે તેવો દેખાવ કરવાનો ડોળ કરે છે. પરંતુ જ્યારે તેમને ઉત્તર પૂછવામાં આવે ત્યારે પોલ ખૂલી પડી જાય છે અને મૂર્ખ ઠરે છે. બગભગત જેવા માણસો પણ ખોટા સિક્કા જેવા જ હોય છે. એક-બે વખત છેતરી જાય પરંતુ અનુભવીને તો તુરત ખબર પડે કે આ ઠગ છે. તેના મુખ તથા બોલીની છટા ઉપરથી તરતજ ઓળખી લે કે આ બનાવટ-ચીટીંગ કરે છે.

સાચા માણસને ખોટો કહીએ તો કેવું તેનું મોઢું ફરી જાય છે અને તે સાચો જ છે તેમ પુરવાર કરવા ખરા હૃદયથી પ્રયત્ન કરે છે. પરંતુ ખોટી વ્યક્તિનું મોઢું પડી જાય, વાત કરતાં ત...ત.. પ..પ.. થાય, થોથવાય. અવાજ પણ ધીમો થઈ જાય અને છોભીલો પડી જાય. તેની આંખમાં જૂઓ તો તુરતજ ખોટી વ્યક્તિ ઓળખાઈ જાય. બસ આમ જ સાચા રૂપિયાને ખખડાવીને કે જોઈ તપાસીને લેવામાં આવે છે તેમ ખોટા સિક્કાને પણ પરખવામાં આવે છે, પરીક્ષા કરવામાં આવે છે.

આપણે ખોટા રૂપિયાની જેમ બનાવટી / નકલી રૂપ ધારણ ન કરવું જોઈએ. તેથી આપણી આબરૂને ધક્કો પહોંચે છે અને ખોટા છીએ તેમ સાબિત થઈએ. **સમાજમાં ખોટાને કોઈ સ્વીકારતું નથી. માન આપતું નથી, આવકારતું નથી. આપણી બધી વાત ! ક્રિયા શુદ્ધ, પવિત્ર અને નિર્મળ હોવી જોઈએ.** જેથી બધા સાચા રૂપિયાની જેમ સ્વીકારે, સન્માને અને આદર આપે. આમ કરવાથી સમાજમાં આપણી ઉન્નતિ થાય છે અને માન-આદરને પાત્ર બનીએ છીએ.

★★★




## પિતાશ્રી હો તો આવા હો

....✍ : શ્રી મણિભાઈ આ. નાયક

જગતને માર્ગ ચીંધનારા, પિતાશ્રી હો તો આવા હો.
સંયમનું છત્ર ધરનારા, પિતાશ્રી હો તો આવા હો.
છે શિવના અંશથી પ્રગટયા, ધરાવ્યું નામ શિવગુરૂનું,
શ્રી દેવીબાને વરનારા પિતાશ્રી હો તો આવા હો.
પુરૂષને પ્રકૃતિ સાથે, સૂરજને તેજ સંગાથે,
સમન્વય બેનો કરનારા, પિતાશ્રી હો તો આવા હો.
દીધો છે મોહને ત્યાગી, વૈભવ તણા રાગી,
માયામાં મા નિરખનારા, પિતાશ્રી હો તો આવા હો.
તજી સંસારના સુખને, ત્રિપુરા મા ગણ્યાં વહાલા,
પૂરણ અભિષેક પદવાળા, પિતાશ્રી હો તો આવા હો.
તજી સત્તા પતિપદની, સ્મરણ નિજ રૂપનું થાતાં,
પત્નીમાં માને જોનારા, પિતાશ્રી હો તો આવા હો.
શ્રી દેવીબા તણા તપમાં, સદાયે સાથ છે આપ્યો,
બનાવ્યાં બાને જગદંબા, પિતાશ્રી હો તો આવા હો.

●●●

## ...દર્પણ...

....✍ : સુશ્રી નંદિનીબેન ઠાકર, નાગપુર.

જીવનના દર્પણને ભૂંસી જુઓ
ઉંમરની વધતી જતી નિશાનીઓને
કદી કદી વિસરી તો જુઓ
નાનપણની અઠખેલિઓને ફરી
સાંભરીને જરા મલકી તો જુઓ.
પા - પા પગલી ચાલતા પગને
નાની આંખોમાં સમાતું જગ જુઓ
આકાશમાં વિમાન જેવા ખગને
દરિયામાં તોફાન કરતી લહેરો જોઈ
અચરજથી ખુલી જતાં હોઠ જુઓ.
ઢીંગલીને સાસરે વળાવીને
ચોધાર આંસુએ રડી સખીને
બા-એ કીધેલી વાર્તાઓમાં
રાજકન્યાએ સહેલી વ્યથા સાંભળી
બાળમન કેટલું રડ્યું તે જુઓ.
કલ્પનાઓથી છલકાતું નાનપણ
ધુળની ઢગલીમાં ઉછરતું ને
ધધકતી લૂ - માં પણ લીલુંછમ લાગતું
વરસાદના છાંટણામાં ભીંજાતું ને
શિયાળી સાંજ સુધી કેવું રમતું'તું જુઓ.
કેટલું નાનું આપણું નાનપણ ને
કેટલું વિશાળ તેનું સાહિત્ય જુઓ
વિસ્મય પ્રેમ કોમળતા નિશ્ચળતા
ક્યાં રસ્તામાં છૂટી ગયા જુઓ
જરા ચહેરા પરનો મુખૌટો હટાવી તો જુઓ.

★★★

## શોધ

....✍ : શ્રી રતિલાલ મ. નાયક

શોધું તુજને ઓ પથદર્શક
શોધું તુજને આત્મ દર્શક
સદા સૌ કહેતા તુજને દર્શક
પણ મારે મન સઘળું નિરર્થક.
ઈચ્છા મનમાં ઈશ મળવાની
પણ કેમ કરૂં ના સમજાતું
આત્માએ કહ્યું જરૂર મળશે
લગની આતમની જરૂર ફળશે.
એક દી દીઠા એ ચરણસરોજ
આત્માએ જોઈ મૂકી દોટ
સાષ્ટાંગ કર્યા શરણ લીધું
સત્સંગનું મીઠું અમૃત પીધું.

મૂકી મસ્તકે હાથ સૂચન કીધું
સુકર્મોથી અનુષ્ઠાન કીધું,
આપે જે કહ્યું જીવનમાં વણ્યું
બસ મન તારા ચરણોમાં ઝૂક્યું.
નહોતું જોયું એ બી માં શું હતું.
પણ છોડ થયો ને ફુલ ખિલ્યું
આતમ ગોખે અજવાળું થયું
પ્રત્યક્ષ તને મળવાનું થયું.
હે પથદર્શક પથ પૂરો થયો
તુજને પામી હું ધન્ય બન્યો.
સદ્‌ગુરૂ તમેજ છો પરમાત્મા
સાર્થક આ જીવન તવ ચરણે.

★★★

## ચાચરમાં સમારંભ ('માઈ કલાપી')

....✍ : પ્રસ્તુતિ - કુ. કનીનિકા જાની

(ભજન - રાગ : કેદાર)

મંગળ વરતે (૨) મંગળ વરસે આજ મારાં અંતરમાં
જય જય અંબે (૩) જ્યોત જાગી અંતરમા ....મંગલ.
જીવનની વેલ કેવી ભજનોમાં ભીંજતી
અમૃતની હેલ કેવી અંબે 'મા' સિંચતી
'મા'ના કલાપી ભભકે...આજ 'મા'ની સુગંધમાં... મંગલ.
હૈયાંની કુંજ કેવી ભજનોમાં ખિલતી
પ્રેમ પ્રભાપુંજ માત હૈયામાં હિંચતી
'મા'ના કલાપી ચમકે... આજ 'મા'ની ચમકમાં ... મંગલ.
નવરાત્રી રાસરમણ ગુંથું ગ્રન્થાવલિ
પ્યાસી પિપાસુ પ્રેમી માટે ફુલછાબડી
'મા'ના કલાપી ટહુકે... આજ 'મા'ના અનાન્દમાં ... મંગલ.

★★★

## સંસ્થા સમાચાર...

....✍ : શ્રી ખોડીદાસ શીવલાલ નાયક

★ અષાઢી નવરાત્રનો તા. ૧૪-૭-૯૯ને બુધવારના રોજ (શ્રી મહાલક્ષ્મી નવરાત્ર) પ્રારંભ થયો. તે દિવસે ઝવેરા સ્થાપન કર્યા અને શ્રી કિરીટભાઈનો જન્મ દિવસોત્સવ હોઈ શ્રી મહાત્રિપુરસુંદરીનું પાત્રાસાધન પૂજન તથા અન્નકુટ દર્શન શ્રી ગુરુમંડળના શુભાશીષથી અને દીક્ષિત ભક્ત મંડળની ઉપસ્થિતિમાં સારી રીતે સંપન્ન કર્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી નંદકિશોરભાઈની પ્રેરણાથી તેમના શીષ્યની યથાયોગ્ય સેવાથી તૈયાર થયેલ આપણી પરંપરા (સપર્યા પદ્ધતિ પૂજન ભાગ-૨)માં આવતા શ્રીવિદ્યા, આદ્યા, ભુવનેશ્વરી અને બગલામુખી તેમજ પૂજ્ય દાદાજીના પુત્ર શ્રી વાસુદેવભાઈના પૂણ્ય સંકલ્પની પરિપૂર્તિરૂપ તેમનું પુસ્તક શ્રી વિદ્યાર્ચન ચંદ્રિકા પ્રસિદ્ધ કરેલા તેનું શ્રી નંદકિશોરભાઈએ વિતરણ કર્યું.

★ અષાઢ માસની સુદ અષ્ટમી તા. ૨૦-૭-૯૯ને મંગળવારના રોજ નવરાત્રિને શ્રી મહાત્રિપુર સુંદરીનું પાત્રાસાદન પૂજન ભક્ત મંડળના સમૂહ સાથે શ્રી લલિતાસહસ્રનામોથી અક્ષત અર્પણ સાથે સંપન્ન કર્યુ અને અષાઢ સુદ ૧૦ને ગુરૂવારના દિને શ્રી મહાત્રિપુરસુંદરી તથા શ્રી ગુરુદેવના ભજનકિર્તન સાથે ઝવેરાની ઉદ્યાપન વિધિ સંપન્ન કરી. પૂજ્ય બા એ બધાને ઝવેરાનો પ્રસાદ શ્રી માતાજીની પ્રસાદી તરીકે આપ્યો.

★ અષાઢ સુદ ૧૩ને સોમવાર તા. ૨૬-૭-૯૯ના રોજ દર વર્ષની ઉજવણીની જેમ પૂ. શ્રીબાનું ગુરુપૂર્ણિમા નિમિત્તે સર્વે દીક્ષિત ઉપાસકોએ સારી રીતે પૂજન કર્યુ. આ દરમિયાન મહાયાગાંગ પૂજન એટલે કે શ્રી મહાગણપતિ, બટુકભૈરવ, બાલાત્રિપુર સુંદરી, દુર્ગામ્બા અને મહાત્રિપુરસુંદરીના પાત્રસાદન પૂજન સંપન્ન થયા અને અષાઢ સુદ ૧૫ (ગુરૂપૂર્ણિમા)ને બુધવારના દિવસે પૂજ્ય બા એ તેમના પૂજ્ય ગુરુદેવશ્રી

દેવશંકરભાઈ શાસ્ત્રીજીનું સાણંદ મુકામે ષોડશોપચાર પૂજન કર્યું અને તેમના નિયમ પ્રમાણે પૂર્ણિમાનું પાત્રસાદન પૂજન કડી તેમજ સાણંદ મુકામે સંપન્ન કર્યું.

★ અષાઢ વદ ૫ને સોમવાર તા. ૨-૮-૯૯ના દિવસે દરવર્ષની ઉજવણીની જેમ ચતુર્વિધ એટલે કે બીલીપત્ર, ગુલાબની પાંદડી, કમળ દળ તથા જૂઈના પુષ્પથી શ્રી લલિતાસહસ્ર નામોચ્ચારથી શ્રી મહાત્રિપુરસુંદરીના ચાર પાત્રસાદન પૂજનાન્તર્ગત આવરણ પૂજન બાદ પંચદશી અને શ્રી વિદ્યા - ષોડશી મંત્રના દીક્ષિત ઉપાસકો દ્વારા લક્ષાર્ચન પૂજન સંપન્ન કર્યા. પૂજ્ય બા એ પૂજનમાં બેઠેલા દીક્ષિત ઉપાસકો તેમજ સેવા આપનાર ઉપાસકોનો યથાયોગ્ય સત્કાર કર્યો અને સર્વેએ આનંદથી પ્રસાદ લીધો.

★ અષાઢ વદ ૮ને ગુરૂવાર તા. ૫-૯-૯૯ના દિવસે પૂજ્ય બાએ તથા દીક્ષિત ભાઈ-બહેનોએ પોતાના શ્રી યંત્રરાજ (માતાજી) મહાત્રિપુરસુંદરીનું પાત્રાસાદન પૂજન પંચદશપ્રકાર સાથે સંપન્ન કર્યું.

★ અષાઢ વદ ૦))(અમાસ)ને બુધવાર તા. ૧૧-૮-૯૯ના દિવસે ખગ્રાસ સૂર્યગ્રહણ હોઈ એ દિવસે દીક્ષિત ઉપાસક ભાઈ-બહેનોએ શ્રીરાજરાજેશ્વરી પીઠમ્‌માં બપોરે બે વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી (ગૃહણ સમય દરમિયાન) તેમને પ્રાપ્ત થયેલ ઈષ્ટમંત્રના પૂજ્ય બાના સાન્નિધ્યમાં જાપ કર્યા અને ગૃહણ મુક્તિબાદ સ્નાનાદિ કાર્યોથી પરવારી શ્રી મહાત્રિપુરસુંદરી માતાજીની આરતી - મંત્રજાપ આદી કરી પ્રસાદ લીધો.

★ પવિત્ર શ્રાવણ માસના શુભારંભથી શ્રી રાજરાજેશ્વરી પીઠમ્‌માં દીક્ષિત તેમજ નવીન આગંતુક ઉપાસકોએ ઉપાસનામાં આગળ વધવા યથાક્રમાનુસાર મંત્રો પૂજ્ય બા પાસેથી ગ્રહણ કર્યા અને આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાન ચાલુ કર્યો. સાંજની સભા દરમિયાન દરરોજ શીવપુરાણના વાચનનો લાભ લીધો અને આ માસમાં દર સોમવારે પીઠમ્‌માં દીક્ષિત ઉપાસકોએ સમૂહમાં પોતાના શિવલિંગ પર પંચોપચાર પૂજન કરી શિવમહિમ્નસ્તોત્ર પાઠથી અભિષેક સંપન્ન કર્યા. આ માસના પ્રથમદીને પૂજ્ય બાએ મનીપુર (કડી) યવતેશ્વર મહાદેવનું ષોડશોપચાર પૂજન સવિધિ સંપન્ન કર્યું.

★ શ્રાવણ સુદ પૂર્ણિમા (બળેવ) તા. ૨૬-૮-૯૯ના દિવસે પીઠમ્‌માં શ્રી મહાત્રિપુરસુંદરીનું પાત્રાસાદન પૂજન સંપન્ન થયું અને શ્રાવણ વદ ૩ને રવિવાર તા. ૨૯-૮-૯૯ના દિવસે ઊંડીફળી (કડી), ત્રિવેદી બિલ્ડીંગ નવેસરથી તૈયાર કરાવેલ મકાનમાં બાલમંદિરના શુભારંભ પૂર્વે શિવભગવાનનો લઘુરુદ્ર તથા હોમાદિ પૂજનવિધિ સંપન્ન કરી. શ્રાવણ વદ પંચમી (નાગપાંચમ)ના દિવસે પૂજ્ય બાપુજીના જન્મદિવસે આ નવા મકાનમાં બાલમંદિરના નાનાં નાનાં ભૂલકાંઓને (વિદ્યાર્થી બાળકોને) આમંત્રી ભોજન કરાવ્યું અને શ્રીરાજરાજેશ્વરી પીઠમ્‌માં પૂજ્ય બાએ શ્રી મહાત્રિપુરસુંદરીનું પાત્રાસાદન પૂજન-પંચદશપ્રકાર પૂજન સહિત અન્ય દીક્ષિત દશ ઉપાસકોએ પોતાના શ્રીયંત્રરાજ ઉપર પૂજન સંપન્ન કર્યાં અને સર્વે ઉપાસકોએ ઘણાજ આનંદથી પૂજ્ય બાપુજીના જન્મદિવસની ઉજવણી કરી. પૂ.બા.બાપુજીના સારા આરોગ્ય અને આયુષ્ય માટે શ્રી દેવી-અથર્વશીર્ષના પાઠથી તેમના માટે મંગલકામના કરી.

★ શ્રાવણ વદ અષ્ટમી (જન્માષ્ટમી) શુક્રવાર તા. ૪-૯-૯૯ના દિવસે ઊંડીફળી (કડી) નવા ત્રિવેદી બિલ્ડીંગમાં પૂજ્ય બા એ તથા અન્ય દીક્ષિત ઉપાસકોએ મહાયાગાંગ પૂજનાંર્તગત શ્રી મહાગણપતિ પૂજન-૪, શ્રી મહાત્રિપુરસુંદરી પૂજન-૪, શ્રી બટુકભૈરવ પૂજન-૪, શ્રી બાલાત્રિપુરસુંદરી પૂજન-૪ અને શ્રી દુર્ગામ્બા પૂજન-૫ એમ કુલ ૨૧ પાત્રાસાદન પૂજન નવા સ્થળે (મકાનમાં) શુભપ્રવેશ અન્વયે સંપન્ન કર્યા અને શ્રીરાજરાજેશ્વરે પીઠમ્‌માં શ્રીકૃષ્ણ-જન્મોત્સવ રાત્રે ધામધૂમથી ઉલ્લાસપૂર્વક ઉજવ્યો.

• • •

**શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના અંકની સૂચના**

**દરેક લેખ/રચના લેખકની વ્યક્તિગત જવાબદારી છે. જેની સાથે સંસ્થા/સંપાદકમંડળ સંમત છે તેવું માનવું નહિ.**

**– તંત્રી**

# ગોરખ – બાની
## (૩)

**શ્રી ચંદ્ર આગત્સ્યાયન**

इहां ही आछै इहां ही अलोप ।
इहां ही रचिलै तीनि त्रिलोक ।
आछै संगै रहै जूवा ।
ता कारणि अनंत सिधा जोगेश्वर हूवा ॥३॥

ક્ષય ન પામે તેવા પરબ્રહ્મ અહીં એટલે કે સહસ્રાર કે બ્રહ્મરંધ્ર (શૂન્ય)માં જ છે. ત્રણે લોકની રચના અહીંથી થઈ છે. બ્રહ્મનું વ્યકત સ્વરૂપ જ આ બ્રહ્માંડ છે. બ્રહ્મરંધ્રરૂપ કેન્દ્રમાંથી જ તેણે (બ્રહ્મે) પોતાનો આવિર્ભાવ વ્યકત કર્યો છે. એવા જે અક્ષય પરબ્રહ્મ આપણી સાથે રહે છે. તેને કારણે જ (તે પરબ્રહ્મને પ્રાપ્ત કરવા જ) અસંખ્ય સિદ્ધ (પુરુષો) યોગ માર્ગમાં પ્રવેશ કરીને યોગેશ્વર બની જાય છે.

ગુરુ ગોરખનાથજી પોતાની શબદી (ગોરખવાણી)માં અલોપ ગુપ્ત–શબ્દને સમજાવતાં કહે છે કે પરબ્રહ્મ જે દેખી શકાય તેવું નથી–અવ્યકત–અદૃશ્ય–છે તેને સાદી ભાષામાં લોપ થયો, અદૃશ્ય થવું એમ કહેવાય છે. પરંતુ લોકવાણીમાં એમ જ લોપ શબ્દની આગળ 'અ' મૂકાઈ ગયો છે અને તેથી 'અલોપ' એવો શબ્દ પ્રયોગ થયો છે.

આ પરબ્રહ્મ ગુરુસ્થાન બ્રહ્મરંધ્ર છે ત્યાં વસે છે. તેમનું પ્રાકટ્ય ત્યાં થાય છે. ગુરુકૃપા વડે બ્રહ્મ અંગેની સંવેદના દીક્ષિત ઉપાસકને પ્રાપ્ત થાય છે. અસ્તુ.

[ – ક્રમશઃ